૬૨૨૭

પતિ પત્નિના ધર્મ.

લખનાર

તથા

પ્રગટ કરનાર

આયુર્વેદી. મહાશંકરવિ. લલ્લુ-
ભાઈ, ભટ્ટ. (સોખડાવાળા.)
સુબોધ સૂર્યોદય ઑફીસ અને
વ્યાધિ વિદારણ ઔષધાલય.
સાવલી—સ્ટેટ. વડોદરા.

પ્રથમાવૃતિ

સંવત. ૧૯૫૨ સને ૧૮૯૬

પેટલાદ " પારસમણી " પ્રેસ.

અને

અમદાવાદ " ગુજરાત ગેઝેટ " પ્રેસ.

અર્પણ પત્રિકા.

નામદાર સાહેબો!

૧ નેકનામદાર મદારૂલ મહામ વઝીર
સાહેબ શ્રી શેખ બહાઉદ્દીનભાઈ-
જુનાગઢ.

૨ ને. ના. ખા. બ. સાલમહિન્દી-
મિન સાલહિન્દી. જુનાગઢ.

૩ નામદાર મહારાજાશ્રી મોતીસિં-
હજી છોટાઉદેપુર

૪ ને. નેકનામ શ્રી મહારાણા જ-
ગતસિંહજી સાહેબ. મગનપુર

૫ ને. ઠા. સા. શ્રી સુરસિંહજી કાળુ-
રાજબાપુ. કોઠારીઆ.

૬ ને. સાહેબ નવાબ શ્રી સુલતાન બ-
હાદરખાનજી સાહેબ. જુનાગઢ.

૭ રા. ઉત્તમરામ જેઠાભાઈકામદાર. જેતપુર.

૮ મે. કુ. સા શ્રી રાયધણજીસાહેબ. તેરા.

૯ મે. રાઓળશ્રી હરિસિંહજી રૂપ-સિંહજી વરળ દરબાર.

૧૦ મે. માંગરોળના દરબાર સાહેબ

૧૧ મે. ખાચરશ્રી આલાચેલા. જ-સદન

૧૨ મે. બજાણાસ્ટેટના દરબારસા-હેબ.

૧૩ મે. કુ. શ્રી. ગીગાવાળા સાહેબ બગસરા.

૧૪ મે. લાઠીના દરબાર સાહેબ બ હાદૂર

૧૫ મે. જેતપુર ભાગદારવાળા વા-

ગોર વ[illegible]મા

૧૬ મે. ઠા. સા શ્રી મોડજી. મા-
લિઆ.

૧૭ મે. વડિયાના દરબારસાહેબ
બહાદુર.

૧૮ મે. મિયાંશ્રી અભેસિહજી પુના-દરા

૧૯ મે ઠેકાઈ શ્રી રૂદરજી ખડુભાઈ
મહુ[illegible]

૨૦ શેઠ ગજસિંહજી રૂસ્તમજી મુબાઇ.

૨૧ મે. બાંડર મજી કુંવરજી દોલાબાળા
ધાર

૨૨ મે. નવાબસાહેબ શ્રી મનોવરખા-
નજી વાડાસીનોર.

૨૩ ઠાકુ સા શ્રી અજીતસિંહજી ધ્રાં-
ગધરા.

૨૪ મે કુ. શ્રી દેકુબા સાહેબ આમરણ

૨૫ મે. કુ. શ્રી ટબુભાઇ આસાવાળા. બિલખા.

૨૬ મે રાણા શ્રી કસળસિંહજી. ચુ-
દીઆળા.

૨૭ મે. રાઓળ શ્રી અમેરાજજી લા-
ખણુકા.

૨૮ મે. કુ. સા શ્રી અખૂભ સાહેબ આ-
મરણ.

૨૯ મે. કુ. સા. શ્રી હરિભાસાહેબ. આ-
મરણ.

૩૦ મે કુ. સા. શ્રી સુરસિંહજી સા
હેબ મોણપુર

૩૧ મે. કુ. સા. શ્રી નારસિંહજી મેગણી

૩૨ મે. ઠા. સા. શ્રી દાદાભાઇસાહેબ.
ઘોડાસર.

૩૩ રા. રા. જગજીવનદાસ જીવણદાસ
જેસલમિર.

૩૪ મે. દરબારસાહેબ શ્રી હરિસિંહજી લોધિકા.
૩૫ મે. દેસાઈ શ્રી અંબાઇદાસ જીવાભાઇ વસો.
૩૬ મે. વગુદના દરબાર સાહેબ.
૩૭ મે. ખીરસરાના દરબાર સાહેબ.
૩૮ મે. ઠા. સા શ્રી માનસિંહજી રૂપાલ
૩૯ મે. કુ. સા. શ્રી ગોવિંદસિંહજી. ધ્રાંગધ્રા.
૪૦ મે. કુ. સા. શ્રી વજેસિંહજી ધ્રાંગધ્રા.
૪૧ શેઠ. દેવકરણ નાનજી પોરબંદર.

વગેરે, વગેરે.

નામદાર સાહેબો! આપ હમેશાં સંસાર–આર્ય સંસાર સુધારામાં આગળ પડતો ભાગ લેવામાં ખંતથી તન, મન,

અને ધનથી આશ્રય આપોછો. તેથી આપનાં મુબારક નામ આ આર્ય સં- સાર સુધારક પુસ્તકની ચોથી આવૃત્તિ માં જોડી દેવાની આજ્ઞા લઉંછું.

લી.

મુ. સાવલી સ્ટેટ. વડોદરા ગૂજરાત સંવત. ૧૯૫૨ ની હુતાશની. તા. ૨૮મી ફેબ્રુ- આરી સને ૧૮૯૬ શુક્રવાર	આયુર્વેદી. મહાશંકરલલ્લુ- ભાઈ ભટ્ટ. સુબોધ સૂર્યોદય ઓફીસ. અને. વ્યાધિ વિદારણ ઔષધાલય. ના માલિક.

પ્રસ્તાવના.

આજ કાલ બાળલગ્ન અને કજોડાંને લીધે ઘેર ઘેર સ્ત્રી પુરૂષોમાં કલહ કંકાસ જોવામાં આવે છે. ભાગ્યેજ આખા ગૂજરાતમાં સેંકડે દશ ઘરમાં સ્ત્રી પુરૂષો સંપૂર્ણ સંપથી અને સલાહ શાન્તિથી પોતાની ખરેખરી ફરજને અદા કરતાં હશે. સંસારમાં અનેક પ્રકારનાં દુઃખો આવી પડે છે; પરંતુ સ્ત્રી પુરૂષ વચ્ચે અણબનાવ રહેવો એ સૌથી મોટું દુઃખ ગણાય છે. સ્ત્રી પુરૂષને પરસ્પરે અણબનાવને લીધે કુસંપથી કજીઆ કંકાસના ભોગ થઇ પડવા જેવું બીજું દુઃખ કયું ? કોઇજ નહિ. એ દુઃખની તો સીમાજ નથી; જે અનુભવી હોય તેજ એવા દુઃખની ગણના ગણી શકે છે. જે સ્ત્રી પુરૂષમાં—દંપત્તિમાં અણબનાવ અને કંકાસ હોય છે તે જોડું કદિ પણ સુખી થઇ શકતુ નથી આવાં જોડાંથી જોડાવું તેના કરતાં તો બેહેતર છે કે આખી જીંદગી કુંવારા

વસ્થામાંજ ગાળવી—આખી જીંદગી લગ્ન ક-
ર્યા સિવાય કુંવારાં રહેવું એજ ઉત્તમ ગણા-
ય; પરંતુ પરણ્યા પછી દંપત્તિએ—સ્ત્રી અને
પુરૂષે માંહો માંહે આડકતરી તથા નુકશાનકા-
રક ચાલ ચલાવવી એના જેવી દુ:ખકારક અ-
ને સંતાપની બીજી કઇ વાત? એક પણ ન-
હિ. સંસારમાં ભિન્ન ભિન્ન સંયોગોને લીધે
મનુષ્યો ઉપર ભિન્ન ભિન્ન દુ:ખો આવી પડેછે
તોપણ સ્ત્રી પુરૂષ—દંપત્તિ વચ્ચે ખરો પ્યાર
અને હેત હોય તો બીજાં દુ:ખોની લાગણી
જરા પણ થતી નથી–ને દુ:ખો સહજ વિસ-
રી જવાય છે—તે દુ:ખ ઝાઝું લાગતુ નથી–દં-
પત્તી વચ્ચેના માંહોમાંહેના પ્યારમાં એ દુ:ખો
ઓછાં લાગવાનાંજ. જે દંપત્તી—સ્ત્રી પુરૂષ
વચ્ચે અરસ પરસ—માંહોમાંહે ખરો પ્યાર
નથી તેવા જોડા ઉપર કદિ કાંઇ દુ:ખ આવી
પડયું તો તે તેને ઘણુંજ મોટું અને નહિ ખ-
મી શકાય એવુ લાગવાનું; માટે એ ઘણી અ-

ગત્યની વાત છે કે સ્ત્રી પુરૂષે—દંપત્તીએ માંહોમાંહે ખરો પ્યાર મેળવવા તજવીજ કરવી. ખરા પ્યારની સાથે બીજી પણ ઘણી બાબતો ધ્યાનમાં રાખવાની જરૂર છે; જો તે બાબતો ઉપર પુરતું ધ્યાન આપવામાં ન આવે તો ગમે તેટલો પ્યાર અને હેત છતાં પણ કોઇ વખતે અણબનાવ થવાનો સંભવ રહે છે અને તેથી આખરે દુઃખકારક માઠાં પરિણામ નીપજે છે. માટે દરેક સ્ત્રી અને દરેક પુરૂષે પોતાનો સંસાર સુખ રૂપ ચલાવવાને પોતાની ફરજોથી પુર્ણ વાકેફ થવાની જરૂર છે.

આ સંબંધી એક નાનકડું પુસ્તક બહાર પાડવાનો મારો લાંબી મુદતથી વિચાર હતો, પરંતુ કેટલાક સંસારી કાર્યોમાંથી ફારક નહિ થઇ શકવાથી તે મુરાદ હાંસલ થઈ નહોતી; છેવટે મારા તરફથી સને ૧૮૯૪ની સાલથી “ **સુબોધ સુર્યોદય અને સમાચાર સ-**

સુહ " નામનું એક માસિક ચોપાનીયું નીકળવું શરૂ થયું. અને તેમાં મારા હાથથીજ આ સબંધી મારા વિચારો મે "**દંપત્તિ ધર્મ**" એ મથાળા નીચે લખવાને શરૂ કીધા આઠ દશ માસ સુધી ચોપાનીયું નિયમિત ચાલ્યુ અને તે પછી મારી માંદગીના સબબથી તે ચોપાનિયાના વિષયો મારે પોતાને હાથેજ લખાતા હોવાથી તે વિઘ્નમાં આવી પડ્યું અને તેને બંધ કરવું પડ્યું ત્રણ માસ જેટલી મુદત માંદગી ભોગવ્યા બાદ જ્યારે હું તંદુરસ્ત સ્થિતિમાં આવ્યો ત્યારે મને **આયુર્વેદ-વૈદકશાસ્ત્ર** સંબંધી મેળવેલા **અપૂર્ણ** જ્ઞાનને સંપૂર્ણ કરવાની ખાસ જરૂર જણાઈ અને તેથી કરીને તે જ્ઞાન ઉત્તમ પ્રતિનું મેળવતા સુધી તે ચોપાનીયું બંધ રાખવાની જરૂર જણાઈ જેથી ચોપાનીયું આજદિન પર્યંત બંધ રહ્યું; ચોપાનિયું બંધ રહેવાની સાથેજ તેની માંહી લખાતો આ "**દંપતી ધર્મ**" પણ બંધ

રહ્યો. હાલમાં મારા મનમાં આવ્યું કે ચોપાનિયામાં આ વિષય છૂટક છૂટક લખવાથી ફક્ત તેના જે ગ્રાહકો હશે તેમાંથી ઘણા ભાગે પુરૂષોજ વાંચી શકશે; વળી તે પ્રથક પ્રથક હોવાને લીધે દરેક મનુષ્યના મનમાં સજ્જડ છાપ પડી શકશે નહિ માટે જો તેને પુસ્તકના આકારમાં બહાર પાડવામાં આવે તો દરેક કુટુંબ તેનો લાભ લઇ શકે એટલુંજ નહિ પણ તેને નાનકડા—પૉકીટ—કદમાં સુશોભિત આકારમાં બહાર પાડ્યું હોય તો તે પુસ્તક દરેક સ્ત્રી પુરૂષને એક નિત્ય કર્મની નોંધમાં નોંધી મનન કરવા યોગ્ય થઇ પડે ખરૂં-મારા આ મત—વિચારને મારા કેટલાક વિદ્વાન મિત્રો તરફથી પુષ્ટિ મળતાં મેં તેને પુસ્તકના આકારમાં છપાવીને બહાર પાડવાના વિચારથી તેનાં પ્રસિદ્ધ પત્ર ફેલાવવાનો વિચાર કીધો; પરંતુ આજકાલ હેન્ડબિલોના ઢગલે

ઢગલા નીકળે છે તેથી તેની ગણત્રીમાં આ ઉમદા પુસ્તકનું હેન્ડબીલ પણ ચિંથરીયા થઇ પડશે. એવી ધારણાથી તેમ નહિ કરતાં છુટક છુટક કાગળો લખી કેટલાક સદ્‌ગૃહસ્થોને આ પુસ્તકના ગ્રાહક થવા ભલામણ કરી જે ઉપરથી તેનાં સારાં ગ્રાહકો ભરાઈ આવવા લાગ્યાં તે ઉપરથી ખાત્રી થઇ કે જો આ પુસ્તકને છપાવી પ્રસિદ્ધ કરવામાં આવશે તો તેની સંખ્યાબંધ પ્રતો જાહેરમાં ફેલાઈ દરેક કુટુંબ તેનો લાભ લેશે. એમ ધારીને આ નાનકડું—લઘુ પુસ્તક મેં મારી મતિ અનુસાર બહાર પાડ્યું છે.

આ પુસ્તકમાં પ્રથમ "**પત્નિના પતિ પ્રત્યેના ધર્મ**" આપી પછીથી સ્ત્રીઓના સામાન્ય ધર્મો ટુંકામાં લખ્યા છે. સામાન્ય ધર્મોમાં, સ્ત્રીએ આ સંસારમાં કેવી રીતે વર્ત્તવુ તે. એટલેઃ— (૧) પોતાના શરીર સંબંધી ફરજો, (૨) સગાં વહાલાં પ્રત્યેની ફરજો,

(૩) ચાકરો પ્રત્યેની ફરજો, (૪) ગૃહવ્યવસ્થા; (૫) ગર્ભાવસ્થામાં રાખવાની સંભાળ; (૬) બાળકને ઉછેરવાની રીત; (૭) બાળકનુ શિક્ષણ, અને (૮) બાળકોનાં લગ્ન સંબંધી સંભાળ એટલા વિષય સંબંધી લખવામાં આવ્યું છે. પાંચમા, છઠ્ઠા સાતમા અને આઠમા વિષયો જરા વધારે અગત્યના હોવાથી તેના ઉપર આ પુસ્તકના પ્રમાણમાં જરા વધારે લખવામાં આવ્યું છે તેમજ પાંચમા અને છઠ્ઠા વિષયમાં મારા **આયુર્વેદ—વૈદ્યકશાસ્ત્ર**ના જ્ઞાન અને અનુભવ પ્રમાણે કેટલીક ઘણી જુજ પણ ખાસ ઉપયોગી બાબતોનો સમાવેશ કીધો છે જે ઉપયોગી થઇ પડ્યા વગર રહેશે નહિ. આ પછી પતિની પત્નિ પ્રત્યેની ફરજો ટુંકામાં જણાવી આ લઘુ—નાનકડું પુસ્તક સંપૂર્ણ કીધું છે.

આ પુસ્તક ઘણી સ્ત્રીઓ તથા સાધારણ ભણેલા પુરૂષો વાંચી અને સમજી શકે

માટે તેની ભાષા જેમ બને તેમ ઘણીજ સહેલી અને સાદી વાપરવાને યત્ન કર્યો છે. જેવી રીતે આ પુસ્તકનો વિષય ઉત્તમ છે તેવીજ રીતે તેને ઉપરથી પણ સરસ રીતે શણુગારવાને લક્ષ આપ્યું છે. પુસ્તક દૂર છપાતું હોવાથી તેનાં પ્રુફ સુધારવામાં કાળજી રાખ્યા છતાં પણ તેમાં કોઇ કોઈ સ્થળે ચૂકો રહેલી છે તે સુધારીને વાંચવાને તથા શુદ્ધિ પત્રક ઉપર ધ્યાન આપવાને અમે આ પુસ્તકના વાંચનારને ખાસ ભલામણ કરીએછીએ.

આ પુસ્તકના અગાઉથી ગ્રાહક થઈ જે જે સદ્‍ગૃહસ્થોએ આશ્રય આપેલો છે તે તે સદ્‍ગૃહસ્થોનો અંતઃકરણ પૂર્વક આભાર માનું છું.

આ પુસ્તક વાંચી દંપત્તી—સ્ત્રી પુરૂષો અરસ્પરસ પ્રીતિ અને પ્રેમથી વર્ત્તી પોતાનો સંસાર ઉત્તમ રીતિએ નિભાવતાં થાય એજ મારી અંતઃકરણની આશિષ છે. અને તે

પ્રમાણે થાય તો હું મારા યત્નમાં ફત્તેહ પામ્યો સમજીશ.

લી.

આયુર્વેદી.

મહાસંકર વિ. લલ્લુભાઈ, ભટ્ટ.

સુબોધ સૂર્યોદય ઑફિસ-

અને

વ્યાધી વિદારણ ઔષધાલય.

મુ. સાવલી—સ્ટેટ વડોદરા.

ગૂજરાત.

અનુક્રમણિકા.

શુદ્ધિ પત્રક.

પૃષ્ઠ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૩૩	૭	પદ્દિ	પદ્ધિ
૩૪	૨	આર્યો ના	આર્યોના
૩૭	૧૧	જે	૦
૩૯	૧૩	લક્ષમણ	લક્ષમણ
૪૦	૫	સ્ત્રા	સ્ત્રી
४०	११	वद्धया	वृद्धया
૪૦	૧૧	વ્રદ્ધ	વૃદ્ધ
૪૪	૬	જાય	જાયે
૪૬	૭	મહાશકર	મહાશંકર
૪૬	૧૩	સાહિત્યે	સાહિત્યો
૪૯	૧૨	તેનાથ	તેનાથી
૪૯	૧૮	પતીથી	પતિથી
૫૨	૩	ઠોંગ	ઢોંગ
૫૨	૭	અબળાઓના	અબળાઓને

૫૩	૨	એપેલા	આપેલા
૫૫	૩	મત્તથી	મતથી
૫૬	૧૩	દૂરાચરણુ	દૂરાચરણ
૭૨	૧૦	सवत्र	सर्वत्र
૭૬	૧૭	कुरुवृत्तो	कुवृत्तो
૭૬	૧૨	સ્થિતિને	સ્થિતિનો
૮૧	૧૨	પોતાતા	પોતાના
૮૭	૧૦	પટે	પડે
૮૯	૧૧	હશે	હોય
૯૨	૧૨	ફૂવડ	ફૂવડ
૧૦૮	૩	આલ્હાહ	આલ્હાદ
૧૨૫	૫	ઘાણેજ	ઘણોજ
૧૩૩	૧૦	બીજાન	બીજાના
૧૩૫	૩	તેમના તેવા પ્રશ્ન પૂછતાં અટકાવવી	૦
૧૫૨	૧૭	થશે?	થશો?
૧૫૮	૧૫	હેવાનું	કહેવાનું

૧૫૮	૧૮	હિ–	હિં–
૧૬૦	૪	થાયછે	થયાછે
૧૬૦	૫	એકલવાએલ.	અકેળવાએલ

ગીતિ છંદ

સલાહ કામમાં મંત્રિ, દાસી તુલ્યે સેવા કરવામાં;
ભોજનવખતેજાણે, જનુની જેવી પ્રીતી ધરવામાં. ૧
સયન સુખમહી રંભા, ધર્મ કાર્યમાં અનુકુલ રે'નારી;
પતિનામતનેમળતી,સુખદુ:ખનેપણસહનકરનારી. ૨
ક્ષમાએ મહાશંકર, જાણે બીજી પૃથ્વીના જેવી;
પતિની સાથે વર્તે, તે નારીને પતિવૃત્તા કહેવી. ૩

(જૂઓ પૃષ્ટ, ૮૨)

पीत प्रिय हित्ते युक्ता स्वाचारा संयतेन्द्रिया ।
इह कीर्त्ति मवा प्नाति प्रेत्यचानु पमं सुखं
संतुष्टो भार्यया भर्त्ता भर्त्ता भार्य्या तं थैवच्च. ॥
यस्मि न्नेव कुले नित्यं कल्याणं तत्र वैध्रुवं ॥ १ ॥

અર્થ:— જે પત્નિ પતિના પ્રિય અને હિતકાર્યમાં મચેલી રહેછે. સદાચા- રી અને સંયતેન્દ્રિય થાયછે તેને આ લોકમાં (ઉજ્વળ) કીર્ત્તિ, અને પરલોકમાં અનુપમ સુખ મળેછે. જે કૂળ- માં પતિ પત્નિથી અને પત્નિ પતિથી નિત્ય સંતોષિત રહેછે કૂળમાં સદા-નિત્ય કલ્યાણનો વાસ છે.

અમારી "વ્યાધી વિદારણ" ઓ-ષધાલયમાં મળતી દરેક વ્યાધિ ઉપરની ઉત્તમ ઔષધિનો દરેક દરદીને એક વખત અનુભવ ક-રવાને ખાસ ભલામણ કરીએછી-એ.

મુ. સાવલી
સ્ટેટ વડોદરા-
ગૂજરાત.

આયુર્વેદી.
મહાશંકર વિ
લલ્લુભાઈ,ભટ્ટ
સુબોધ સૂર્યોદ-
યઑફીસ.
અને વ્યા-
ધિ વિદાર-
ણ ઔષધા
લય.

વચનામૃત.

૧. કંજુસ માણસ એ એક રેતીના મેદાન જેવો છે કેમકે રેતી ઉપર વરસાદ પડેછે તેનું પાણી તે બધું ચુસી લેછે, પણ કાંઈ ફળ આપતું નથી. તેમજ કંજુસ માણસનું પણ સમજવું.

૨. તમારા દુઃખ વિષે ફરીયાદ કરતાં પહેલાં બીજા માણસના દુઃખ અને દિલગીરી વિશે વિચાર કરો, એટલે તમારાં દુઃખ અને દિલગીરી તમને ઓછાં લાગ્યા વગર રહેશે નહિ.

૩. માણસ નસીબથી કદિ મોટો થઈ શકે ખરો, પરંતુ મહેનત કર્યા સિવાય કદિ પણ તે ડાહ્યો કે સારો થઈ શકતો નથી.

૪. અહંકાર એ એવો દુર્ગુણ છે કે તેથી આપણે આંધળા થઈ જઈએ છી-

એ અને બીજા લોકોને મગરૂર છે એમ સમજીએ છીએ.

૫. બીજાઓને તેમના ખરાબ કામ માટે બદનામ કરવાં એ સહેલ છે. પણ પોતે સારાં કામ બજાવવાં એ મુશ્કેલ છે.

---

૬. જે પોતાને જીતે છે તે ઘણોજ જય મેળવે છે.

---

૭. જે સારી સલાહ સાંભળે છે તે સલાહ આપનારં કરતાં પણ વધારે સારો છે.

---

૮. જ્યારે આપણો આ દુનિયામાં કોઈ શત્રુ કે મિત્ર નથી ત્યારે આપણી જીંદગાની કાંઈજ કામની નથી.

---

૯. જેમ નાને કોળીએ ઘણું જમાય છે તેમ ધિમે ધિમે મોટે દરજજે ચઢાય છે. જે એકદમ ચઢે છે તે એકદમ પડે છે, અનેજે વસ્તુ આપણને જલદી મળે છે, તેનો ઘણું કરીને જલદીજ અંત આવે છે.

---

૧૦. જેવો બજારનો રસ્તો ચોખ્ખો છે તેવોજ પૈસો મેળવવાનો રસ્તો પણ ચોખ્ખોજ છે. પૈસા મેળવવાનો મુખ્ય આધાર ફક્ત ત્રણ ઉપર છે—(૧) મુડી (૨) ઉદ્યોગ, અને. (૩)કરકસર કેમકે જો પાસે મૂડી હોય અને પછી તેને ઉદ્યોગમાં વાપરી કમાએલી કમાઈમાં કરકસર કરી હોય તો અવશ્ય પૈસાદાર થવાય છે.

---

૧૧. ઈશ્વરે આપણને આંખો આગળ અને કાન પાછળ શા માટે આપ્યાં છે?

એટલાજ માટે કે પ્રથમ આંખે જોએલું અને તે પછી.કાને સાંભળેલું માનવું.

---

૧૨. ઇશ્વરે આપણને બેકાન પણ જીભ એક એટલાજ માટે આપી છે કે ઘણું સાંભળવું; અને થોડું બોલવું.

---

૧૩. જૂઠને પગ હોતા નથી અને તેથી તે ઉભું રહી શકે નહીં, પણ તે ઘણે દૂર સુધી ઉડી શકે છે કેમકે તેને પાંખો છે

---

૧૪. જે માણસ એવું ધારેકે મારા જેવો સુખીઓ બીજો ભાગ્યેજ હશે; તેઘાણું કરીને ખરે ખરો સુખીઓ હશે; પણ જે એવું ધારે છે કે મારા જેવો ડાહ્યો કોઇ નથી; તો આપણે નક્કી સમજવું કે

તેના જેવો કોઈ મૂર્ખ નથી.

---

૧૫. માણસની જીંદગી જીવતાં લાખની છે પણ મૂઆ પછી સવા લાખની થાય છે.

---

૧૬. વકીલો આપણા શત્રુઓના હાથમાંથી આપણી મિલ્કત બચાવે છે ખરા; પણ પોતેજતેના માલિક થઇને બેસેછે.

---

૧૭. મનના વિચાર તે જીંદગી રૂપી વાતાવરણમાં પવની લહેર જેવા છે. પણ જેમ જેમ લહેર કોઈ કોઈ વખતની મોટીને બળવાન થઇને વાવાઝોડું પેદા કરી મોટું તોફાન ઉપજા કરે છે, તેમ વિકાર રૂપી લહેરનું થઇ જાય નહિ માટે

દરેક માણસે ઘણી સંભાળ રાખવાની જરૂર છે.

---

૧૮. જેઓને ભીખ માગવી પડે છે તેઓની અવસ્થા ખરેખર દયા આણવા જેવી છે, જેઓને વગર મળે માગે છે જેઓ ઈર્ષાને પાત્ર થાય છે; પણ જેઓ માગ્યા વગર આપે છે તેઓનાઉપર બલિહારી જવાનું છે.

---

૧૯. શાન્તિ છે તે મહા કેફી વસ્તુ છે તે નિરાશા નામની રાક્ષસણીનો નાશ કરેછે.

---

૨૦. જો પુરૂષને પોતાનું કામ સારૂં કરવાની આશા હોય તો તે કામ તેણે પોતેજ કરવું; છતાં બીજા પાસે કરાવવા

ની જરૂર પડેતો તે પોતાની નજર તળે કરાવવું.

---

૨૧. કોઇની કુથલી સાંભળવી નહિ, નિંદાની વાત માનવી નહીં; ચાડિયાને પડછાયે ઉભા રહેવું નહિ. એ વાત નક્કી સમજવી કે કોઈ માણસ બીજાની ખોદણી કરે છે તો તેમાં એનો કાંઈ પણ સ્વાર્થ હોય છે.

---

૨૨. ખડબચડા પથ્થરને જેમ વહેતું પાણી લીસો કરે છે, તેમ સુજનતા ઉદ્ધત માણસને શીળો કરે છે.

---

૨૩. હિમત્ત વગર સત્યતા હોય નહિ, તેમજ સત્યતા વગર બીજો કોઈ સદ્‌ગુણ હોય નહિ એ નક્કી સમજવુ.

પતિ પત્નિના ધર્મ.

મંગળા ચરણ.

મનહર છંદ.

જેણે પૃથ્વી સૂર્યચંદ્ર,નક્ષત્ર,આદિબનાવ્યાં,
પશુ પક્ષી મનુષ્યને, સૃજી ખુબી કીધીછે;
સરોવર નદી, અને, ઝાડ પા'ડ બનાવીને,
અગાધ શક્તિથી જેણે, મહા પદ્દિ લીધીછે;
તાઢ તાપ વૃષા અને, જેથી દિન રાત્રિ થાય,
જેના કર નીચે સદા, શંકરને વિધિછે;
એવા જગ નિયંતાને, વંદુ માહાશંકર, કે'-,
રૂડો ગ્રંથ લખવાની, જેણે મતિ દીધીછે- ૧

(મહાશંકર.)

ગીતિ છંદ.

જય! જય! જય! જય! જય! હો, જગત-
નીયંતા વંદુ! હે દેવા!
આ પતિપત્નિના ધર્મો, લખું છું તે-

માં મદદ તુજ લેવા' ૧
આર્યો ના સંસારો, અતી અધમતા પા-
મ્યા છે કેવા?
આ પુસ્તક વાંચીને, ઉન્નતિપામે તવ સ-
ફળ સેવા. ૨

(મહાશંકર.)



ઉપન્યાસ.

આદુનિયામાં સ્ત્રી અને પુરૂષ એબનેની એક સરખી જરૂર જણાય છે જોકદી આ બે વ્યક્તિઓ સ્ત્રી અને પુરૂષ પૈકી ફક્ત એક વ્યક્તિ ન હોતતો આજે આસંસારમાં આપણે જેજે રીતભાત, ચાલચલકત, આદર સત્કાર, વગેરે બાબતોમાં નવિન સુધારો વધારો જોઈએ છીએ તેજોવાનો પણ વખત આવ્યો નહોત. ધારોકે એ બે વ્યક્તિઓ પૈકી ફક્ત પુરૂષોજ હોત પણ સ્ત્રીઓ નહોત તો આજે પુરૂષો જેસ્થિતિમાંછે તે સ્થિતિમાં હોવા મુશ્કેલ હોત; એટલુંજ નહિ પણ આજે જે અનેક બાબતો પુરૂષોમાં કેવળ સ્વાભાવિકજેવી નજરે આવેછે તે તેઓનામાં બિલકુલજ હોત નહિ; મતલબકે જો દુનિયામાં ફક્ત પુરૂષો એકલાજ હોત તો તેને કાંઇપણ સુખ મળ્યું નહોત; એટલુંજ નહિ પણ સ્ત્રી સિવાય પુરૂષો કેવળ જંગલી સ્થિતિમાંજ હોત.


તેવીજ રીતે સ્ત્રીઓ એકલીજ હોત અને પુરૂષો નહોતતો પુરૂષોના કરતાં પણ સ્ત્રીઓની અત્યંત ખરાબ હાલત થાત એ નિઃસંશય છે; કારણકે પુરૂષો ખુશી શી રીતે થાય તેનોજ તેમના મનમાં વિચાર હોયછે. એમનું બોલવુંચાલવું, હસવું રમવું વગેરે સઘળા કૃત્યોમાં તેઓ ફક્ત પુરૂષોનો પ્યાર મેળવવાનેજ પ્રયત્ન કરે છે. કદિ જો પુરૂષો નહોત તો હાલમાં જેમર્યાદા રાખનારી અને હાવ ભાવ વાળી સ્ત્રીઓ આપણને માલુમ પડેછે તે હોવીજ મુશ્કેલ હોત; એટલુંજ નહિ પરંતુ આદુનિયાનો વ્યાપારચાલવો પણ કઠણ થઈ પડત; માટે સહજ સમજાય છે કે આદુનિયામાં સ્ત્રી અને પુરૂષ એ બંન્નેની ખાસ જરૂરછે. વળી આપણા ધર્મ *શાસ્ત્રમાં પણ કહેલુંછે કેઃ- **"ગર્ભ ધારણ કરવાને સ્ત્રીઓને અને ગર્ભાધાન કરવાને પુરૂષોને ઉત્પન્ન કર્યા છે".** માટે સાધારણ

*વેદમાં.

ધર્મ કાર્યો પુરૂષોએ પોતાની સ્ત્રીઓ સહિત કરવાં; આ ઉપરથીજ સ્ત્રી પુરૂષને પરસ્પર એકત્ર રહેવાની જરૂર જણાયછે; અને એટલામાટેજ લગ્ન ક્રિયા કરી સ્ત્રી પુરૂષો જોડાયછે. આવી રીતે લગ્ન કરેલાં સ્ત્રી પુરૂષો તે **દંપતી** કહેવાયછે અને એવાં સ્ત્રી પુરૂષોએ લગ્ન કર્યા પછી આ સંસારમાં કેવી રીતે વર્ત્તવું? તેના જે જે નિયમ તેને **"પતિ પત્નિના ધર્મ"** કહેછે.

પ્રથમ લગ્ન થયા પછી સ્ત્રી પુરૂષે પરસ્પર પ્રીતિથી રહેવું; કારણકે જે સ્ત્રી પુરૂષનો મરતાં સુધી પરસ્પરે એક સરખો પ્રેમ ચાલુ રહેવો એજ તેમનો પરમ ધર્મ કહેવાય છે અને એટલા માટે પરણેલાં સ્ત્રી પુરૂષનાં જોડાંએ એક બીજાથી જૂદાં પડતાં પણ જેમ પરસ્પરે અભાવ ન આવે એવી રીતે વર્ત્તવાનો હમેશાં પ્રગન્ન કરવો. અને આદુનિઆમાં **ધર્મ**, **અર્થ** તથા **કામ** અને **મોક્ષ** સંપાદન કરવામાં સ્ત્રી-

પુરૂષે હમેશાં સમાન વૃત્તિથી એક ચીત્તે પોતપોતાના ધર્મ પ્રમાણે વર્તવું. સ્ત્રી અને પુરૂષના જેમુખ્ય મુખ્ય ધર્મ આ નાનકડા નિબંધમાં અમે આપણા **હિન્દુ ધર્મ શાસ્ત્રને** અનુસરીને આપ્યાછે જેઅત્યંત ઉપયોગી છે એટલુંજ નહી પણ તેનિયમોને અનુસરી ને ચાલનાર સ્ત્રીપુરૂષ હમેશાં સુખીજ રહેછે એનિઃશંસયછે. આપુસ્તકમાં પ્રથમ સ્ત્રીએ પોતાના પતિ પ્રત્યે કઇ કઇ ફરજો અદા કરવાની છે તથા આ સંસારમાં તેણીએ કેટલી સાવધ ગીરી રાખવાની છે તેબતાવીને તેપછી પુરૂષના સ્ત્રીપ્રત્યેના ધર્મો લખી આવિષય સમાપ્ત કરીશું.



પત્નિના પતિ પ્રત્યે ધર્મ.

સ્ત્રિએ હમેશાં પોતાના સત્સંબંધી પુરૂષો કે પોના પતિના સહવાસમાં રહેવું; કદિ પણ સ્વતંત્ર રહેવું નહિં. કારણકે સ્ત્રીઓમાં સ્વાભાવિક રીતેજ પુરૂષના કરતાં તન તથા મન બળ ઓછું હોયછે; તેથી જો તેઓ સ્વતંત્ર પણે રહેતો કપટી પુરૂષો તેમને લોભાવીને કે બળાત્કારે પોતાના દુષ્ટ ફાંદામાં ફસાવીદે; જેથી તે શિયળ ભંગ થઇ તેઓ મોટા અપયશ ને પામી આ સંસારમાં પ્રતિષ્ઠાહિન થાયછે. જુઓ પ્રાચીન દાખલાઓથી આપણને એ બાબતનું સહજ રીતેભાન થાયછે કે જયારે રામચંદ્ર સીતા સહ વનવાસમાં હતા તે વખતે રામ અને લક્ષમણની ગેહેર હાજરીમાં સ્વતંત્ર રહેનાર જગત જનુનિ-"સીતા"ની શી અવસ્થા થઇહતી*? તેમજ નળ-

---

*આને માટે અમારા તરફથી બહાર પડનાર "**સિતા**". એનામનું અતિ રસીક નૉવેલ વાંચવાની ભલામણ કરીએ છીએ.

ના વિયોગથી "દમયંતિને" પારધી, વટેમાર્ગુઓ વગેરે તરફથી વનવાસમાં પોતાના શિયળ રક્ષણ માટે કેવાં કષ્ટ સહન કરવાંપડયાં હતાં? તેમજ† કરણ ની સ્ત્રી "કૌળારાણી" સૂરપાળની સ્ત્રી વગેરેના ધણા દાખલા મળી આવ્યા વગર રહેતા નથી; અને તે સઘળાંથી સ્પષ્ટ જણાયછે કે સ્ત્રીને સ્વતંત્ર રહેવાથી ઘણાં ઘણાં કષ્ટ સહન કરવાં પડેછે. આપણા ધર્મ શાસ્ત્ર (માનવધર્મશાસ્ત્ર) માં પણ કહેલુંજ છેકે:

बालया वायुवत्या वा वद्धया वा पियो पिता।

नास्वातंत्र्यणेकत्तर्व्यांकिंचित्कार्यं गृहेस्पि.॥१॥

---

† આ બાબતનું સંપૂર્ણ "**દમયંતી**" નામનુ નૉવેલ અમારા તરફથી બહાર પડશે જે ઘણુંજ અસરકારક ને બોધક હોવાથી દરેક ને વાંચવાની ભલામણછે.

(ભાવાર્થ:— ગીતિ:

બાલક હોકે યુવાન, કિંવા વૃદ્ધ થઈ હોય મરવાને;
મનાઈ છે સ્ત્રીઓને, કાર્ય કદિ પણ સ્વતંત્ર કરવાને. ૧

(મહાશંકર)

• એટલે:—બાળક, યુવાન અથવા વૃદ્ધ સ્ત્રીએ પણ ઘરનેવિષે ભરતાદિક વડીલોને પૂછ્યા વિના કાંઈ પણ કાર્ય સ્વતંત્ર પણે કરવું નહિ. સ્ત્રીએ હમેશાં પુરૂષના રક્ષણ તળેજ રહેવું જોઇએ કારણ કે:—

દોહરો.

બાળ પણે મા બાપનો, યુવાવસ્થામાંનાથ;
વૃદ્ધ પણે સ્ત્રીને શિરે, હોય પુત્રનો હાથ. ૧

(મહાશંકર.)

એટલે બાળ પણામાં માતપિતાને, યુવાવસ્થામાં પતિને અને જો કદિ પતિ મરણ પામે તો વૃદ્ધા વસ્થામાં સ્ત્રી પુત્રોને વશ ર-

હેવાને બંધાએલી છે. માટે તેણીએ કદિ પણ હદ ઉપરાંત સ્વતંત્ર રહેવાનો વિચાર રાખવો નહિ.

આવી રીતે પોતાના સત્સંબધીઓના સ્વાધિનમાં રહી સ્ત્રીઓએ નિત્ય ગૃહ કાર્ય કરવાને તત્પર રહેવું; પણ આળસ રાખીને પડી રહેવું નહિ. કેમકે આળસ રાખવાથી પોતાનું ગૃહ કાર્ય બગડે છે, સર્વને અપ્રિય થવાય છે, શરીર જડ થાય છે, અને ખાધેલું બરાબર પચતુ નથી જેથી બળ ઘટે છે અને રોગ થવાનો સંભવ રહે છે. માટે સ્ત્રીઓએ આળસનો ત્યાગ કરી ગૃહ કાર્ય વિગેરે કે જેથી કરીને શરીરને વ્યાયામ મળે એવા કાર્યમાં તત્પર રહેવું. તેમ કરવાથી શરીર સારૂ રહે છે, ગૃહ કાર્ય ઉત્તમ રીતે થાય છે, સર્વને પ્રિય થવાય છે; શરીરમાં સ્ફુર્તી આવે છે અને ખાધેલું તુરત પચી જાય છે; વળી ઉદ્યોગથી હમેશાં લક્ષ્મીનું આવાગમન થાય છે માટે આળસથી દૂર

રહી ઉદ્યોગી થવું.

आलस्यंहि मनुष्याणां शरीरस्थो महा न्रिपुः ॥
नास्त्युद्यमसमोवन्धु :कुर्वाणो नावसीदति.॥१॥

(ભર્તૃહરિ.)

ભાવાર્થઃ— ગીતિઃ

મનુષ્ય દેહમાં રહેલ, આળસને સહુ શત્રુ તુલ્ય જાણો;
નથિ ઉદ્યમ તુલ્ય બંધુ, માટે જન મન ઉદ્યમ પરમાણો. ૧

(મહાશંકર.)

એટલેઃ—આળસ એ માણસના શરીરમાં રહેલો મોટામાં મોટો શત્રુ છે; ઉદ્યોગ જેવો કોઈ પણ બંધુ નથી માટે ઉદ્યોગ કરનાર માણસ કદિ પણ દુઃખી થતો નથી.

ઉદ્યોગ કરવાથી શરીરને કસરત મળે છે અને તેથી કરીને શરીરમાં બળ વધી આરો-

ચ્યતા ભોગવાયે છે; એવી રીતે ઉદ્યોગ કરવાથી ઘણા ફાયદા છે. વૈદ્યક શાસ્ત્ર માંહેલા ભાવ પ્રકાશ જેવા ગ્રંથમાં પણ કહ્યું છે કેઃ—

ગીતિઃ—

ઉદ્યોગ કરિને જેણે, શરીરને દઢ કીધું છે પૂરૂં;
જન રોગ રહિતરે'છે, આયુષ્ય કદિ ન જાય અધુરૂં. ૧

(મહાશંકર)

એટલેઃ—મેહેનતથી દઢ કરેલા શરીરવાળાને કોઈ પણ પ્રકારનો રોગ થતો નથી એટલુંજ નહી પણ તેનું કોઈપણ વખતે આયુષ્ય પૂર્ણ થયા સિવાય અકસ્માત મર્ણ નીપજતું નથી.

ઉપર પ્રમાણે મનુષ્યને ઉદ્યોગ કરવાથી અત્યંત ફાયદા છે તોપણ પુરૂષોના કરતાં સ્ત્રીઓનું તન કોમળ હોવાથી તેમણે પુરૂષોના જેવી હદ ઉપરાંતની મેહેનતથી સદા દૂર રહેવું કેમકે સ્વાભાવિક રીતેજ પુરૂષ શરીર કરતાં સ્ત્રી

શરીર દુર્બળ સર્જાએલુંછે તેથી પુરૂષોનામાં જેટલું તન તથા મનનું બળ હોયછે તેટલું સ્ત્રીઓનામાં હોતુ નથી; અને તેટલાજ કારણે અનાદિ કાળથીજ એવી સમજુત થએલી જણાયછે કે પોતાના તથા કુટુંબના ભરણ પોષણ માટે સ્ત્રીએ ઘરનું તથા પુરૂષે બહારનું કામ કરવું. હવે સ્ત્રીઓએ પોતાનું શું શું કર્ત્તવ્ય કરવાનુંછે તે નીચે આપીએ છીએ જે પુર્ણ લક્ષ આપી મનન કરનાર સ્ત્રી હમેશાં ઉત્તમ પદને પામવાને શક્તિવાન થયાવિના રહેશેનહિ.

સ્ત્રીએ સાસુ સસરા તથા દિયર વિગેરે કુટુંબીને પોતાંનાં સદાચરણોથી તેમને વશ કરનારી નિવડવું; વળી તેણિએ હમેશાં પતિના પંહેલાં ઉઠવાનો રિવાજ રાખવો; ઘણી એદી અને ફુવડ સ્ત્રીઓ બે પો'ર દિવસ ચઢતા સૂધી સૂઈ રહેછે તેપ્રમાણે સુજ્ઞ સ્ત્રીઓએ કરવું નહી. વહેલાં ઉઠ્વાની ટેવથી અત્યંત ફાયદાછે જે માણુસ રાત્રે નિયમિત રીતે વહેલા સૂઈ વહેલા

ઉઠેછે તે તન મને બળવાન થાયછે.

ગીતિઃ—

વે'લા સૂઈ રાત્રિએ, પ્રભાતમાં જે વે'-
લા જાગેછે,
બળ બુદ્ધિ ધન પામે, વળી સૌ સંકટ
તેનાં ભાગેછે. ૧

(મહાશંકર-)

વેહેલા ઉઠવાથી ઉપર લખ્યા પ્રમાણે ફાયદા છે; માટે સ્ત્રીએ હમેશાં પોતાના પતિના પહેલાં ઉઠી દાતણ પાણી કરી, પથારી ઉપાડી, ઘરને ઝાડીને સાફ કરી તથા રસોડા દિકનાં વાસણ વિગેરે સારી રીતે માંજી, રસોડાને પવિત્ર કરી રસોઇનાં સઘળાં સાહિત્યે તૈયાર કરી રસોઈનુ કામ આરંભવું. પછીથી તેણીએ ઘરમાં વાપરવાનાં વાસણ, ઘી, તેલ, ધાન્ય તથા નિત્ય ખર્ચના પૈસા વિગેરે સંભાળવા—તપાસવા. એ રીતે સવારનું કામ પૂર્ણ થયા પછી નાહી ધોઇ સ્વચ્છ થઈ પોતાના

સ્વામિએ કે માતા પિતાદિ સંબંધીઓએ આપેલાં વસ્ત્રાલંકાર ધારણ કરી પોતાનાં દેવ રૂપ સાસુ સસરા વિગેરે વડિલોને પગે લાગવું; તથા પ્રભુ પ્રાર્થના કરવી. પછી રસોઈ તૈયાર થએથી પોતાનાં સાસુ સસરાદિ વડિલો તથા પોતાના પતિને જમાડી પછીથી પતિની આજ્ઞા લઇ બાકી રહેલા અન્નમાંથી ભોજન કરવું. ભોજન કર્યા બાદ બાકીનો વખત ઘરમાં જોઈતી વસ્તુઓ સ્વચ્છ કરવામાં, ઘરના આવક ખર્ચનો વિચાર કરવામાં, અને ફુરસદ—નવરાશ મળેતો સારા સારા—ઉત્તમ ગ્રંથો વાંચવામાં વ્યતિત કરવો. એવી રીતે જે સ્ત્રી સારી સ્ત્રીની ગણનામાં ગણાવાની ઇચ્છા રાખે છે તેણે હમેશાં ઉપર લખ્યા પ્રમાણે દિવસ વ્યાપાર ચલાવવો. તે પછી રાત્રિએ માફકસર જમી ગૃહનું શેષ કામ પરવારી સારી રીતે સ્વચ્છ શૈયા બિછાવી પતિની શેવામાં હાજર રહેવું.

સ્ત્રીએ પોતાના પતિને સાક્ષાત ઈશ્વર માનવો. સ્ત્રીને પોતાના પતિના જેવી એક પણ બીજી વસ્તુ સંસાર સુખ માટે નથી. કેમકે બીજાં સઘળાંતો "**પોત પોતાના ભાગ્યનેજ ભોગવનારાં હોય છે પરંતુ સ્ત્રી તો પોતાના પતિનાજ ભાગ્યને ભોગવનારી છે.**" માટે તેણીએ પોતાના પતિના દરેક સુખ દુ:ખમાં ભાગ લેવાને તત્પર રહેવું; પોતાના ભરથારને પસંદ પડતો સ્વભાવ રાખવાની તજવીજ કરવી; તેને—પોતાના પતિને પસંદ પડે તેવી રીતે ઘરનો સઘળો સામાન ગોઠવવામાં કાળજી રાખવી; પોતાના ભરથારને જેથી કરીને ખોટું—માઠું લાગે એવો એક પણ શબ્દ પોતાના મોંમાંથી કોઈ પણ વખતે નીકળે નહિ તેની સંભાળ રાખવી; સ્ત્રીએ પતિના સઘળા હુકમને તાબે થઈ માન આપવું; પતિના પોતાના કાર્ય—કામમાં કદિ કાંઈ ચુક માલુમ પડે તો તેને માઠું લાગે તેવી રીતે

તેના સામું બોલવું નહિ; પણ ધિરજથી તેને —પોતાના પતિને સમજાવી, તેના મનનું સમાધાન એવી રીતે કરવુ કે તેને પોતાની ભૂલ તુરતજ માનવી પડે; તેનો—પોતાના પતિનો હુકમ કદિ પોતાને અણુ ઘટતો માલુમ પડે તો પણ તેથી ક્લેશ ઉત્પન્ન નહિ કરતાં તે માથે ચઢાવવો; અને પાછળથી તે જ્યારે પ્રસન્નતામાં હોય ત્યારે પોતાને કરેલા અયોગ્ય હુકમનાં કારણો બતાવી પોતાના પતિના મુખથીજ તે—કરેલો અયોગ્ય હુકમ ફેરવાવવો. કદિ પોતાનો પતિ પોતાને હદથી જાદે માન આપતો હોય તો પણ સ્ત્રીએતો પોતે તેનાથ ઉતરતા દરજાની છે એમ માનીને હમેશાં પોતાના પતિનું માન રાખી પોતે પોતાના પતિનું સન્માન રાખનારી છે એમ જન સમૂહમાં બતાવી આપવું. પોતાનો પતિ ગમે તેવો ગાંડો ઘેલો હોય તો પણ સ્ત્રીએ હું પોતે તેનાથી—પતીથી વધારે ડાહીછું એમ બતાવી પોતાના

પતિની ખામી શોધી કાઢવામાં મોટાઈ માન-નહિ; કદિ તેની—પોતાના પતિની ખામી તમારાથી સહન ન થતી હોયતો ઠંડા સ્વભાવથી અને તેને તમારા પર અભાવ ન આવે એવી રીતે પ્રિય—મધુર—વચનોથી તેની ખામી તેને જાહેર કરી તેની મેળેજ પોતાની ખામી દૂર કરે તેવી ગોઠવણ કરો. વળી તમે તમારા પતિના કરતાં વધારે ડયુટિ ફુલ—ખુબ સુરત—શોભિતાં—રૂપાળાં છો એવી મગરૂબી રાખશો નહિ. જો કદિ તમારી ચાલથી તમારા પતિને ના ખુશી ઉપજે-તમારી ચાલ—રીત રિવાજ—તમારા પતિને પસંદ ન પડે તો તુરતજ તમે તમારી ચુક કબૂલ કરજો અને ફરીથી તેવું ન થાય તે માટે તેને કબૂલત આપી, તે કબૂલત પ્રમાણે ચાલવાની કાળજી રાખજો. કદિ તમારા પોતાના પર કે તમારા પતિના પર કાંઇ આફત કે દુઃખ આવી પડે તો તેવે વખતે તમે ગભારાઈ જશો નહિ, પ-

રતુ હિમત્ત રાખી તમે તમારા પતિને "હું પણ તમારા જેટલીજ દૃઢ હિમતવાન છું" એમ બતાવી આપજો. સારી સ્ત્રીએ પોતાના પતિની કાંઇ પણ ખામી બહાર પાડવી નહિ; કેમકે જો તેણી પોતાની મુર્ખાઈથી પોતાના પતિની કાંઈ પણ ખામી બહાર પાડેતો તેની સઘળી સાહેલીઓ તેની હાંસી–મશ્કરી કર્યા વગર રહેશે નહિ. સ્ત્રીએ પોતાનો દિવસ આનંદમાં કાઢવાને સવારથીજ આખો દહાડો ખુશી રહેવાનો અને હસતુ મોઢું રાખવાનો ઠરાવ કરવો; એટલે તેણીનો ભરથાર કદિ રીસમાં હશે તો પણ પોતાની સ્ત્રીનો ખુશનુમય—હસતો ચહેરો જોઇને પોતાનો ગુસ્સો ઉતાર્યા સિવાયે રહેશે નહિ.

ઘણી મૂર્ખ સ્ત્રીઓ પોતાના પતિનો પ્યાર પોતાની ઉપર વિશેષ રહે તેટલા સારૂ તેને વશિકરણ-–વશકરવાના ઉપાયો જેવાકે યંત્ર, મંત્ર, જંત્ર, માદળિઆં, દોરા, તાવિત, કે ભ-

સ્મ—રાખોડી વિગેરે વશ કરણી—વશિકરણ ઉપાયો ધુર્ત્ત બ્રાહ્મણ ભટ્ટાઓ, "અલેખ," કરી માગી ખાનારા બાવાઓ, અને ઢોંગ કરી ધુણનારા ભૂવાઓ પાસેથી લાવી પોતાના ધણીને ખવરાવેછેકે પછી તેને હાથે કિંવા પગે બાંધેછે; કે કાંતો પાઘડીમાં કે ટોપીમાં સીવી લેછે. આવીરીતે અજાણ અબળાઓના ધૂતનારા ધૂતારાઓની આજકાલ ગૂજરાતમાં ખોટ હોતી નથી; અને આપણી ગૂજરાતી સ્ત્રીઓ અભણ અને વેહેમી હોવાથી પોતાનો પતિ પોતાના કહ્યાપ્રમાણે વર્ત્તે એટલા સારૂં પોતાના ઘરમાંથી અનાજ, કપડાં, પૈસા કે ઘરાણાં—દાગીનાનો ભોગ આપેછે!!! એટલુંજ નહિ પણ ઘણી સ્ત્રીઓતો હમે એવી પણ જોઇછેકે ઉપર બતાવેલા લૂચ્ચા, ઢોંગી, અને ધિક્કારવા જોગ બામટાઓની પ્રીતિ સંપાદન કરવામાં પોતાના પ્રતિવૃત્તાની પણ કિમત ગણતી નથી !!અરેરે!!! આવી બાઇઓને કેટલો ધિક્કાર આપવો જો-

ઈએ? જોકે આમ કરવાથી—ધુર્ત્ત ભામટાઓના કહ્યા પ્રમાણે કરવાથી-તેમના એપેલા વશિકરણ ઉપાયો યોજવા—કરીજોવાથી તેમનો પતિ તેમને વશ થતો નથી; પણજો વખતેતેમની આ કૃતિ—કર્મ—તેના—પતિના— જાણ્યામાં આવ્યું— તેને એ બાબતની કાંઈ ખબર પડી તો ઉલટો સ્ત્રીનો વિશ્વાસ કમિ થાયછે— ઘટેછે; અને સહજ સાજ પ્રીતિહોયછે તે પણ નાબુદ—નહિજેવી થાયછે. આવેવખતે કાંઇ તેમના મંત્ર જંત્ર કે માદળીઆં કામ આવતાં નથી. આપણી ભોળી અબળાઓ—વહેમી અબળાઓ નથીસમજતી કે જોઉપર લખેલા ધુર્ત્ત ભામટાઓમાં બીજાને વશકરવાના—વશિકરણ ઉપાયો હોત તો પછી તે ભીખજ શું-કામ માગત?! ઘેર બેઠાંજ મોટા મોટા સદ્‌ગૃહસ્થોને પોતાની વશિકરણ વિદ્યાની અસરથી વશ કરી તેમની લક્ષ્મી પોતેજ પચાવી પડી ત્તાગડ ધિન્ના કરત નહિ?

માટે સારી સ્ત્રીઓએ હમેશાં એવા ધૂર્ત્ત ભટ્ટાઓ અને વેરાગીઓ અરે! કહેવા દો કે બેરાગીઓ, અને જટીલ જોગટાઓથી દૂર રહેવું જોઈએ. પોતાના પતિને વશકરવાનું વશિકરણ તમા રેજોઇએ છીએ? જોહા કહેતાં હોતો તે ક્યાં દૂરછે; તે તમારી પોતાની પાસેજછે; અનેજો તે—જેવશિકરણહું કહેવા માગું છું તે વશિકરણનો પ્રયોગ તમે તમારા પતિઉપર કીધો તો તે એવો તો તમારે વશ થઈ જશે કે તમારાથી તેનેએક ક્ષણ વાર પણ વિખુટું રહેવું તે એક કલ્પ બરોબર સમજાશે, અને તમારા સિવાય તે ઘેહેલો ઘેહેલો થઇને ફરશે. માટે જો તમારે તમારા પોતાના પતિને વશ કરવાની ઇચ્છા હોય તો તમે ઉપર દર્શાવેલા ઠગ લોકોના ફાંદામાં નહિફસાતાં તમારી પોતાની પાસેજ જે જાદુ—વશિકરણછે—તેની મોહિની તમારા પતિને તમે લગાડો. તેજાદુ કયું? એવો પ્રશ્ન તમે પૂછતાં હો વો તે અમૂલ્ય વશિકરણ પ્રયોગ બીજો

નહિ પણ એકજ છે કે: "**તમે તમારા પોતાના પતિને પસંદ પડે એવું આચરણ રાખો, તેના મત્તથી જરી પણ વિરૂદ્ધ પડો નહિ, તમારા પતિનેજ પરમેશ્વર રૂપ માનો, અને હમેશાં, તેની પ્રીતિ વધુને વધુ સંપાદન કરવાને તેની સેવા ઘણી આતુરતાથી ઉઠાવો.**

જોકે તમે તમારા પતિને સુપ્રસન્ન કરવામાં તમારા શરીર ઉપર ઘરાણાં ઘાલી તથા સારા સારા વસ્ત્રાલંકાર સજી તેને મોહિત કરવાનો નાહક પ્રયત્ન બિલકુલ કરશોનહી;એ વસ્ત્રાલંકાર તમારા પતિનું ચિત્ત તમારા તરફ કદિ પણ ખેંચનાર નથી એ નક્કી સમજજો. મનુષ્યનામાં જોસદ્‌ગુણ હોય તો તે સદ્‌ગુણજ બીજાનું ચિત્ત તેના તરફ ખેંચે છે. માટે તમારે તમારા સદ્‌ગુણ વડેજ તમારા પતિનો પ્યારમેળવવા પ્રયત્ન કરવો.

સ્ત્રીએ ગમે તેવા કારણસર પણ પોતાના પતિને ઠગવો નહિ; કેમકે જગતમાં સ્ત્રીને

પતિ જેવો મિત્ર બીજો કોઈ પણ નથી; તે-પતિ ગુરૂના જેવા સન્માર્ગ બતાવનાર, પિતાના જેવા હિત્ત કરનાર, માતાના જેવા મમતા રાખનાર, તથા વિશ્વાસને લાયક, દેવ જેવા પૂજ્ય, પોતાના પ્રાણ સમાન પ્રિય, અને એક અદ્વિતિય મિત્ર છે. જ્યારે સ્ત્રી આવા મિત્રની સાથે પણ ઠગાઇ કરે ત્યારે પછી આ જગતમાં તેને એવી બીજી કઇ વસ્તુ છે કે જેની સાથે પોતે નિષ્કપટ પણે વર્ત્તિને સુખી થશે? જે સ્ત્રી પોતાના પતિને ઠગવાનો પ્રયત્ન કરે છે તેનાથી બીજું કોઇ પણ કાર્ય કરવું અસાધ્ય છે એમ અમારાથી માની શકાતુ નથી; તેવી સ્ત્રીને અમે દૂરાચરણી અને દુષ્ટ તથા કૃતઘ્નિ કહીને ધિક્કારશું; અને અલબત! તેવી સ્ત્રી ધિક્કારનેજ પાત્ર છે. માટે દરેક સ્ત્રીએ પોતાના પતિ સાથે મોકળે મને વર્ત્તવું જોઇએ.

વળી બીજાની—કોઇ અન્ય મનુષ્યની મહેરબાની મેળવવાની ખાતર પોતાના પતિ-

ને ન ગમતુ હોય તેવું કામ—પછી ભલે! ગમે તો સ્ત્રીને તે અત્યંત લાભ કરતા હોય તો પણ તેણીએ તેવું કાર્ય કરવું નહિ. આવી રીતે જો સ્ત્રી પોતાનું આચરણ સારૂં રાખશે તો પછી તેને પોતાના પતિની સાથે વિરોધ થવાનો સંભવ બિલકુલ રહેશે નહિ.

સારી સ્ત્રીએ પોતાના પતિના દરેક કાર્યમાં પોતાથી બને તેટલી ઉમદા મદદ કરવી. પોતાના ઘરનું કામ પૂર્ણ થયા પછી બાકી રહેલા વખતમાં પોતાના પતિની, પોતાની, તથા પોતાના કુટુંબની ઉન્નત્તિ કેમ થાય? એ સંબંધી વિચાર કરવામાં—અને પ્રસંગે તેવાં કાર્યો કરવામાં પતિની સાથે ઉત્તમ સલાહ કારક તરીકે તત્પર રહેવું. જ્યારે પોતાનો પતિ બહારથી ઘરમાં આવે ત્યારે તેનો વખત નકામી વાતોમાં નહિ ગુમાવતાં—તથા અત્યંત વિનોદમાં નહિ પડતાં તેની સાથે અમુક નિયમિત વખતજ એશ આરામ ભોગવવો.

"अति सर्वत्र वर्जयेत्" એ કથનને અનુસરી હમેશાં પતિની સાથે વિનોદ કરવામાં અતિલિન થઈ જવું નહિ; પણ અમુક નિયમિત વખતજ તેની સાથે આનંદ—વિનોદ ભવનમાં ગાળવો. ઘણી વખતે સ્ત્રીને પતિના સહવાસમાં—અતિ ગાઢ સંબંધમાં રહેવાથી સુખને બદલે ઉલટું દુઃખ ઉત્પન્ન થાય છે; કેમકે એવી રીતે વધુ વખત વિનોદમાં ગાળવાની ટેવ પડતાં આખરે એ ટેવ એવી સાધારણ થઇ જાય છે કે ઉપજી વિકાને અને સ્વદેશ સેવાને માટે આરંભેલાં ઘણાં મહત્વનાં કાર્યો બગડે છે; એટલુંજ નહિ પણ આવી રીતે ઘણો વખત એકાન્તમાં ગાળવાથી શરીર અસ્વસ્થ થાય છે અને વખતે દંપતીમાં કલહ ઉત્પન્ન કરાવનારાં અનેક કારણો નજરે પડે છે, જેથી છેવટે કંકાસ રૂપી દુષ્ટ શત્રુ ઘરમાં પગ પેસારો કરે છે; અને જ્યાં એ દુષ્ટ શત્રુએ ઘરમાં પગ મૂક્યો એટલેતો પછી

બસ! પરિણાંમ એ આવવાનું કે મન અને શરીરમાં અસ્વસ્થા રહી કોઇ પણ કાર્યમાં ઉત્સાહ થવાનો નહિ અને જતે દિવસે તે દંપતી દુઃખ ભોગવી આ અસાર સંસારનો ત્યાગ કરવાનાં. વળી સ્ત્રીએ એકાન્તમાં પોતાના પતિની સાથે જે વાતો કરવી તેમાં લોકોની નિંદા વગેરે કુથલીની વાતો નહિ કરતાં નીતિ સંબંધી, જ્ઞાન સંબંધી, ધર્મ સંબંધી તથા ઇશ્વર સંબંધી વિષયો ઉપરજ ચર્ચા કરવી; તેમજ પોતાનો ઘર સંસાર ચલાવવાને કંઈ કંઈ અડચણો નડે છે તે પોતાના પતિને સુચવતાં રહેવી. જ્યારે કોઇ પણ કારણને લીધે પોતાના પતિને કાંઇ ચેન ન હોય અને ઉદાસ હોય તો તેવે વખતે સ્ત્રીએ મધુર વાક્યોથી પોતાથી બને તેટલો તેને દિલાસો આપવો. જ્યારે પોતાનો પતિ પોતાના કોઈ પણ કાર્યમાં નિરૂત્સાહી થાય ત્યારે સર્વ પ્રકારે ઉત્સાહ પેદા કરનારાં મધુર વચનો બોલી તેને શાંન્ત પાડવો; તથા ધિરજ

આપવી એજ સદ્ગુણી સ્ત્રીનું ખરે ખરૂં કર્ત્તવ્ય કર્મ છે. જ્યારે પોતાનો પતિ પ્રથમના કરતાં કંઈ અધમ સ્થતિમાં આવી પડે તો તેવે વખતે સ્ત્રીએ તેના ઉપરથી પ્રીતિ કમિ નહીં કરતાં પતિ જેવી સ્થિતિમાં હોય તેવીજ સ્થિતિમાં સંતોષથી રહેવું; આવે પ્રસંગે ડાહી સ્ત્રી હોય તેણે જરા પણ બરબડવું કે તરફોડા કરવા નહિ. જેમ પુરૂષ પોતાના પિતાના નામથી પ્રસિદ્ધ થાય છે; તેમ સ્ત્રીએ પોતાના પતિના નામથી પ્રસિદ્ધ થાય છે, એટલે સારી કીંવા માઠી, ગરીબ કિંવા શ્રિમંત વગેરે જેવી હાલત—પોતાના પતિની હોય છે તેજ દશા સ્ત્રીઓની પણ હોય છે. પોતાનો પિતા કદિ ધનાઢ્ય કે મોટો રાજા હોય તો પણ તેની સંપત્તિ સ્ત્રીને કાંઇ કામ આવતી નથી; એટલેતે સ્ત્રી કાંઇ તેના—પિતાના પદની અધિકારી ગણાતી નથી; પણ તેને તો પોતાના પતિની જે પદ્વી હોય છે તેનીજ ભોક્તા થવું પડે છે. માટે જે સ્ત્રી પોતાના પ-

તિની જેવી સ્થિતિ હોય છે તેવી સ્થતિમાં તેનું—પતિનું માન રાખીને રહે છે તે સ્ત્રી જન સમૂહમાં માન પ્રામે છે એટલુંજ નહિ પણ તે અતિ પવિત્ર અને પૂજ્ય ગણાય છે. માટે ઉત્તમ સ્ત્રીની ગણનામાં ગણાવાની ઉત્કંઠા રાખનાર દરેક સ્ત્રીએ ઉપર બતાવ્યા પ્રમાણે વર્ત્તવા કોશિષ કરવી.

પોતાના પતિને જે ભાષણથી અણગમો પ્રાપ્ત થાય તેવું ભાષણ સુજ્ઞ સ્ત્રીએ કરવું નહિ એવું આપણે પાછળ કહ્યું છે; પરંતુ જો પોતાનો પતિ કદિ ધર્મ વિરૂદ્ધ આચરણમાં પ્રવૃત્ત થતો હોય તો તેને નમ્ર વચનથી સારો બોધ કરી તેવા માર્ગેથી તેને પાછો ફેરવવો, એ સુજ્ઞ સ્ત્રીનો આવસ્યક—જરૂરનો ધર્મછે. જે-સ્ત્રીપતિની મેહેરબાની મેળવવાને તેનું કહેવું ગમેલું હોય તોપણ હા, હા, કહી તેને ગમેતેવાં કામ કરવા દેવામાં સંમતિ આપે છે તથા તેને ખરાબ રસ્તે ચઢતાં અટકાવતી નથી તે

સ્ત્રી કદિ પણ ખરેખરી સાધ્વી—સતિ—પતિવૃત્તા—ગણાતી નથી. આવી સ્ત્રીઓ ફક્ત આપ મતલબીની ગણત્રીમાંજ ગણવી જોઈએ. સ્ત્રી એ પુરૂષનો આસંસારમાં પરમ પ્રિય મિત્ર અને ઘરસંસાર રૂપી રાજનો એક ખરો પ્રધાન છે. ખુશામત કરનાર મિત્રકે પ્રધાન એ પોતાના પદને લાંછન લગાડનારો છે માટે સારી સ્ત્રીએ તેવા કૃત્યથી—કામથી અલગ રહેવું. જ્યારે પોતાના પતિરૂપ મિત્રને કોઈપણ નઠારી—ખરાબ વાતનો છંદ લાગેલો હોય અને તેને તેમાંથી નિવૃત—મુક્ત થવાનો ઉપદેશ થવાથી તેને માઠું લાગશે અથવા તે ગુસ્સે થશે અને તેનીઆપણા ઉપર ઈતરાજી થશે એવું હોય તો પણ સ્ત્રીરૂપી મિત્રે પોતાના પતિને તેના હિત્તને—ભલાને ખાતર પોતાના સુખની આશા વખતે છોડવી પડે તો તે પણ છોડીને જે ખરૂં હોય તે કહેવાને કદિપણ પાછું હઠવું નહિ. મહાકવિ **ભારવીનું** પણ કહેવું છે કે: " हितं मनोहारिच

दुर्लभंवच:" એટલે

ગીતિ:

મનને લાગે ગમતું, અને વળીજે હિ-
તને કરનારૂં;
એવા દુર્લભ વચને, ધાર્યું કાર્ય તે ન-
ક્કી સરનારૂં.

(મહાશંકર)

હિત કરનારૂં છતાં મન ગમતું હોય એવું વચન દુર્લભ છે. ધર્મનાં તથા હિત્ત કરનારાં વાક્યો બોલ્યાથી અથવા સદાચરણથી જો પોતાના પતિની પોતાના ઉપર ના મરજી-ઇતરાજી થતી હોય તો તે બેલાશક થવા દેવી; અરે! એટલુંજ નહિ પણ પતિનીતો શું? પણ આખા જગતની ઇતરાજી થતી હોય તો પણ કદિ ડરવું નહિ. પ્રથમતો કદિ તેવી સ્ત્રીને થોડું દુ:ખ સહન કરવું પડશે ખરૂં, પણ આખરે **સત્યનો જય** થયા સિવાય રહેવાનો નથી. ધાર્મિક મનુષ્યોને પ્રથમ પુસ્કેળ અને દુ:ખદ કષ્ટ ભોગવવાં પડે-

છે તેની ના નહિ; પરંતુ અતે તો તેવા માણસને સુખજ થાય છે*. માટે પ્રથમ મને કષ્ટ થશે એમ ધારી અધર્મને માર્ગે કદિ પણ દોરાવું નહિ.

વળી ઘણી બાઈઓનો એવો સ્વભાવ હોયછે કે તેઓ બીજા કોઈ લોકોનો—જેવા કે પોતાનાં સગાં વહાલાં, સ્નેહિ, સગાઓ વગેરેનો વૈભવ જોઈ પોતે પણ તેના જેવાં થવાને પોતાના પતિને સતાવે છે. આ વૈભવ કયો? તો તે વસ્ત્ર, ઘરાણાં, વગેરેનો; હવે જો કદિ પોતાનો પતિ આવું સુખ આપવાને શક્તિવાન હોય તો તેને લોભની મારી હેરાન કરી તેની પાસેથી પોતાનો ધાર્યો વૈભવ સંપાદન કરે છે. પણ જો પોતાનો પતિ આવા વૈભવો પૂરા પાડવાને અશક્ત હોય તો પછી કુભાર્યા સ્ત્રીઓ પોતાના પતિને

---

* જૂઓ રાજા હરિશ્ચંદ્ર, દમયંતિ દ્રૌપદિ વગેરેનો દાખલો.

ધણી હેરાન કર્યાં સિવાય રહેતી નથી; પરંતુ દરેક સ્ત્રીએ સમજવું જોઇએ કે જેટલું **સદ્ગુણ રૂપી ઘરાણાથી શરીર શોભે છે.** તેટલું કદિ સોના રૂપાના અને મોતીના દાગીનાથી શોભતુ નથી. તમે ગમે તેટલા દાગીના પેહેર્યા **હશે જ્યતાં સદ્ગુણ રૂપી દાગીનાની ખામી હશે** તો તે સર્વે નિરર્થક—નકામાજ છે; માટે સાધવી સ્ત્રીઓએ આવાં કૃત્ય—કામથી પણ ઘણાં અલગ—દૂર રહેવાની જરૂર છે; અને પોતાના પતિની શક્તિ પ્રમાણે પોતાને જે વૈભવ મળ્યો હોય તેમાંજ સંતોષ માનવો. સંતોષ એ મનુષ્યનો પરમ મિત્ર છે. ગમે તેવા મહાન દુઃખમાં મનુષ્ય હોય તો તેને પણ સંતોષથીજ સુખ પ્રાપ્ત થાય છે અને અસંતોષથી સદા દુઃખજ છે.

ગીતિ.

સંતોષે સુખ થાશે, મહદ દુઃખ પણ સં-
તોષે ભાગે;

દુઃખિ અસંતોષી તો, અધિકાધિકની
તૃષ્ણા નહીં ત્યાગે. ૧
(મહાશંકર.)

માટે પોતાના પતિએ પ્રીતિથી જે કાંઈ આપ્યુ હોય તેમાંજ સંતોષ માનવો.

વળી પતિવ્રતા સ્ત્રીની ગણુનામાં ગણાવાની ઇચ્છા રાખનાર સ્ત્રીએ પોતાના પતિના ધર્મ, અર્થ, કામ અને મોક્ષ સંબંધી કોઈ પણ કાર્યમાં અંતરાય કરવો નહિ—આડે આવવું નહિ; તેમજ સ્ત્રીઓમાં ગાફલતા, અવિવેક, ક્રોધ, અદેખાઈ, ચાડી, હિંસા, પારકી નિંદા કરવી, વિષય સુખની અતિષય વાંચ્છના, અહંકાર, પોતાની બડાઇ—આપ બડાઇ, ઇશ્વરમાં અનાસ્તા, સાહસ, ચોરી અને દાંભિક પણું એ અવગુણો સ્વાભાવિક રીતેજ હોય છે. માટે સુજ્ઞ સ્ત્રીઓએ પોતાનામાં તે દુર્ગુણો હોય તો તેનો સત્વર ત્યાગ કરવો.

ગાફલતા રાખવાથી પોતાના ધર્મને—પતિ

વૃતને કોઇ વખતે દોષિત થવાનો સંભવ રહે છે. માટે ગાફલંતા ન રાખતાં હર હમેશ દરેક પ્રસંગે ચંચળતા અને હોંસીયારીમાં રહેવું.

અવિવેક એ દુર્ગુણ જેનામાં હોય તે અતિ વખોડાય છે; પછી તે સ્ત્રી હો કિંવા પુરૂષ હો. પ્યારી સ્રીને વિવેકની અવશ્ય જરૂર છે. કેમકે પોતાના પતિ કાંઇ હમેશાં ઘર આગળ હાજર હોતા નથી; અને તેથી વેવા પ્રસંગે ઘર આગળ કોઈ સગાં વહાલાં, પતિના મિત્ર, કિંવ હર કોઇ અતિથી આવે તો તેની સાથે વિવેકથી વર્ત્તિ તેની આગતાસ્વાગતા કરવાનુ કામ સ્રીનુ હોય છે—તેની આગતાસ્વાગતા તેણીએજ કરવી પડે છે; જો આવે પ્રસંગે સ્રીનામાં વિવેક ન હોય તો તેથી પોતાના ઘરની, પોતાના વડિલોની તથા પોતાના પતિની બંહારની આબરૂને નુકસાન કરનાર—અરે કહોકે એ સઘળાંને કોઇ વખત નીચું જોવડાવનાર—શરમાવનાર થઇ પડે છે. દરેક સુજ્ઞ

સ્ત્રીએ પોતાનામાં રહેલા અવિવેકનો ત્યાગ કરી વિવેકથી વર્ત્તવું. પોતાને ઘેર કોઈ આવે જાય તેને ઘટતી રીતે વિવેકથી માન આપી તેની બરદાસ્ત કરવી. તથા પતિની સાથે પણ હમેશાં વિવેકથીજ વર્ત્તવું. પોતાના પતિની સાથે અવિવેકથી વર્ત્તનાર સ્ત્રી ઉપરથી સ્વાભાવિક રીતેજ તેના પતિનો ભાવ—પ્યાર ઓછો થાય છે. તે—પતિ તેવી સ્ત્રીના સહવાસમાં રહેવાથી કંટાળે છે જેથી પતિ સાથે અવિવેક રાખનાર સ્ત્રી છેવટે પોતાના પ્રત્યેના પોતાના પતિના પ્યારને કમિ કરે છે. માટે દરેક સ્ત્રીએ પોતાના પતિની સાથે વિવેકથી વર્ત્તવું.

ક્રોધ એ દરેક મનુષ્યનો મોટામાં મોટો શત્રુછે ક્રોધથી હજારો—બલકે લાખો મનુષ્યોના હાથે વિપરીત કાર્યો થઈ ગયાંછે; અને છેવટે તેવાં કૃત્યો કરનાર—ક્રોધીઓ મોટા પસ્તાવામાં પડયાછે માટે એ દુરગુણથી દરેકે અલગ રહેવાની જરૂરછે. તેમજ સ્ત્રીઓએ તો પોતાનામાં

ક્રોધ રાખવોજ નહી—તેણીએ ક્રોધી હોવુંજ-જોઈએ નહી; પોતાના પતિસાથે જરાપણ ગુસ્સે થવાને—ક્રોધ કરવાને સ્ત્રી કદિ યોગ્ય નથી માટે તેણીએ પતિસાથે ક્રોધ કરવો નહિ. પોતાના પતિની સાથે ક્રોધાંત થનાર સ્ત્રી એક નીચ-માં નીચ—હલકામાં હલકી સ્ત્રી ગણાયછે. માટે જો કદિ તમારામાં આ મોટો દુર્ગુણ હોય તો તેથી દૂર રહેજો.

અદેખાઈથી ઘણી વખતે ઘણું અને મોટું નુ-કસાન થવાનો સંભવછે. અદેખાઈ કરનારનું મન હમેશાં ચિંત્તાતુર રહેછે વળી અદેખા-ઇ કરવાથી કાંઈ પણ ફાયદો થતો નથી. ઘણી સ્ત્રીઓ પોતાના પતિનાં કોઈ એવાં કા-ર્ય —જેવાં કે માતા પિતાપર વધુ ભાવ—આસ્તા, પોતાના ભાણેજ ભત્રિજાં ઉપર વ-ધારે મમતા વગેરે હોય છે તો ઘણી દુષ્ટ સ્ત્રી-ઓ સગાં સહોદર તથા વડિલો ઉપર મમતા રાખનાર પોતાના પતિના ઉપર અદેખાઇ

કરે છે. જો કે તેમ કરવાથી તેને બિલકુલ ફાયદો થતો નથી; તેથી તો ઉલટું નુકશાનજ થાય છે, પતિનો પ્યાર જે તેઓના ઉપર હોય છે તે કાંઈ સ્ત્રીની અદેખાઈથી કમિ—ઓછો થતો નથી. પરંતુ તેવી સ્ત્રીના ઉપરજ તેણીના પતિને સહજ કંટાળો ઉત્પન્ન થાય છે. વળી અદેખાઈનો રોગ એવો ઝેરી છે કે તે હાડ, માંસ, અને રૂધીરને પણ ચૂસી લેછે; અને છેવટે વિપરીત દશાએ લાવી મૂકે છે માટે સારી સ્ત્રીઓએ આ—અદેખાઈના દુર્ગુણને પણ પોતાનામાંથી ખસતો કરવો—દૂર કરવો—અદેખાં થવું નહિ.

ચાડીઆપણું એ મોટામાં મોટો દુર્ગુણ છે. કોઈની ચાડી ખાવી—કોઈનુ કરેલું કામ કાર્ય ખુલ્લું પાડવું એના જેવું બીજું પાપ કયું? એવી રીતે ચાડી કરનારને લાભ શો? કાંઈજ નહિ. ઉલટુ તમે જેના આગળ—જેની પાસે ચાડી કરશો તેજ તમારા

મનમાં બીજાની વાત કેટલી ટકે છે તે જાણી જઈ તમારા અંતઃકરણની પરીક્ષા કરશે અને તેમની પોતાની વાત તમારા આગળ ખુલ્લી મુકતાં—ખુલ્લા મનથી પોતાની વાત તમને કહેતાં અચકાશે. માટે તમારે તમારા પતિની કોઈ પણ ગુપ્ત વાતની ચાડી કરવી નહિ—તમારા પતિનું કોઈ નિંદિત કાર્ય હોય તે તમારા પોતાના સહોદર, માતાપિતા, સાસુ સસરા કે તમારી સખી—સાહેલીઓને જાહેર કરતાં ઘણી સાવધગિરી રાખજો કેમકે એવી વાત જાહેરમાં મૂકવી એ પણ ચાડીઆપણુંજ ગણાય છે.

વળી ઘણી સ્ત્રીઓને સ્વાભાવિક એવી રીતની ટેવ પડી ગઈ હોય છે કે પોતાના ગૃહ કાર્યથી પરવાર્યાં કે બેચાર કે વધુ સ્ત્રીઓની એક સભા ભરી—ઐરક પાર્લામેન્ટ ભરી તેમાં અમુકે આમ કર્યું, અને અમુકે તેમ કર્યું એવી બીજાઓની નકામી કુથલી કરે છે.

પારકી કુથલી કરવી—પારકી નિંદા કરવી એમાં જરાએ લાભ નથી; એમ કરવાથી પોતાનો વખત—અમૂલ્ય વખત નકામો જવાની સાથે પોતાને હાથે કરીને કજીઓ વહોરી લેવા જેવું થાયછે માટે નવરાશનો વખત કોઈની નિંદા અને નકામી કુથલી નહિ કરતાં ઉત્તમ ઉત્તમ પુસ્તકો વાંચવામાં કે ભરત શિવણ વિગેરે કામ કરવામાં ગાળવો;

તેમજ સ્ત્રીઓએ વિષય સુખની અતિ વાંચ્છનાથી પણ દૂર રહેવું. "अति सवत्र वर्जयेत" એ કહેવતાનુસાર વિષયના અતિષય છંદથી હમેશાં અલગ રહેવું. આપણા ધર્મ શાસ્ત્રમાં એ બાબત અમુક નિયમો ઠરાવેલ છે. એટલે એકાદશિ, પૂર્ણિમા, અમાવાશિયા, વિગેરે પરવણી ગ્રહણ, રજસ્વલાના દિવસો વગેરે વર્જ્ય કરવાનું અનુમોદન આપેલું છે તેનો હેતુ પણ સ્ત્રી પુરૂષોને અતિ વિષયે વાંચ્છનાથી દૂર રહેવાનુંજ સૂચવેછે. અતિ વિષય સુ-

ખમાં તલ્લિન થવાથી પોતાનું અને પોતાના પતિનું શરીર અશક્ત થાય છે, આયુષ્યમાં ઘટાડો થાય છે અને થનાર સંતતિ બળહિન અને ટુંકા આયુષ્યવાળી ઉત્પન્ન થાય છે; માટે પોતાનું શરીર દૃઢ અને આરોગ્ય રાખવાની, તથા પોતાની સંતત્તિ ઉત્તમ—દીર્ઘાયુષિ, [illegible]ની, અને બળવાન થવાની ઈચ્છા રાખનાર સ્ત્રી પુરૂષે અતિષય વિષય વાંચ્છનાથી દૂર રહેવું.

અહંકાર, આપવડાઈ, સાહસ, ચોરી, અને દાંભિકપણું એ દુર્ગુણો પણ વખોડવા યોગ્ય છે માટે સુજ્ઞ સ્ત્રીઓએ હમેશાં એ દુર્ગુણોને વર્જીત કરવા.

આ જગતનો કર્તા, નિયંતા અને સંહાર કરનાર જે ઈશ્વર, કે જેણે આ દુનિયાની રચના રચીછે. ટાઢ, તાપ, વરષાદ, રૂતુઓ, સૂર્ય ચંદ્રનુ નિયમિત પ્રકાશવું અને અસ્ત થવું, વગેરે જે બનાવો આ દુન-

યા ઉપર બનેછે તે જેની આજ્ઞાનું કૃત્ય છે તેવા ઇશ્વરમાં દૃઢ ભક્તિ અને શ્રદ્ધા રાખવી; દરેક મનુષ્યને હમેશાં ઇશ્વરની પ્રાર્થના કરવાની જરૂર છે. સવારથી ઉઠતાં વાંતજ આખો દિવસ સુખ રૂપ પાર પાડવાને એ જગત્કર્તાની પ્રાર્થના—સ્તુતિ કરવી. તેમજ હર હમેશ તેનાપર—ઈશ્વરનાપર દૃઢ શ્રદ્ધા અને ભક્તિ રાખવી.

સ્ત્રીએ હમેશાં પોતાના પતિને પણ ઇશ્વર માની તેની સેવામાં તત્પર રહેવું આપણા હિંદુ ધર્મ શાસ્ત્રમાં પણ કહ્યું છે કે:—

वापति हरि भोवन भजच्छीरिव तत्परा. ॥
हर्य्यात्मा हरे लॉके पत्वाश्रीरिव मोदने. ॥ १॥

એટલે:—જેમ લક્ષ્મીજી વિષ્ણુ ભગવાનને જેવી રીતે ભજેછે. તેવીજ રીતે જે સ્ત્રી પોતાના પતિમાં તેવોજ ભાવ રાખી તેને સેવેછે તે સ્ત્રી ભગવાનની આત્મા રૂપ ગણાય છે; અને તેવી સ્ત્રીને પોતાના પતિ સહિ-

ત વૈકુંઠનો વાસ મળેછે—મોક્ષ મળેછે, માટે સ્ત્રીએ હમેશાં પોતાના પતિને મનુષ્ય રૂપે પણ ઇશ્વર માનીને પૂજવો. એમ કરવાથી સ્ત્રીને અનંત વર્ષ સુધી વૈકુંઠ—મોક્ષ મળે છે. (સ્ત્રીએ પોતાના પતિનેજ ઇશ્વર રૂપ માનવો. એવાં ઘણાં વચનો આપણા હિન્દુ ધર્મ શાસ્ત્રમાં ઠામ ઠામ માલુમ પડેછે પરંતુ આવા નાનકડા પુસ્તકમાં—ગ્રંથમાં સ્થળ સંકોચને લીધે સઘળાં આપી શકતા નથી.) માટે સ્ત્રીએ પોતાના પતિની સાથે ઇશ્વર ભાવ રાખવો; પછી પોતાનો પતિ ભલેને ગમે તેવો દુરાચરણી હોય, તોં પણ સ્ત્રીએ તો તેને ઇશ્વર તુલ્યજ માનવો. દશ્મસ્કંધ ભાગવતમાં શ્રીકૃષ્ણ ભગવાને પણ કહ્યું છે કેઃ—

श्लोक.

श्रणु नारद वक्ष्यामि सतिजां व्रत्त मुत्तमं; ।
करूपो वा कुरु वृत्तो वासु स्वभावो तथैवपति.। १

रोगा न्वित: पिशाचोवा क्रोधनो वाण्य मद्यप. ।
व्रद्धो वाण्य विदग्धो वा मुकोंधो बधिरो पिवा ।२।
रौद्रा वाथ दरिद्रो वा कदर्य कुत्सितो पिवा. ।
कातर कित्तवो वापि ललना लंपटे पिवा, ॥ ३ ॥
अहंकार विहावाथ काम क्रोधौच सर्वदा ।
मनोरंजन पत्यु काय नान्यस्य कुत्र चिंता. ॥ ४॥

ભાવાર્થ— ગીતિ છંદ.

હોયે કદરૂપો કે, દુષ્ટ તામશી ક્રોધી
કે રોગી;
કેંફિ વૃદ્ધ બહેરો, ગુંગો કિંવા પરસ્ત્રીનો
ભોગી. ૧
કાંતો આંખે અંધો, ગરીબ સ્થિતિને
દરિદ્રિ તોયે;
કપટી દૂરાચારી, ભીખારી કે કંજુસ
ક્રોધિ હોયે.

તોપણ પ્રભુ ધારીને, સુસ્ત્રી સેવે સદા નીજ પતીને;
પ્રભુ પ્રસન્ન થાશે, દંપતિ તે પામશે શુભ ગતીને. ૩

(મહાશંકર)

એટલેઃ—કદિ પોતાનો પતિ કદરૂપો હોય અથવા ખોટી—દુષ્ટ વૃત્તિવાળો હોય, અથવા તામશી હોય, રોગી હોય, અથવા ભૂતાવેશી કે ક્રોધી હોય, કિંવા કેફી કે વૃદ્ધ હોય, અથવા બળેલા સ્વભાવનો કે બહેરો, ગુંગો, કે આંધળો હોય, કિંવા તો તે રઠતી સુરતનો, ભીખારી, કંજુસ, તોછડો, કે પછી ગરીબ કિંવા કપટી હોય, અથવા તો તે સ્ત્રી લંપટ હોય તો પણ સ્ત્રીએ—પતિવ્રત્તા સ્ત્રીએ તો તેને ભગવાન—પતિ રૂપ ભગવાન—પ્રભુ માનીને ભજવો.

જ્યારે પોતાનો પતિ પરદેશ જાય ત્યારે સ્ત્રીએ હમેશાં પોતાનાજ ઘરમાં રહેવુ—બ-

હાર જવું નહિ, શરીરે અલંકારો ધારણ ક-રવા નહિ. (ફક્ત સૌભાગ્ય દર્શક અલંકારોજ રાખવા,) એકાન્તમાં અન્ય પુરૂષ સમાગમ-થી દૂર રહેવું; (પછી ભલે તે પુરૂષ તમારો હિતસ્વિ કે નિકટનો સંબંધી હોય;) એકા-ન્તમાં અન્ય પુરૂષ સાથે રહેવાથી સુજ્ઞ સ્ત્રીને માથે પણ વખતે દુષણતાનો અપવાદ આવે-છે. માટે પતિ પરદેશ હોય ત્યારે સ્ત્રીએ હ-મેશાં પોતાના ગૃહ—ઘરમાંજ એકાન્તમાં ર-હી પોતાના પતિના હિતમાં પ્રિતિ રાખી, એક નિષ્ટાથી—પાકધાનતથી પોતાના પતિનું હિત થવા માટે ઈશ્વર પ્રાર્થના કરી પોતાનો કાળ—વખત વ્યતિત—પૂરો કરવો. આવે પ્રં-સંગે જો કદિ પોતાનો પતિ પોતાના ગુજરા-નને માટે યોગ્ય બંદોબસ્ત કરતો ગયો હોય તો ઠીકછે નહિતો તેણીએ ભરત શિવણ વગે-રે ધંધો—ઉત્તમ ધંધો—કે જેથી કરીને પો તાને, પોતાના પતિવ્રત્તપણાને તથા પોતાના

કુલિનપણાને લાંછન ન લાગે તેવો ધંધો કરીને પોતાની આજીવિકાનો નિભાવ કરવો. જ્યારે પતિ પરદેશ—પોતાનાથી દૂર હોય ત્યારે શાણી—ડાહી સ્ત્રીએ શૃંગાર રસની વાર્તાઓથી દૂર રહેવું; તેમજ અતિ રમત ગમત, ગાનતાન, મોટા મિલાવડાઓની ધામધૂમ જોવી; અતિહાસ્ય કરવું, તથા પારકે ઘેર જવું-આવવું, એટલાંવાનાનો ત્યાગ કરવો.

ઉપર પ્રમાણે હમેશાં વર્તવાથી તથા ગૃહ કાર્ય કરવાથી પોતાનો પતિ પ્રસન્ન રહેછે. કદિ પોતાનો પતિ શ્રિમંત—પૈસાદાર હોય અને ગૃહ કાર્ય ચાકરોથી થતાં હોય તો પણ પોતાનું શરીર કસાય—શરીરને થાક લાગે—એવી અંગને મેહેનત મળે એવાં કાર્યો કરતાંજ રહેવું; તથા ચાકર નોકરોથી થતાં કાર્યો બરાબર થાય છે કે નહિ ? તેની તપાસ રાખવી. પોતાના પતિની સેવાને લગતાં—તેને પોતાને માટેજ કરવાનાં ખાસ કામો તો

હમેશાં સ્ત્રીએ જાતેજ કરવાં.- કેમકે પોતાના પતિને સુપ્રસન્ન કરવાનું એ એક ઉત્તમ સાધન છે— તેમ કરવાથી પોતાના પતિની સુપ્રસન્નતા મેળવી શકાય છે. પતિને સુપ્રસન્ન રાખવો એ સ્ત્રી જાતની એક આવશ્યકની—જરૂરની ફરજ—ધર્મ છે. કેમકે સ્ત્રીના સઘળા સુખનો આધાર એ ફક્ત તેનો પતિજ છે જેથી સુજ્ઞ—શાણી સ્ત્રીએ પતિના સુખે સુખ અને તેના દુઃખે દુઃખ માની લેવું બીજા સઘળા સંબંધ કરતાં પતિ અને પત્નિનો સંબંધ એ એક ઘણોજ નિકટનો—નજીકનો સંબંધ ગણાય છે; અને તેથી કરીને પત્નિના—સ્ત્રીના સુખ દુઃખની જેટલી લાગણી તેના પતિને થાયછે તેટલી બીજાને થાય નહિ અને પતિ જેટલો પત્નિના કલ્યાણમાં તમર રહેછે તથા કાળજી ધરાવેછે; તેવું બીજુ કોઇ કાળજી રાખતુ નથી એ દેખીતુજ છે. માટે આવા પતિની સેવા કરવી એ સ્ત્રીનો

પરમ ધર્મ કેમ ન ગણાય ? કેમકેઃ— " જે **સ્ત્રી પતિ પ્રત્યે સારા સ્વભાવવાળી, મધુર બોલનારી, રૂડા આચરણવાળી, સુખ રૂપ દેખાવવાળી, પતિમાંજ ચિત્ત રાખનારી, તથા સુપ્રસન્ન મુખવાળી હોય છે તે ધર્માચારિણી કહેવાય છે.** "

જો કદિ તમારા પતિએ તમને કાંઇ કઠોર વચન કહ્યાં હોય કિંવા તમારા પ્રત્યે તેણે કાંઇ ક્રોધ દૃષ્ટિથી જોયું હોય તો પણ તમારે તો હમેશાં તેના પ્રત્યે સુપ્રસન્નતા બતાવવી એજ તમારો પરમ ધર્મ છે. કેમકેઃ—જે સ્ત્રી પ્રસન્ન મને કરીને હમેશાં પોતાના પતિની સેવામાં તત્પર રહે છે, અને વિનયથી વર્તે છે તેજ ધર્મિષ્ટ ગણાયછે. કારણ કે **સ્ત્રીને પોતાનો પતિ એજ દેવ, સ્નેહિ તથા ગતિ છે. સ્ત્રીને પતિના જેવું બીજું કાંઈ પણ ગતિ કે દૈવત રૂપ નથી માટે પતિવ્રત્તા સ્ત્રીએ પોતાના પ-**

તિને ક્રૂર દષ્ટિથી જોવો નહિ, તેને ખરાબ વચન કહેવાં નહિ, અને મનથી પણ તેનું અપ્રિય કરવું નહિ.

આપણા ધર્મ શાસ્ત્રમાં પણ કહ્યુંજ છે કઃ—

ગીતિ છંદ.

સલાહ કામમાં મંત્રિ, દાસી તુલ્યે, સેવા
કરવામાં;
ભોજન વખતે જાણે, જનુની જેવી
પ્રીતી ધરવામાં ૧
સયન સુખમહી રંભા, ધર્મ કામમાં
અનુકુલ રે'નારી;
પતિના મતને ગળતી, દુઃખ સુખને
પણ સહન કરનારી. ૨
ક્ષમાએ મહાશંકર, જાણે બીજી પૃથ્વી
ના જેવી;
પતિની પ્રત્યે વર્ત્તે, તે નારિને પતિવૃત્તા
કહેવી. ૩

એટલે—પતિને કાર્ય કરવામાં સલાહ આપનાર મંત્રિ—પ્રધાન જેવી, સેવા કરવામાં દાસી જેવી, ભોજન પ્રસંગે—જમાડતી વખતે મમતા—વહાલ રાખનારી માતા સરખી, સયન સુખ વખતે પ્રિતિ ઉત્પન્ન કરનારી રંભા જેવી, ધર્મકાર્યમાં અનુકુળ રહેનારી, પતિના સ્વભાવને મળતો સ્વભાવ રાખનારી, સુખ અને દુઃખને એક સરખી રીતે સહન કરનારી, અને ક્ષમા રાખવામાં જાણે બીજી પૃથ્વી ન હોય? તેવી હોય તેજ સ્ત્રીને પતિવૃત્તાની ગણુનામાં ગણવી.

જ્યારે પોતાનો પતિ ઘરમાં આવે ત્યારે સુજ્ઞ સ્ત્રીએ ઉઠીને ઉભાં થવું, તેની સાથે ભાષણ કરવામાં—બોલવામાં નમ્રતા અને સભ્યતા રાખવી, તેના ચરણમાં દૃષ્ટિ રાખીને માન આપવું, તેની સેવામાં પોતે હાજર રહેવું, તેના—પતિના સૂતા પછી સુવું, તથા તેના ઉઠતા પહેલાં ઉઠવું. આવી રીતે વર્ત્-

નાર સ્ત્રી તેજ કુલીન સ્ત્રી કહેવાય છે. માટે સારી સ્ત્રીએ હમેશાં ઉપરના નિયમાનુંસારવર્ત્તવું.

સ્ત્રીને પતિની સેવા તુલ્ય બીજું કોઇ પણ ફળ દાતા નથી. સ્ત્રી પોતાના પતિની ચરણ સેવાથી જેવી પવિત્ર થાય છે તેવી તે સેંકડો દાન, વ્રત—ઉપવાસ, તથા તિર્થ સેવન કરવાથી પણ શુદ્ધ થતી નથી. માટે પોતાનો પતિ નગરમાં—વસ્તીમાં હોય કીંવા વનમાં હોય, તેમ પાપી હોય કિંવા પવિત્ર હોય તો પણ તેને પ્રિય—પરમ પ્રિય ગણવો; કારણ કે તેવી રીતે વર્તનારી સ્ત્રીનો સદાકાળ ઉદય થાય છે. કેમકે સ્ત્રીઓને તો ભૂષણ વિના પણ પતિજ ભૂષણ છે, પતિ વિનાની સ્ત્રી ગમે તેટલા શણગાર સજે—પહેરે, તો પણ તે નીરર્થકજ છે—એટલે પતિવીનાની સ્ત્રી શોભતી નથી. માટે હમેશાં દરેક સ્ત્રીએ પોતાનો પતિ પોતાથી સંતોષ પામે તેવી રીતે વર્ત્તવું; જે રીથી તેનો પ-

તિ સંતોષ માનતો નથી તેને સ્ત્રીજ માનવી નહિ. સ્ત્રીઓને પોતાનો પતિ પ્રસન્ન થતાં સાક્ષાત ઇશ્વર પ્રસન્ન થાય છે. માટે હમેશાં સર્વ કાર્યં છોડીને પણ પોતાના પતિની સેવામાં તત્પરં રહેવું. કેમકે સ્ત્રીનેતો તેનો પવિત્ર દેવ, ગુરૂ, ધર્મ, પોષણ કરનાર તિર્થ તથા વૃત્ત રૂપ છે. માટે સાધવી સ્ત્રીએ સર્વ છોડીને પોતાના પતિનીજ સેવા કરવી.

અહીં આ નાનકડા ગ્રંથમાં પત્નિના પતિ પ્રત્યેના ધર્મ પૂરા થાય છે. હવે આ ભાગમાં લખેલા સંપૂર્ણ બોધમાંથી હમેશાં રટણ કરવા યોગ્ય તાત્પર્ય દરેક સ્ત્રીને મોઢે રાખવુ યોગ્ય છે; માટે તે અમે આ નીચે આપીએ છીએ જે દરેક સુજ્ઞ સ્ત્રીએ હમેશાં મુખ પાઠ રાખી પોતે દર રોજ તેનું અધ્યયન કરવું.

સ્ત્રીએ પતિ પ્રત્યેની ફરજોમાં ધ્યાનમાં રાખવા જોઇતા નિયમો.

૧. સ્ત્રીએ પોતાના ભરથારના હરેક દુ:ખમાં ભાગ લેવાને તૈયાર થવું; પોતાના પતિને પ્રસન્ન પડતો સ્વભાવ રાખવાની તજવીજ કરવી, પોતાના પતિને પસંદ પડે તેવી રીતે ઘરનો સઘળો સામાન ગોઠવીને મૂકવો, અને સંભાળ રાખવી કે તેને માઠું લાગે તેવો એક બોલ પણ પોતાના મુખમાંથી નીકળે નહિ.

૨. સ્ત્રીએ પોતાના પતિના સઘળા હુકમને તાબે થવું. તેની કાંઈ પણ ચુક —ભુલ પોતાને માલુમ પડે તો એક દમ તેની સામા નહિ થતાં તેની તે ભૂલ ધિરજથી તેને બતાવવી: કદિ પોતાના પતિએ પોતાને અયોગ્ય હુકમ

કીધો હોય, તો પણ જો તે હુકમ નહિ પાળવાથી ક્લેશ ઉત્પન્ન થવાનો સંભવ હોય તો તુરત વેળા તે હુકમને માન આપીને તાબે થવું.

૩. પોતાનો પતિ પોતાને હદથી જાદે માન આપે તોપણ પોતે તો તેનાથી ઉતરતી પદ્વીનાં છીએ એમ માની હમેશાં તેનું માન રાખવું.

૪. કદિ પોતાના પતિમાં કાંઈ ખામીછે એમ માલુમ પડે તો તેને—તે ખામીને ખુલ્લી કરી બહાર લાવવામાં ડાહાપણ જાણવું નહિ. તેની તે ખામી પોતાથી સહન થાય તેવી ન હોય તો તેને ધિરે અને નમ્ર સ્વભાવે જાહેર કરવી.

૫. સ્ત્રી હમેશાં પોતાના પતિ વડેજ શોભે છે, પોતાના પતિના આધાર વડેજ પોતે મોટી ગણાય છે અને

જો તેની સાહ્યતા ન હોય તો પોતે તદન નબળી છે. માટે પોતાની ખુબ સુરતી ઉપર જરા પણ ગુમાન—અહંકાર લાવવો નહિ.

૬. પોતાનીકોઈ પણ ચાલથી પોતાના પતિને નાખુશી ઉપજે તો તે ચાલ બદલવાને પોતાના પતિને કબૂલત આપી તે પ્રમાણે વર્તવાની તજવીજ રાખવી.

૭. સ્ત્રીએ હમેશાં યાદ રાખવું કે પોતાના પતિ ઉપર પ્યાર મેળવવામાં બિલકુલ નીચાપણું નથી; તેમજ ગૃહસુત્ર નિભાવતાં પડતી અડચણો વેઠવામાં જરા પણ હલકાઈ નથી.

૮. સ્ત્રીએ કદિ પણ નકામાં કે આળસુ બેસી રહેવું નહિ; પણ ફુરસદને વખતે કાંઈ ઉપયોગી કામ લઈને બેસવું કિંવા પોતાના મનને શણગારવા-

ઉત્તમ ઉત્તમ ગ્રંથો કે ચોપાનિયાં વાંચવાં.

૯. પોતાના ઉપર કદિ દુઃખ આવી પડે તો તે સહન કરવામાં હિમત રાખવી; અને પોતાના પતિની હિમત ધ્યાનમાં રાખી પોતાની હિમત્તને નમુનો પોતાના પતિને દેખાડી આપવો.

૧૦. સવારમાં ઉઠવું ત્યારથીજ પોતાનો ચ્હેરો ખુશનુમય—આનંદી રાખવાનો ઠરાવ કરવો; તેમ કરવાથી પોતાના પતિનો ગમે તેવો ગુસ્સો હશે તોપણ તે ઉતરી ગયા વગર રહેતો નથી.

૧૧. સ્ત્રીએ પોતાના શરીરને તથા ઘરને ચોખ્ખું રાખવું.

૧૨. પોતાને ઈશ્વરે જે પતિ આપ્યો હોય તેમાંજ સંતોષ માની હમેશાં તેની સાથે આનંદથી વર્તવું.

સ્ત્રીઓના સામાન્ય ધર્મ.

સ્ત્રીએ પોતાના પતિની સાથે કેવી રીતે વર્ત્તવું તે પાછળ બતાવ્યું છે હવે સંસારમાં રહી તેણીએ સામાન્ય રીતે કઈ કઈ ફરજો અદા કરવાની છે તે બતાવીએછીએ.

સ્ત્રીએ પોતાના પતિ પ્રત્યેની ખાસ ફરજો બજાવવા ઉપરાંત તેણીએ (૧) પોતાના શરીરની સુઘડતા, (૨) સગાંવહાલાં પ્રત્યેની ફરજો, (૩) ચાકરો પ્રત્યેની ફરજો, (૪) ગૃહ વ્યવસ્થા, (૫) ગર્ભાવસ્થામાં રાખવાની સંભાળ; (૬) બાળકને ઉછેરવાની રીત; (૭) બાળકનું શિક્ષણ અને (૮) બાળકોનાં લગ્ન. એ આઠ બાબતો ઉપર પણ ધ્યાન આપવાની જરૂર છે.

(૧) આપણામાં કહેવત છે કેઃ—"પહેલું સુખ તે જાતે નર્યા" એટલે પ્રથમ તો શરીર સુખી હોવું—રહેવું જોઇએ. શરીર સુખાકારીને માટે—શરીર તંદુરસ્ત ર-

હે તે માટે ઘણીજ ચોકશી—સંભાળ રાખવાની જરૂર છે. ઘણી સ્ત્રીઓ તે તરફ દુર્લક્ષ આપેછે અને પછી તેનું ભયંકર પરિણામ ભોગવેછે; માટે દરેક સ્ત્રીએ પોતે પોતાનું શરીર આરોગ્ય કેમ રહે? તે ઉપર ખાસ ધ્યાન આપવું જોઈએ; કેમકે શરીર સુખાકારી હોય તેજ મન સ્વસ્થ રહેછે. જ્યારે શરીર સુખમાં ન હોય ત્યારે કોઇ પણ કામ કરવાનું ગમતું નથી—તે ઉપર લક્ષ ચોંટતુંજ નથી; એટલે પછી કાંઈ કામ થતુ નથી; જ્યારે કાંઇ કામ થતું નથી ત્યારે છેવટે મહા આપત્તિમાં આવી પડવાનો વખત આવેછે; માટે દરેક સ્ત્રીએ પોતાનું, પોતાના બાળકોનું અને પોતાના કુટુંબનાં [પોતાના હાથ નીચે–સંભાળમાં રહેતાં] મનુષ્યોનું શરીર આરોગ્યતામાં રહે તે ઉપર પૂર્ણ લક્ષ આપવું જોઇએ.

શરીરની પ્રકૃતિ કયા કયા કારણોથી બગડે છે તથા કયા કયા નિયમો પ્રમાણે વર્ત્ત-

વાથી શરીર તંદુરસ્ત અને બળવાન થાયછે? તે બાબતની માહિતી દરેક સ્ત્રીએ હમેશાં મેળવી રાખવી એ અવશ્યની છે. આવા નાનકડા ગ્રંથમાં એ સંબંધી સંપૂર્ણ હકીકત આપી શકવાને સ્થળ સંકોચને લીધે બની શક્યું નથી; માટે જૂદાં જૂદાં પુસ્તકોમાંથી એ સંબંધી માહિતી મેળવી લેવાને અમે સુજ્ઞ બાઇઓને ભલામણ કરીએછીએ:

શરીર તંદુરસ્ત રાખવા માટે સર્વથી મોહોટો અને મહત્વનો નિયમ એ છે કે:—પોતે સ્વચ્છ રહેવું અને દરેક વસ્તુમાં સ્વચ્છત્તા રહે તેવી ગોઠવણ કરવી. ઘણી ફૂવડ સ્ત્રીઓ હમેશાં, અસ્વચ્છ માલુમ પડેછે; અને તેથી કરીને તેમને શરીરે ખસ, કોહો, દાદર, વિશફોટિક, ખુજલી, ખરજવાં, ગૂમડાં વગેરે ચેપી રોગોથી પિડાઇ તે મહામહા કષ્ટ ભોગવેછે. માટે શરીર તંદુરસ્ત રાખવા ખાએશ ધરાવનારને

હમેશાં સ્વચ્છત્તા ઉપર ધ્યાન આપવું જોઇએ. સ્વચ્છ વસ્ત્ર પહેરવાં, સ્વચ્છ ઘરમાં રહેવું, ખાવાની વસ્તુઓ પણ સ્વચ્છત્તાવાળી લેવી-વાપરવી; પાણી પણ ગાળીને સ્વચ્છ વાપરવું; નહાવા ધોવામાં પણ શરીર ઉપર સાબુ ચોળીને સ્વચ્છ રહેવાય તેમ કરવું; નહાતી વખતે એટલું બહોળું પાણી વાપરવું કે શરીરનો સઘળો ભાગ ચોળી મસળીને સાફ થઈ શકે, અને તેના કોઇ પણ ભાગમાં મેલ રહે નહીં.

પીવાનું પાણી સ્વચ્છ લેવું, બને તો તેને ગરમ કરીને ગાળી લઈ ઠંડું પાડી પીવાના ઉપયોગમાં લેવું; એમ કરવાથી ખરાબ પાણીની ખરાબ અસર શરીરને થતી નથી. ઘણીએક બાઇઓને અમે એવી જોઇએછીએ કે: તેમના ઘરનાં પાણી ભરવાનાં વાસણ ઘણા દિવસ સુધી સાફ કરતી નથી; તથા

પાણીને હમેશાં ગાળતી નથી. આમ કરવ થી તેને—પાણીને અસ્વચ્છ રાખી તેનો ઉપયોગ કરવાથી તે પાણીમાં ઝીણાં જંતુ–પોરા પડેછે અને તે શરીરમાં દાખલ થઇ આગળ ઉપર ભારે હાની ઉત્પન્ન કરેછે માટે પીવાનું પાણી ઘણું સ્વચ્છ રાખવું જોઇએ.

ભોજનની સાથે તંદુરસ્તીને ઘણો નિકટનો—નજીકનો સંબંધ છે માટે તેમાં—ભોજનમાં હમેશાં ઘણી કાળજી રાખવી. ભોજનમાં વાપરવાના પદાર્થને હમેશાં સ્વચ્છ કરી–વિણી ઝાટકીને ઉપયોગમાં લેવા; તેમ કર્યા સિવાય કદિ પણ વાપરવા નહિ. ઘણી સ્ત્રીઓ રાંધ્યા પછી તે તૈયાર થએલુ ભોજન ઉઘાડું મૂકે છે;અને તેથી તેમાં ઝીણાં જીવજંતુ કે ઉડતા કચરાનાં ઝીણાં રજકણ ભરાઇ જાય છે; આવું ભોજન જમનારના શરી-

માં વખતે ભારે નુકશાન કરેછે, માટે ભો-જનની દરેક સામગ્રી—વસ્તુઓ ઘણી સંભાળ-થી રાખવી. વળી જમતી વખતે પેટ તણા-ય તેટલું જમવું નહિ; એકી વખતે ઘણું જ-મવા કરતાં બે ત્રણ વખત થોડું થોડું જમ-વાથી ઘણો ફાયદો છે; વળી જેમ બને તેમ હમેશાં જૂદું જૂદું ભોજન જમવું જોઇએ. માટે જમવાની બાબતમાં પણ સ્વચ્છતા સં-બંધી ઘણી સાવચેતી રાંખવાની છે.

ખાવા પીવાની વસ્તુઓમાં હમેશાં નિય-મિતપણે વર્ત્તવા છતાં પણ જો કદિ કોઈ જાતની પીડા ઉત્પન્ન થાય—કોઇ વ્યાધી થા-ય; તો તે વખતે વિલંબ નહિ લગાડતાં તુર-તજ તેનો બંદોબસ્ત કરવો. આવે વખતે કો-ઈ સારા **આયુર્વેદી એટલે આયુર્વેદને જા-ણનારા વૈદ્યશાસ્ત્રીની કે ડાકટરની** દવા ઓ-ષધ શરૂ કરવું, રોગની શરૂઆતમાં જે દવા ક-રવામાં આવેછે તે શરીરને ઘણો સારો ફા-

યદો કરી શકેછે. અમે ઘણી સ્ત્રીઓ એવી જોઇ છે કે મંદવાડમાં પોતાને થતી પીડા સ્પષ્ટ કહેતી નથી; અને તેમ કરવાનું કારણ શરમ છે; એમ અમને લાંબી વખતના અનુભવથી જણાયું છે. આવી શરમાળ બાઇઓ પોતાને જે કષ્ટ પડેછે તે મૂગે મોઢે સહન કર્યાં કરે છે. પણ આમ કરવાથી ઘણું નુકશાન છે; જતે દિવસે રોગ વધે છે અને પછી તે રોગ ભયંકર રૂપ પકડી અસાધ્ય થઈ પડે છે; એટલે સારા **આયુર્વેદી (વૈદ્યશાસ્ત્રી)** ઓનો પણ તેવે પ્રસંગે ઈલાજ—ઉપાય ચાલી શકતો નથી; માટે રોગની શરૂઆતમાંજ દરેક સ્ત્રીએ તેમજ પુરૂષે પોતાના શરીરની ચિકિત્સા કોઇ સારા આયુર્વેદને જાણનારા વૈદ્યશાસ્ત્રી કે ડૉકટર પાસે રૂબરૂમાં કરાવવી. કિંવા કાગળ પત્રથી લખી જણાવી તેનો ચો-

કસ ઉપાય કરવો *છેવટે આ સંબંધી અમારે એટલુંજ કહેવાનું છે કે: આપણને ઇશ્વરે જે શરીર આપ્યું છે તે સંબંધી નિષ્કાળજી રાખવી એ ઈશ્વરનો મોટો ગુન્હો કર્યા જેવું છે. ઈશ્વરનો ગુન્હો કરનારને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પણ શિક્ષા થયાવિના રહેતી નથી. કૃત્રિમ નિયમોથી જો કે તે છૂટી શકેછે, પરંતુ ઇશ્વરના અપરાધ કરવાથી તેની–જગત્કર્ત્તાની મહાન શિક્ષામાંથી

---

* આ વખતે અમારે કહેવું જોઈએછીએ કે " **સાવલી વ્યાધિ વિદારણ ઔષધાલયમાં** " દરેક જાતના વ્યાધીઓ—રોગો ઉપર અકશીર ઔષધો મળેછે; જેવાં કે:— **પ્રદર, પ્રમેહ, ખસ, દાદર, મુત્રકૃચ્છ નેત્રના તમામ વ્યાધિઓ, દરેક જાતના જવર, ખાંસી, દમ, સ્ત્રીઓના ગુહ્ય અવયવોના ગુપ્ત રોગો, તેમજ પુરૂષના**

મુક્ત થવાતુ નથી; માટે હમેશાં શરીર સાચવવા તરફ પૂરતુ લક્ષ આપવું.

(૨) **સગાં વહાલાં**—એ શબ્દમાં માબાપ, સાસુસસરો, દિયર જેઠ, દેરાણી જેઠાણી, નણંદ, ભાઇ, બેન તથા તેઓનાં બા-

---

ળકોનો સમાવેશ થાય છે. ઉપર ગણાવેલાં સગાંવહાલાંની સાથે કેવી રીતે વર્ત્તવું જોઈએ તે ઘણી સ્ત્રીઓ જાણતી નથી. પોતાનાં મા-બાપની સાથે જેવી રીત રાખે તેવી કદિ નભી શકેછે; પરંતુ સાસુ સસરાની સાથે તેવી વ-ર્ત્તણુંક રાખવાથી નભી શકતું નથી. સાસુ સસરાને હમેશાં ખરા અંતઃકર્ણથી પોતાનાં માતા પિતા તુલ્ય માનવાં; તેમનું સન્માન રાખવું, તેમની સાથે મર્યાદા અને મમતા-થી વર્ત્તવું તથા તેમને જરા પણ અકારાં થ-ઇ પડાય નહિ એવી રીતે તેમનું મન—પ્રી-તિ સંપાદન કરવી. વૃદ્ધ—વડિલોની સેવા ચાકરી કરવાથી તેઓ સંતુષ્ટ થઇ આશિ-ર્વચનો વદેછે; અને તેથી કરીને આપણું સારૂં થાય છે. ઘણી સ્ત્રીઓ સાસુ સસરા-ને જોઈએ તેવું માન આપતી નથી તથા તેમની સાથે જોઈએ તેટલી સભ્યતાથી વર્ત્ત-

તી નથી; એ ઘણુંજ નિંદ્ય કૃત્યછે એમ ક-
હેવામાં વાંધો નથી. આજકાલ તો આપણા
ગુર્જર ખંડમાં—ગૂજરાતમાં શેંકડે પોણોસો
ટકા જેટલાં ઘરોમાં હમેશની સાસુ વહુની
લડાઈઓ ચાલતી જોવામાં આવે છે. આવી
રીતે જે મૂર્ખ સ્ત્રીઓ હોય છે તેજ. કરેછે;
એથી પોતાના પતિનો પ્યાર પોતાના ઉપ-
રથી કમિ થાય છે. પોતાના પતિનાં માત-
પિતાની—પોતાના સાસુ સસરાની સાથે અણુ-
બનાવ રાખવાથી શું તેને—પતિને માઠું ન
લાગે ? તમારાં માત પિતાની સાથે કોઈ ક-
જીઓ કંકાસ કરતું હશે અથવા તેમનું અ-
પમાન કરતું હશે તો શું તમને માઠું ન-
હિ લાગશે. ? અલબત લાગશેજ. જ્યારે એ-
મ છે ત્યારે જો તમે તમારા સાસુ સસરા-
ની પ્રત્યે તેવી ખરાબ વર્ત્તણુંક—ચાલ ચ-
લાવશો તો અવશ્ય તમારો પતિ તમને નિં-

દશોજ; તેની પ્રીતિ તમારા ઉપર જોઇએ તેટલી–અગાધ–રહેશે નહિ; અને તેથી તમે મ્હોટા દુઃખમાં આવી પડશો. વળી તેની સાથે તમારે એટલું પણ યાદ રાખવાનું છે કે આપણે પણ આગળ ઉપર સાસુ થઇશું અને તેવે વખતે આપણા રિવાજ જોઇ—સાંભળીને આપણી વંધુ આપણા પ્રત્યે પણ તેવીજ વર્ત્તણુંક રાખતાં શીખશે; જેથી છેવટે તમને પણ માઠું લાગવાનો વખત—ભવિષ્યમાં આવશે; તમે તમારાં સાસુ સસરા પ્રત્યે જેવી રીત રાખીને વર્ત્તશો તેવીજ રીતથી તમારી વધુઓ—વહુઓ તમારી સાથે ચાલશે. માટે દરેક સ્ત્રીએ પોતાનાં સાસુ સસરાને દેવરૂપ માનીને તેમને પૂજવાં; અને હમેશાં તેમનું માન રાખવું.

દિયર અને જેઠને પોતાના ભ્રાતૃ—ભાઈ તુલ્ય ગણવા જાઈએઃ જેવી રીતે પોતાના વડિલ બંધુ તરફ તમે પ્રેમથી અને

ભક્તિ ભાવથી જૂઓ છો તેવીજ રીતે તેની-જોડની સાથે પણ ચાલો. કોઇ પણ વખતે તેને ધિક્કારશો નહિં; તેમજ તેના તરફ દ્વેષ બુદ્ધિથી જોશોમાં. તમારા દિયરને પણ હમેશાં તમારા લઘુ ભ્રાત—ભાઇ તુલ્ય ગણી તેમના ઉપર સ્નેહ રાખજો, અને જેવી રીતે જગત્ જનુની સીતાજી પોતાના દિયર લક્ષ્મણ ઉપર જેવો સ્નેહ રાખતાં હતાં તેવો સ્નેહ તમે તમારા દિયર ઉપર રાખીને હમેશાં તેની સાથે મમતાથી અને માયાળુ પણાથી વર્તજો; તેમજ તમારા દિયર જોડનાં બાળકોને પણ તમારાં પોતાનાં સંતાન—છોકરાં તુલ્ય ગણીને તેમના ઉપર પ્રેમ—વાત્સલ્ય પ્રેમ રાખો. તમારાં પોતાનાં પુત્ર પુત્રીને જેવી રીતે લાડ લડાવો અને જેવી મમતા તેમના ઉપર રાખો તેવીજ મમતા તમારા દિયર જોડનાં બાળકો ઉપર રાખી તેમને હેતથી લાડ લડાવજો; તથા તેમનું ભ-

ત્નુ થવા માટે શુદ્ધ—ખરા અંતઃકરણથી યત્ન કરજો.

ઘણી સ્ત્રીઓ પોતાની દેરાણી જેઠાણી સાથે કજીઓ કંકાસ કરેછે તથા તેમની સાથે ખરાબ રીતે વર્તેછે તેમજ ઘણીક તો તેમને પોતાની કટ્ટી—પૂર્ણ શત્રુઓ તુલ્ય ગણે છે; તમે તેમને તેવાં ન માનશો; તેમની સાથે તમે ઘણા હેતથી ચાલજો તેમને તમે તમારી ખરી બ્હેન અને સખી તુલ્ય ગણીને તમારા સુખ દુઃખની વાર્તાથી જાણીતી કરી આરસપરસ એક એકનાં સુખ દુઃખનાં વિભાગી થજો. જો તેમ નહિ કરતાં તેમનો દ્વેશ કરશો, કદિ તેમની સાથે ટંટો ફિસાદ કરશો, તેમને તમારાં શત્રુ તુલ્ય ગણશો તો તેથી ઘણુંજ અનિષ્ટ—ખરાબ પરિણામ આવશે. એમ કરવાથી ભાઇઓભાઇમાં વિરોધ ભાવ ઉત્પન્ન થઇ કુટુંબ કલહ ઉત્પન્ન થશે; તથા છેવટે કુસંપ ઉત્પન્ન થઇ ના-

શકારક પરિણામ આવશે; માટે તમે તમારી દેરાણી જેઠાણી પ્રત્યે સગી બ્હેનો અને પ્રિય સહિયરો—સખિઓની પેઠે વર્ત્તણુંક રાખજો.

વળી ઘણીક સ્ત્રીઓ પોતાની નણંદ, ભાણેજો, વગેરે કુટુંબીઓ ઉપર ઘણી ઈર્ષા રાખેછે, તમે તેમ કરવામાં ઘણું હિણુંપદ સમજજો. સ્વામીની બ્હેન અને ભાણજાં, તે પોતાની બ્હેન, અને ભાણજાં ગણવાં જોઈએ, તેમના ઉપર પ્રેમ રાખવો, તેમની સાથે સ્નેહથી વર્ત્તવું; તેમને હમેશાં પ્રિય લાગે તેવી રીતે તેમની સાથે હળી જવું અને તમને તેઓ પોતાનાં ખરાં હિતસ્વી માને તેમ તમારે તેમની સાથે ચાલવું.

(૩) **ચાકરો** સાથે છેક હળી જવું નહિ તેમને મર્યાદશિળ કરવા, તેમની સાથે ઘણી છૂટથી વાત ચિત્ત ન કરવી તથા તેઓને પોતાની ગુપ્ત વાતો જણાવવામાં મોટો દોષ ગ-

ણુવો. તેમને સારી ચાલ ચલકતના થવાને સલાહ આપવી. ચાકરો પસંદ કરતી વખતે-જ તેમની સારી રીતભાત જોઇનેજ રાખવા; રાખ્યા પછી તેમની કોઇ પણ ચાલ દોષિત માલુમ પડે તો તુરત તેમને તે બાબતનું•સાસન—શિક્ષા કરવી. એક બે વખત તેવી શિક્ષા કરવા છતાં પણ તેમની રીતભાત સુધારે નહીં તો તેમને પોતાના ઘરમાંથી દૂર કરવા—કાઢી મૂકવા. ચાકર નોકર ઘણુ કરીને હલકા કૂળના અને અકેળવાયેલા હોય છે માટે તેમની સોબતમાં પોતાનાં બાળકોને વધુવાર મૂકવાં નહિ; અને જે વખતમાં તેમની સોબતમાં હોય તે વખતે તેઓ તમારાં બાળકોને કેવી વર્ત્તણુંક શીખવેછે તેપર ખૂબ લક્ષ આપો; અને જો કાંઈ ખરાબ વર્તણુંકનું શિક્ષણ માલુમ પડે તો તેમને તેમ કરતાં અટકાવો; કેમકે ચાકર નોકરો—હલકા

નોકરોને હાથે છોકરાંને ઉછરવા દીધાથી તેઓના મન ઉપર તેઓ—ચાકરો નઠારી છાપ બેસાડે છે અને છેવટે તેથી બાળકો દુર્ગુણી નિવડે છે. ચાકરો પ્રત્યે ક્રૂરતા અને નિર્દયતાથી ન જોતાં તેમનાપર સ્નેહ અને દયા રાખો; સારી નોકરી કરનાર ચાકરની કદર જાણો; તે સાજા માંદા હોય તો તે વખતે તેમના ઉપર વાત્સલ્ય પ્રેમ રાખી તેમની બરદાશ લો, તથા તેમને તમારી નોકરી કરવી એ એક સ્વર્ગ સુખ તુલ્ય ભાસે એમ કરો.

(૬) **ગૃહ વ્યવસ્થા**—રહેવાના ઘરમાં નિદાન ત્રણ ખંડ હોવા જોઇએ. એ ત્રણ ખંડ પૈકી એકમાં સામાન ભરવાની, બીજામાં રાંધવાની અને ત્રીજામાં સૂવાની ગોઠવણ કરવી જોઇએ.

સામાન ભરવાના ઓરડામાં દરેક વસ્તુ નિયમિત મુકરર કરેલી જગ્યાએજ રાખવી.

ઘણી સ્ત્રીઓ વ્યવસ્થા તે શું છે? તે સમજતી નથી અને તેથી દરેક વસ્તુઓ ગમે ત્યાં નાંખે છે. જ્યારે તે વસ્તુની જરૂર પડે છે ત્યારે આખું ઘર સોધવું પડે છે તોપણ તે વસ્તુ જે વખતે ઉપયોગમાં લેવી જોઇએ તે વખતે મળતી નથી; આવી રીતે અવ્યવસ્થા રાખવાથી ઘણી અડચણ પડેછે ને વખત વ્યર્થ જાય છે. માટે દરેક સ્ત્રીએ દરેક સામાન વ્યવસ્થા બંધ ગોઠવવો કે તેની જરૂર પડેથી દરેક વસ્તુ તુરત જ હાથમાં આવે. ઘરમાં જો એકજ હાથથી વસ્તુઓ લેવા મૂકવાનું ન થતાં બીજાંઓને હાથ પણ કાર્યભાર હોય તો બીજાં મનુષ્યોને સખ્ત સુચના કરવી જોઇએ કે જેણે તેણે પોતે લીધેલી વસ્તુ તેના મુકરર ઠેકાણેજ મૂકવી. આમ કરવાથી દરેક વસ્તુ જે વખતે જોઇએ તેજ વખતે મળે છે; વધુ વ-

ખત રોકાતો નથી; ઘર સફાઈ—વ્યવસ્થા-બંધ દેખાય છે. દરેક પ્રેક્ષકને—જોનારને તે આલ્હાદ—આનંદ ઉપર્જાવે કરેછે અને ઘરનાં દરેક મનુસ્યોને તે અનુકુળતા ભર્યું થઈ પડે છે; માટે સામાન ભરવાના ખંડમાં દરેક વસ્તુ યોગ્ય ઠેકાણે વ્યવસ્થા બંધ ગોઠવવી.

રાંધવાના ખંડમાંથી ધૂમાડો બહાર જવાનું સાધન રાખવું જોઇએ. બનેતો રાંધવાના ખંડમાં રસોઈના ઉપયોગમાં લેવાનું સ્વચ્છ પાણી પણ મળે તેવી ગોઠવણ રાખવી. રસોડું સ્વચ્છ રાખવું; બીજે ત્રીજે દિવસે રસોડાના માળણ ઉપરનાં જાળાં પાડી સાફ રાખવું; ને દરરોજ દરેક વખતે રસોડું છોબંધ હોયતો તેને પાણી રેડી ઘસીને સાફ ધોવું. રસોઇ તૈયાર થયા પછી શેષ—બાકી રહેલાં લાકડાં તથા કોયલા યોગ્ય સ્થળે નાંખીદેવા, વાસણો સાજીને—સાફ કરીને એક બાજુએ

વર્ગ વાર ગોઠવી દેવાં; પાટલા પણ દરરોજ ધોઇ સાફ કરીને એક બાજુએ મૂકવા; રસોડામાંથી પણ બે વખત કચરો કાઢીને તેને સાફ રાખવું.

સૂવાનો ઓરડો સર્વથી મોટો હોય તે પસંદ કરવો. તે ઓરડો એવો હોવો જોઈએ કે તેમાં તડકો, હવા, અને અજવાળુ આવી શકે. સૂવાના ઓરડામાં જેમ બને તેમ બીજી વસ્તુઓ થોડી રાખવી. સૂવાના ઓરડામાં મુખ્ય કરીને સૂવાનો પલંગ, એક હિંડોળો, ગોદડાં નાંખવાનું સાધન, કપડાં રાખવાનું કબાટ કે પેટી, લખવાને માટે મેજ—ટેબલ, અને વાંચનને માટે ઉત્તમ ગ્રંથોનો સંગ્રહ, એટલું અવશ્ય રાખવું. એ વસ્તુઓને એવી રીતે ગોઠવવી જોઇએ કે ઓરડામાં આવતા હવા અજવાળાને તે વસ્તુઓ રોકાણ કરી શકે નહિ; તેમજ ઓ-

રડો સાફ કરવામાં તે વસ્તુઓ અડચણ રૂપ થઇ પડે નહિં. શકિત હોય અને બને તો ટાઇમ જોવાને એક ઘડિયાલ, મહાન પુરૂષો નાં ચિત્રો તથા બોધ વચનોના છાપેલા તકત્તા ભીતપર વ્યવસ્થા બંધ ગોઠવીને મૂકવા; તથા સૂવાની જગ્યામાં ઉપરની બાજુંએ છત બાંધવી. સવારમાં ઉઠીને સૂવાના ઓરડાનાં સઘળાં બારી બારણાં ખુલ્લાં મૂકી દેવાં; એમ કરવાથી ઓરડાની ખરાબ હવા હોયછે તે બહાર જાયછે અને બહારની સારી હવા અંદર દાખલ થઇ શકેછે. સૂવાના ઓરડાને દિવસમાં બે ત્રણ વખત ઝાડીને સાફ રાખવો; તથા ભીંતો પણ તે ઉપરનો કચરો દરરોજ કાઢી નાંખી સાફ રાખવી. સૂવાના ઓરડામાં જે જે વસ્તુઓ—કબાટ, ખુરશી, મેજ, ખડિઓ, પુસ્તકો; મહાન પુરૂષોનાં ચિત્રો તથા બોધ વચનોના તકત્તા, ઘડીઆળ વિ-

ગેરે જે કાંઇ હોય તે હમેશાં કપડાથી લોહી-ને—લુછીને સાફ રાખવાં. દરરોજ સૂવાના ઓરડામાં સુગંધીક પદાર્થોનો ધૂપ કરવો જોઇએ; વિશેષે કરીને ઉન્હાળામાં (જે વખતે કોલ્હેરાનો ઉપદ્રવ ચાલવાનો સંભવછે તે વખતે) તો અવશ્ય ધૂપ કરવો. ધૂપ કરવાથી ઓરડાની દુર્ગંધ દૂર થઈ ખરાબ હવા નો નાશ થાયછે; અને આખો ઓરડો સુગંધ મય બનેછે; તેમજ માખ મચ્છર વગેરે જંતુઓ ઓછાં થઈને અંદર સૂનાર મનુષ્યોની તંદુરસ્તીને સુધારેછે. ઓરડો—સૂવાનો ઓરડો સાંકડો—ન્હાનો હોયતો તેમાં વધારે માણસોને સૂવાની ગોઠવણ કરવી નહી; કેમકે તેમ કરવાથી અંદર સૂનાર માણસોની પ્રકૃત્તિ ઓરડામાં પ્રસરાતા ખરાબ વાયુથી બગડેછે. સૂવાની પથારીનાં ગોદડાં, ચાદરો, અને ઉશીકાં તથા ગાલમશુરીઆં દરરોજ ત-

ડકે નાંખવાં જોઈએ; કેમકે તેમ કરવાથી તે માંહેલી ખરાબ હવાનો નાશ થઈ તે સ્વચ્છ થાયછે. ચાદરો દર ત્રીજે દિવસે અવસ્ય પાણીથી ધોવી કે ધોવડાવવી જોઇએ; કેમકે રાત્રે સૂતા પછી શરીરમાંથી જૂદી જૂદી જાતના દુષિત પદાર્થો બહાર નીકળેછે; અને તે ચાદર ઉપર ચોંટેછે; જે ધોવાથી સાફ થઈ જાયછે માટે હમેશાં દર ત્રીજે દિવસે પથારીમાં પાથરવાની ચાદરો ધોવરાવી સાફ રાખવી રખાવવી.

૫ ગર્ભાવસ્થામાં રાખવાની સંભાળ—સ્ત્રીઓને ગર્ભવંતી થવું એ તેમની જીંદગીમાં એક અગત્યનો ફેરફાર કરનારૂં છે. પ્રથમ ગર્ભાવસ્થા પહેલાં તે સ્ત્રી નવોઢા ગણાતી હતી, તે વખતે તેને પોતાનીજ કાળજી હતી; ગર્ભવંતી થવાથી સ્ત્રીને માથે એક મહત્વનો બોજો આવી પડેછે. આવે વખતે—

ગર્ભાવસ્થામાં સ્ત્રીએ પોતાની અને પોતાના ઉદરમાં— ગર્ભમાં રહેલ બાળક, એ બંનેની સંભાળ રાખવાની હોયછે. ફકત પોતાના શરીરની યોગ્ય સંભાળ રાખવાથી ગર્ભનું રક્ષણ એની મેળેજ કુદરતી રીતેજ થાયછે માટે સ્ત્રીએ ગર્ભિણી થયા બાદ નીચે પ્રમાણે વર્ત્તવું જોઇએ.

ગર્ભિણી સ્ત્રીએ હલકો એટલે જલદીથી પચી શકે એવો ખોરાક ખાવો જોઇએ, વળી જે ખોરાક ખાવો તે પેટ તણાય તેટલો ન ખાવો; તેમજ ભૂખ્યાં પણ નરહેવું. ફકત પોતાને જમવા દરમ્યાન એક બે ઓડકાર આવે, પાણી પીવાથી સંતોષ વળતો જણાય એટલે જમવાનું બંધ કરવું. એ ઉપરાંત જેટલુ જમવું તેટલું વધારે— પેટ તણાય તેમ જમ્યાની ગણત્રીમાં ગણાયછે, માટે ગર્ભવંતી સ્ત્રીએ હમેશાં ઉપરના નિયમ પ્રમાણે જમવું. વળી આપણી ઘણી ગુજરાતી મૂર્ખ સ્ત્રીઓ આવે

વખતે— ગર્ભાવસ્થામાં આમલી, આંમળાં, માટી, નળિઆં, રાખોડી વિગેરે પદાર્થો ખાયછે. આવી વસ્તુઓ ગર્ભમાં રહેલા બાળકને નુકશાન કર્ત્તાછે; માટે તેવી વસ્તુનો વધારે ઉપયોગ કરવો નહિ. વળી ગર્ભિણી સ્ત્રીએ હમેશાં સ્વચ્છ કપડાં પહેરવાં, આભૂષણોથી શરીર સુશોભીત રાખવું અને હમેશાં સ્વચ્છ હવામાં રહેવું, મનમાં કદિ નઠારા વિચાર લાવવા નહિ, વેહેમ ભરેલી અને નઠારા સંસર્ગવાળી વાતો કરવી નહિ, ભયાનક સ્થાને જવું નહિ, હમેશાં મનને આનંદિત રાખવું અને સર્વદા સારી સોબતમાં રહી ઈશ્વર પ્રાર્થના કરી દિવસ વ્યતિત કરવા. ગર્ભ રહ્યા પછી તે ગર્ભ ચોથે માસે માતાના હૃદય સાથે સંબંધ ધરાવેછે માટે ચોથા માસમાં અને તે પછીના માસોમાં સ્ત્રીએ જે જે પદાર્થો નો ભાવ

આવે વખતે ફક્ત અતિ ગુરૂ, અતિ ઉષ્ણ, અને અતિ તિક્ષણ તથા નિશા વાળી ચીજોનો ત્યાગ કરવો. કેમકે તે ચીજો ગર્ભનો ઉપઘાત કરનારીછે. ગ્રંથ કરતા

થાય તે ખાવા. જો ઇચ્છેલી વસ્તુ ભાવ થાય તે વસ્તુ સ્ત્રી ખાતી નથી તો તે ગર્ભ ગર્ભમાંજ નાશ પામેછે, કિંવા વિભ્રમતા વાળો બનેછે. ગર્ભવંતી સ્ત્રી આમાસમાં—ચોથા માસમાં જે જે પદાર્થોની ઇચ્છા થાય તે તે પદાર્થોનું જો તે સેવન કરેછે તો તેના ગર્ભથી ઉત્પન્ન થનાર બાળક વિર્યવાન, મોટા આયુષ્ય વાળું અને પુષ્ટ થાયછે. ગર્ભ વંતીને ગર્ભરહ્યે ચાર માસ થતાં તેના મોઢામાં પાણી આવેછે, અન્ન ઉપર અરૂચી થાયછે, ખાટા ખારા પદાર્થો ખાવાની ઇચ્છા થાયછે, તેનું શરીર ભારે લાગેછે, નેત્રો શિથિલ બનેછે, શરીર કૃષ—દુર્બળ થાયછે, પગે તોડ થાયછે કે સોજા આવેછે, સ્તનની દીંટડીઓ કાળાશ પકડેછે. આ સઘળાં ચિન્હ જણાય કે જાણવું જોઇએ કે હવે ગર્ભવંતીને ગર્ભ રહ્યે ચોથો માસ થ-

ચોછે. આવે વખતે તેણીએ પોતાને જે જે પદાર્થોની ઈચ્છા થાય તેનું સેવન કરવું. આ પછી—ચોથો માસ બેસે તે પછી—સ્ત્રીએ ભયંકર પદાર્થોનાં દર્શનથી દૂર રહેવું તથા તેણીએ હાથી, ઘોડા, ગાડી વગેરે વાહનોનો ત્યાગ કરવો. પાંચમા અને છઠ્ઠા માસથી ગર્ભવંતીનું શરીર દુર્બળ થતું જાયછે માટે તે વખતે સ્ત્રીએ ગભરાવું નહિ. આવખતે તેણીએ દૂધ અને ઘી સાથે સાઠી ચોખા ખાવાનો મહાવરો રાખવો; અને ૭ માસથી તે પ્રસવ થતા સુધી સ્ત્રીએ દૂધ અને ઘીની કાંજી બનાવી ખાવી જોઇએ. ગર્ભાવસ્થામાં સ્ત્રીએ મોટેથી બોલવું નહિ, ઉંચી જગ્યાએ ચઢવું નહિ, ઉંચા પલંગપર સૂવું નહિ, અતિશે ક્રોધ કે હર્ષ બતાવવો નહિ, વળી ગર્ભવંતી સ્ત્રીએ ગર્ભાવસ્થામાં અંગને કસરત મળે એવી હલકી મહેનત—ઘરનું કામકાજ કરવું; કેમકે

એમ કરવાથી શરીરનું લોહી બરાબર ફરેછે; અને તેથી વાયુ વિગેરે વિકારોથી પીડા થતી નથી; માટે ગર્ભાવસ્થામાં અંગ મહેનત કરવી, પણ તે અતિ ન હોવી જોઇએ.

સુવાવડ વખતે અને તે પછી જ્યાં સૂધી બાળક સ્ત્રીને ધાવે છે ત્યાં સુધી આપણી સ્ત્રીઓ ઘણી પ્રકારની પરહેજી પાળેછે; એ ઘણું નુકશાનકારક છે માટે પોતાની તથા બાળકની આરોગ્યતા ચહાનાર સ્ત્રીએ વહેમી સ્ત્રીઓના વહેમી રિવાજથી દૂર રહેવું. સૂવાવડના વખતમાં અને તે પછી બાળક ધાવતુ હોય ત્યાં સૂધી સ્ત્રીને વધુ સત્વ—જીવન તત્વવાળા પદર્થો ખાવાની જરૂર છે. તેણીને આવે વખતે પોતાનું તથા પોતાના બાળકનું બંનેનું પોષણ કરવાનું હોહે છે માટે તેણીએ તે વખતે પૌષ્ટિક ખોરાક ખાવો જોઇએ. હમેશના ખોરાકમાં—સુ-

વાવડના ખોરાકમાં ચા, દૂધ કાંજી, ખીચડી, ભાત, શીરો, રોટલી વગેરે ખોરાક ખાવો– સુવાવડમાં ઘણી સ્ત્રીઓ ઉપર બતાવેલો હલકો ખોરાક તથા શીરા જેવો હલકો પણ પૌષ્ટિક ખોરાક મૂકીને લાડુ, શિખંડ, દૂધપાક વગેરે અતિ ભારે ખોરાક ખાયછે. અમારૂં કહેવું એમ નથી કે તેણીએ તેવો ખોરક બિલકુલ નહિજ ખાવો; એ પદાર્થો ભારે હોવાથી સ્ત્રીને પચી નહિ શકવાથી અજીર્ણ વિકાર થાય છે; અને તેથી શક્તિ નહિ આપતાં તેવો ખોરાક ઉલટો નુકશાન કર્ત્તા થઈ પડે છે; માટે દરેક સ્ત્રીએ સારી રીતે પચી શકે તેવોજ પૌષ્ટિક ખોરાક બરોબર ભૂખ લાગે ત્યારે ખાવો જોઇએ. વળી સ્ત્રીને ગર્ભાવસ્થામાં અને સુવાવડમાં ઝાડો, ઉલટી, તાવ, મરડો વગેરે વ્યાધિ થાય તો તેણીએ અવશ્ય કોઇ હોંશિયાર **આયુર્વેદી**–

વૈદશાસ્ત્રી કે ડૉકટરની દવા કે સલાહ લેવી. આવે પ્રસંગે ઘણી સ્ત્રીઓ વહેમી હોયછે તેથી તેમ કરતી નથી એ ઘણું નુકશાન કર્તા છે; માટે જ્યારે જ્યારે ઉપરના રોગ જણાય ત્યારે ત્યારે હોંશીયાર **આયુર્વેદીની** સલાહ લઈ તે જે દવા—ઔષધ આપે તે વિશ્વાસ અને આસ્તિનથી લેવું જોઈએ. ઉપર પ્રમાણે દરેક સ્ત્રીએ ગર્ભાવસ્થામાં સંભાળ રાખી વર્તવું.

(૬) બાળકને ઉછેરવાની રીતઃ— બાળક જન્મે તે પછી તેને આપણી—ગુજરાતી સ્ત્રીઓ બે ત્રણ દિવસ સુધી નહિ ધવરાવતાં તેને ગળથૂલી પાઇને રાખે છે. આ રિવાજ અમારા મત પ્રમાણે સારો નથી. પ્રથમ સ્ત્રીઓને તુરત ધાવણ નહિ આવતુ હશે એમ ધારીને આ રિવાજ પાડયો હશે એમ લાગે છે પણ હવે તો એ એક સાધાર-

ણુ—દરેક સ્ત્રીને માટે—સામાન્ય ધારો થઈ પડયો છે. બાળક જન્મે છે કે તુરતજ સ્ત્રીના સ્તનમાં દૂધ આવે છે; છતાં કદિ ન આવે તો સ્તન પાન કરાવવાથી સ્ત્રીના સ્તનમાં જલદી-દૂધ આવે છે એમ અમે અનુભવ સિદ્ધ કહીએ છીએ (અપવાદ તરીકે પ્રકૃત્તિના પ્રમાણુંમાં કેટલીકને નથી પણ આવતું—) માટે સ્ત્રીએ બાળક જન્મે કે તુરતજ સ્તનપાન કરાવવું. કદિ કોઇ સ્ત્રીને બે ત્રણ દિવસ સૂધી બિલકુલ ધાવણ ન આવે તો તેવે વખતે ધિરજ પકડવી. પ્રથમના બાર કલાક સૂધી જો બાળકને ધવરા-વવામાં કે ગળથૂથી પાવામાં ન આવે તો ચાલી શકે છે; તે પછી ધાવણ આવતા સૂધી ગળથૂથી ને બદલે ગાયનું દૂધ, ગરમ પાણી, અને થોડી સાકરનું મિશ્રણ કરી તે બાળકને દર બે બે ક-

લાકે આપતા રહેવું. × આ મિશ્રણ લગભગ સ્ત્રીના દૂધને મળતું આવેછે. ધાવણ આવ્યા પછી સ્ત્રીએ પોતાના બાળકને નિયમસર વારા ફરતી બંને સ્તને પયપાન કરાવવું—ધવરાવવું. બાળકને વારંવાર ધવરાવવાથી અજીર્ણ થાય છે માટે તેને પયપાન કરાવ્યા પછી ધાવેલું દૂધ પાચન થવાના જેટલો વખત જોઈએ તેટલો વખત વિત્યા પછીજ તેને ફરીને ધવરાવવું—બાળકને ઘણું કરીને પહેલે માસે દર દોઢ દોઢ કલાકે, બીજે માસે બએ કલાકે અને એજ પ્રમાણે બાળક સાત આઠ માસનું થાય ત્યારે દર ત્રણ ચાર કલાકે ધવરાવવાની ટેવ રાખવી. વળી ધવરાવતી વખતે ધિરજથી તથા ઉમંગથી, આનંદી અ-

---

× એક ભાગનું તાજું દૂધ અને બે ભાગ ઉનું પાણી મેળવીને તેમાં જરા સાકર નાંખી તે પાવું. સાકરનો ભાગ વિશેષ નાંખવો નહિ.

ગ્રંથકર્ત્તા.

ને શાન્ત સ્વભાવથી તેને પયપાન કરાવવુ. જે વખતે પોતાનું મન વ્યગ્રતામાં હોય, મનમાં શોક, કંટાળો, નિરાશા, કે ભય હોય તો તે વખતે સ્ત્રીએ બાળકને ધવરાવવું નહિ. એવે વખતે સ્ત્રીનું દૂધ બગડેલું હોય છે અને તેવું દૂધ બાળકના પેટમાં જવાથી તેને અનેક વ્યાધી ઉત્પન્ન કરે છે; માટે સ્ત્રીએ હમેશાં બાળકને પયપાન કરાવતી વખતે ઘણીજ ગમ્મતમાં, આનંદ પામતાં સહર્ષથી ધવરાવવું. વળી બાળકને વારંવાર રડતુ જોઈને તેને વારંવાર ધવરાવવું નહિ; તેમજ સ્ત્રીએ આવે વખતે—બાળક ધવરાવવાનું હોય તેવે વખતે ઘણું ટાઢું, ઘણું ઉષ્ણુ, ખાટું ખારૂં, અને ભારે ખાણું ખાવું નહિ. બાળક સાત માસનું થાય ત્યાં સુધી તેને ફક્ત ધાવણ—સ્ત્રીના દૂધ ભેર રાખવું—અન્ન બિલકુલ ખવરાવવું નહિ. જ્યારે બાળક સાત માસનું થાય ત્યાર પછી જરૂર જણાય તો નીચેનો ખોરાક આપવો.

" ૧ ઘઉંના લોટને શેકવો, તેને પાણીમાં ઉકાળીને તેમાં થોડી સાકર મેળવવી એટલે સાધારણ પાતળી રાબ થશે તે પાવી; લોટ જરા રતાશપર આવે તેવો શેકી તેને ફરીને ઝીણો વાટીને બાટલી—શીશીમાં ભરી રાખવો પછી તેની જ્યારે જોઇએ તે વખત પાતળી કાંજી બનાવી ચટાડવી.

(૨) રોટલીને શેકીને તેના ખાખરા બનાવવા, તેને ખાંડી ચાળીને ઝીણો લોટ કરવો પછી તેને બાટલી—શીશીમાં ભરી મૂકવો અને ઉપર બતાવ્યા પ્રમાણે તેની પાણી અને સાકર સાથે રાબ કરી બાળકને ચટાડવી.

(૩) બિસ્કુટને વાટી તેના લોટની રાબ પાણી સાથે કરવી અને તેમાં સાકર ઉમેરી ચટાડવી.

(૪) ચોખાને થોડા પાણીમાં એક કલાક પલાળી તે પાણી કાઢી નાંખવું અને પછી બીજું પાણી ઉમેરી તેને ચઢાવવા; ચઢી જાય એટલે પાણીમાં ગાળી એક રસ કરી નાં-

ખવા; તેમાં સાકર ઉમેરીને પછી રાબ જેવું થએ બાળકને ચટાડવાના ઉપયોગમાં લેવું. (૫) તાજુ ગાયનું દૂધ એ બાળકને સર્વોત્તમ ખોરાક છે; બીજા સર્વ ખોરાક કરતાં ગરમી, પૌષ્ટિ અને પોષણનું કામ તે સારી રીતે કરેછે, દૂધ એકજ ગાયનું વાપરવું. ગાય બને તો પોતાને ઘેરજ રાખવી. તેમ ન બને તો જે ગાયનું દૂધ લેતા હોઇએ તે પોતાની નજરે દો'વરાવીને લેવું. જૂદું જૂદું દૂધ વાપરવાથી શરીર સારૂં રહેતું નથી."

ઉપર લખેલી દરેક ચીજની—રાબમાં ગાયનું દૂધ મેળવી શકાય છે. જો આ દૂધ માફક ન આવે તો મૂકી દેવું. બાળક ધાવતું હોય તો દૂધ મેળવવાની જરૂર નથી; પણ ધાવણ મૂકાવ્યા પછી દૂધ મેળવવાની અવશ્ય જરૂર છે. પ્રથમ દૂધ થોડું ને પાણીનો ભાગ વધારે રાખવો; અને ધીમે ધીમે જેમ બાળક મોટું થાય તેમ તેમ દૂધનો ભાગ વધાર-

તા જવું. મોટા બાળકને ફક્ત આટો—શોટ ઉકળે એટલુંજ પાણી અને બાકીનો ભાગ દૂધનો ઉમેરવો, દૂધ ગરમ કરેલું વાપરવું.

બાળકને હમેશાં સાદો અને એક સરખો ખોરાક આપવો; કેમકે તે તેને ઘણેજ માફક આવે છે. નાના બાળકને ઘણું ઘી ખવરાવવાની જરૂર નથી; કારણ કે આ વખતે તેનો જઠરાગ્નિ સાધારણ હોય છે; એટલે તે વખતે તેના જઠરાગ્નિને જેટલું માફક આવે તેટલું ઘી તેને આપવામાં આવતા દૂધમાં હોયછે માટે બીજું વધુ ઘી ખવરાવવાની જરૂર રહેતી નથી. બાળકને ખવરાવવાનો ખોરાક દરેક વખતે તાજોજ બનાવવો અને તેને સ્વાદિષ્ટ કરવાને ચપટી ભરીને મીઠું પણ નાંખવું. બાળકના ખોરાકમાં હમેશાં સાકર થોડીજ વાપરવી; કેમકે વધારે સાકરથી પાચન શક્તિને નુકશાન થાયછે — તેનું જોર કમિ થાયછે.

બાળક ધાવતુ હોય તે વખતે જો તેને ઉપર લગેલો ખોરાક આપવાની અગત્ય—જરૂર પડેતો તે ફક્ત દિવસમાં બેજ વખત—સવાર સાંજ આપવો. બાળક જ્યારે ધાવણું હોય ત્યારે સ્ત્રીએ દિવસમાં ત્રણ વખત જમવું જોઇએ. એ વખત પાંચ પાંચ કલાકને અંતરે રાખવો. જમવામાં પકવાન વગેરે ભારે પદાર્થ લેવા નહિ; તેમજ ઘણા ખાટા પદાર્થો, મશાલો, તથા કઠોળ ખાવાની પરહેજી રાખવી; પણ જો હમેશાં ખોરાકમાં દૂધ લેવાની સવડ હોયતો તે લેવું; કેમકે બાળકને ધવરાવનાર સ્ત્રીને તે ઘણું જરૂરનું છે. જ્યારે બાળક એક વરસનું થાય ત્યારે તેને ધાવતું બંધ કરવું —એટલે તેનું ધાવણ છોડાવવું. ધાવણ છોડાવવું તે એકદમ નહિ છેડાવતાં તેને ધીમે ધીમે છોડાવવું. જેમ જેમ ધાવણ છોડાવતાં જવું તેમ તેમ બાળકને બહારનું દૂધ અને

ખોરાક વિશેષ આપવો. પોતાના બાળકને સારી સ્થિતિમાં ઉછેરનાર દરેક માતાને ઉપરની બાબતોને ચૂસ્ત રીતે વળગી રહેવાને અમે ભલામણ કરીએ છીએ.

(૭) બાળકોનું શિક્ષણ—બાળકો માબાપને સુખ આપે છે, શાન્તિ આપે છે, તેમને પ્રફુલ્લ રાખે છે, તેમજ ખુશનુમય બનાવી માબાપોને ઉપયોગી કરેછે. જેવી રીતે સારાં છોકરાંથી સુખ છે તેવીજ રીતે કુસંતતી—નઠારાં છોકરાંથી દુઃખ છે; માટે દરેક માબાપે પોતાની સંતતી—છોકરાં સપુત થાય તેમ કરવું. બાળક પિતાના—બાપના કરતાં માતાના સહવાસમાં વધારે રહે છે. જે વખતમાં બાળકને માતાના સહવાસમાં રહેવાનું છે તે સમય—વખત એવો છે કે બાળક પોતાની આખી જીંદગીમાં જેટલું શીખી શકતાં નથી તેટલું તે વખતમાં—બાળપણમાં શીખી શકેછે. છોકરાં—બાળક એ માબાપના શરીરના વિ-

ભાગ છે; એમ **આયુર્વેદ શાસ્ત્ર—વૈદ્યકશાસ્ત્ર** જાણનારને કહ્યા સિવાય ચાલશેજ નહિ. આમ હોવાથી માબાપના અંતરમાં—મનમાં જેવા વિચાર તથા જેવા મનોભાવ હોય છે, તેવાજ બાળકોમાં દાખલ થાય છે— એટલે માબાપના સ્વભાવનાં ચરિત્રોનાં ભોક્તા--ભોગવનાર તેમનાં સંતાન—છોકરાં થાય છે. તેમનો સ્વભાવ અને ચરિત્રો પણ તેવાંજ—માબાપના જેવાંજ થાય છે. માટે બાળકોનું સર્વ પ્રકારે શુભ—સારૂ કરવાની ઇચ્છા રાખનાર માબાપોએ પોતાના સ્વભાવ અને ચરિત્રો ઉત્તમ રાખવાં; અને પોતાના મનમાં દુષ્ટ દોષો રહ્યા હોય તો તેનો ત્યાગ કરવો. બાળક જન્મે ત્યારથીજ માતાએ તેના ઉપર સંપૂર્ણ ચોકશી— સંભાળ રાખવી; અને ઘણા યત્નથી અને ઘણી સાવચેતીથી તેનું લાલન પાલન કરવું. બાળકો બાળપણમાં માતાના ધાઢા સંબંધમાં રહેવાથી માતાના ગુણોને

તે જલ્દીથી ગૃહણ કરે છે, અને તે ગૃહણ કરેલા ગુણોની એવી તો સજ્જડ છાપ પડેછે કે તે ગુણો હમેશાં—મોટપણે પણ તેનામાં કાયમ રહે છે. માટે માતાએ પોતાના બાળકને બાળપણથીજ ઉત્તમ ગુણો શીખતાં કરવાં; બાળપણથીજ તેમને સ્વચ્છ રહેતાં શીખવવું, વહેલાં ઉઠવાની ટેવ પાડવી જુઠું બોલવું, ગાળો આપવી, કજીઓ કરવો. વગેરે કુટેવોનો બાળકના મનમાં જન્મજ થવા દેવો નહિ—બાળપણથીજ તે કુટેવોથી દૂર રાખવાં. બચપણથીજ તેમને દયાળુ સ્વભાવનાં બનાવવાં. ઘણી માતાઓ બાળકને કાંઇ જુજ વાંક માટે મારેછે; આ ટેવ ઘણીજ ખરાબ છે માટે સુજ્ઞ માતાએ પોતાનાં બાળક પ્રત્યે આવું ઘાતકી પણું ચલાવતાં ડરવું જોઇએ; આવી રીતે બગર ગુન્હે સજા કરવાથી બાળક સારૂં શું અને નરશું શુ ? ન્યાય શું અને અન્યાય શું? તે સમજી શકતાં નથી; એટલુંજ નહિ પણ

ન્યાય એ શી વસ્તુ છે તેનો તેમને ખ્યાલ સરખો પણ થતો નથી, અને તેથી તેઓ બાળપણથીજ ખરાબ અને નઠોર થઈ જાય છે; માટે જ્યારે જ્યારે તેમના ગુન્હાના પ્રમાણમાં તેમને સાસન કરવું પડે ત્યારે ત્યારે તેમના ગુન્હાનુ સ્વરૂપ બાળકના મનમાં સમજાવીને ઠસાવવું જોઇએ, વળી સ્ત્રીઓએ—માતાઓએ હમેશાં યાદ રાખવું કે જેવી રીતે વગર ગુન્હે સાસન આપવું એ નુકશાન કર્ત્તા છે તેવીજ રીતે વારંવાર ગુન્હો કર્યા છતાં પણ બાળકોને માફી આપવી તે પણ તેટલુંજ બલકે તેથી પણ વધારે નુકશાન કર્ત્તા છે; એવી રીતે કરવાથી બાળક ધિમે ધિમે મોટા ગુન્હા કરતાં શીખે છે, અને પછી તેની ક્ષમા—માફી મેળવવા યત્ન કરે છે; માટે બાળકોને યોગ્ય વખતે ગુન્હાના પ્રમાણમાં ગુન્હાનું સ્વરૂપ સમજાવીનેજ સાસન કરવું; તથા કોઈ વખતે કરેલા ગુન્હાની યોગ્ય જણા:

ય તો માફી પણ આપવી.

વળી પોતાનાં બાળકો ગમે તેટલાં નહાનાં હોય તોપણ માતાએ તેમની સમક્ષ અમર્યાદ રીતે વર્ત્તવું કે બોલવું નહિ. કેમકે બાળકોનો સ્વભાવ એવો હોય છે કે તમારી અમર્યાદ વર્ત્તણુંકનું તમને ખબર પણ ન પડે એવી રીતે તેઓ શિક્ષણ મેળવે છે; અને તે શિક્ષણ— આવું અજ્ઞાનપણાનું શિક્ષણ તેમના મગજમાં સજ્જડ છાપ મારે છે, જે છાપ ફરીને ભૂસાતી નથી. વળી બાળકને ખરાબ છોકરાંની સોબતથી દૂર રાખવાં; કેમકે ખરાબ સોબતથી ઘણી તિક્ષણ બુદ્ધિનાં અને ઘણાં પ્રસંસનિય નિવડવાની આશા રખાતાં બાળકો હમેશને માટે નકામાં—ખરાબ ચરિત્રાવાળાં અને પોતાના વંશને—કૂળને, માબાપના નામને, અને સ્વદેશને કલંકિત કરનારાં થાય છે; ખરેખર સોબતનો દોષ એ એક મોટો દોષ ગણાયછે; બાળકના મન-

પર જેવી રીતે માબાપનાં સ્વભાવ ચરિત્રોની છાપ પડે છે તેવીજ રીતે તેના સોબતીનાં ચરિત્રોની પણ તેટલીજ અસર થાય છે; માટે બાળકના સોબતી કેવા છે? તે જાણવાની સુજ્ઞ માતા પિતાએ ખાએસ ધરાવવી; અને ખરાબ સોબત હોય તો તુરતજ બાળકને તે સોબતમાંથી દૂર કરવાં—એટલે તેમને તેમની સાથે ફરવા હરવા દેવાં નહિ. ઘણુંજ યાદ રાખવાનુ છે કે બાળકનાં કુમળાં અને શુદ્ધ અંતઃકરણમાં કોઇ પણ પ્રકારની ખરાબ કેળવણીનું બીજ રોપાયું તો તેને જડમૂળથી ઉખેડી કાઢવું એ ઘણુંજ મુશ્કિલ થઇ પડે છે, માટે માબાપે-તેમાં વિશેષ કરીને માતાએ એ બાબતમાં પ્રથમથીજ સાવચેતી રાખવી.

બાળક બાળપણામાં પોતાની સ્વતંત્ર બુદ્ધિથી જે કૃત્ય કરતું હોય તે કૃત્ય—કામ જો દુષિત ન હોય તો તેને તે કામ કરતાં અટકાવવાં

નહિં, ઘણી સ્ત્રીઓ વગર કારણે છોકરાંના કામમાં ગુણ દોષનો વિચાર નહિ કરતાં તેને તેમ કરતાં અટકાવે છે એ ઘણુંજ ખોટું છે; અલબત જો તેઓ કાંઇ અન્યાય ભર્યો રસ્તો પકડતાં હોય કે દુષિત—દોષવાળા કાર્યમાં પ્રવૃત્ત થતાં હોય તો તેને જરૂર અટકાવવાં; અને સીધો રસ્તો કયો છે તે તેને દેખાડવો. સ્ત્રીએ તેમજ પુરૂષે પણ યાદ રાખવું કે બાળકની સ્વતંત્ર વૃત્તિને અટકાવવાથી તે બાળક મોટપણે જડ બુદ્ધિનું અને મૂર્ખ તથા બીજાના મુખ સામું જોઈ તેના કહ્યા પ્રમાણે કરનાર પરતંત્ર સ્વભાવનું થાય છે; માટે દરેક સ્ત્રીએ —માતાએ પોતાનાં બાળકોને સુભ કાર્યોમાં સ્વતંત્રપણે વર્તતાં હોય તો તેને અટકાવવાં નહિ.

બાળકને થોડા ઘણા પૈસા ખર્ચ કરવાની પણ છૂટ આપવી જોઈએ; માતાએ બાળકની મરજી મુજબ બેચાર પૈસા ખરચવાની છૂટ આપવી જોઈએ; ઘણી કંજુસ સ્ત્રીઓ—મા-

તાઓ બાળકને ખર્ચવાને એક પાઈ સરખી-પણ આપતીનથી એ ઘણું ખોટુંછે; એનું પ-રિણામ છેવટે મ્હા ઝેરી આવેછે. બાળકને તે-ની મરજી પ્રમાણે થોડો ખર્ચ કરવાની છુટ ન-હિ આપવાથી તેઓ દિલગીર થઈ અધિરાં બ-નેછે: આવી રીતે અધિરાં થવાથી તે બાળકો માબાપથી સ્વતત્ર થતાં એકઠું કરી સાંપેલું ધન જલદીથી ખર્ચી નાંખેછે અને નિર્ધનાવ-સ્થામાં આવી પડેછે. દુનિયા ઉપર બનતા બ-નાવો તરફ લક્ષ આપવાથી જણાય છે કે કં જુસ માબાપનાં છોકરાં ઘણે ભાગે ઉડાઉ થા-યછે; માટે સુજ્ઞ માતાએ તેને સારાં વસ્ત્રા લં-કાર પહેંરાવવાં તથા થોડા પૈસા તેમની રમત ગમતની ચિજો જેવીકે પુતળી, રમકડાં વગેરે લેવાને આપવા; અને તે પૈસા સ્વેચ્છાથી તેમ-ને હાથે વાપરવા દેવા. આમ કરવાથી તે બાળક જુવાનીમાં અતિશય ખર્ચાળું થતાં નથી, જે બા-

ળકોને હિત કર્ત્તા છે; માટે તે પ્રમાણે કરવા સુ-
જ્ઞ માતાઓએ ભૂલવું નહિ.

તેમને તેવા પ્રશ્ન પૂછતાં અટકાવવાં. ઘણી વખતે બાળકો માતા પાસે ગેરવ્યાજબી માગણીએ કરેછે અને ઘહેલી માતાઓ તે માગણીઓને કબુલ કરેછે આવી રીતે અયોગ્ય માગણી કબુલ કરી નાહક લાડ લાડાવવાથી કોઈ પ્રકારનો ફાયદો થતો નથી પરંતુ ઉલટું નુકસાન થાયછે, આવાં લાડ ન લડાવતાં સુજ્ઞ માતાઓએ બાળકને જરા તિવ્ર સાસન આપવું ઘટેતો આપવું જેથી તેઓ ભવિષ્ય ને માટે સારાં નિવડી શકે. માબાપ જો છોકરાંની ખરાબ હડને ઉત્તેજન આપેછે તો તેઓ પોતાનાં સંતાન ને આ લોકનાં સુખ શાન્તિથી વિમુખ કરતા થઈ પડેછે; ટુંકામાં જે માતાઓં બાળકનાં લાડ પૂરાં પાડેછે; અને તેની ખરાબ હડને તેઓ રોકી શકતાં નથી, તેઓ બાળકનાં

મોટાં હિત શત્રૂ ગણાયછે માટે સુજ્ઞ માતાઓએ પોતાનાં બાળકોને અયોગ્ય લાડ લડાવવાં નહિ.

ઉપરની સઘળી બાબતોનું બાળકને શિક્ષણ આપવાનુંછે તેની સાથે સર્વથા ઉત્તમ શિક્ષણ જે નીતિનું શિક્ષણ કહેવાયછે તે આપવાની સર્વથી વધારે જરૂરછે. બાળકોને ઉત્તમ શિક્ષણ આપીને તેઓને નીતિવાન બનાવવાં. નાનપણમાં બાળકની મનોવૃત્તિઓ ઘણી તિવ્ર હોયછે તેવે વખતે તેમની મનોવૃત્તિઓને જેમની દોરીએ તેમની દોરાયછે, તેમનાપર તે વખતે જેવી છાપ મારવા ધારીએ તેવી છાપ સજ્જડ પડી શકેછે; માટે માતાએ નાનપણથી બાળક પોતાના સહવાસમાં હોય ત્યારથીજ તેને નીતિને માર્ગે ચઢાવવું. બાળકની મનોવૃત્તિઓ ઉપર નીતિની છાંપ મારવાને માટે માતાએ સહન શિલતા, શાન્તતા, અને દયાળુ વૃત્તિઓ રાખવી જોઇએ; બાળકને નીતિ-

વાન કરવાની ઇચ્છા રાખનાર માતાએ પ્રથમતો પોતેજ નિતીવાન થવું જોઇએ; જો તેણીનામાંજ એ ઉત્તમ ગુણની ખામી હશે તો બાળકો તેનાથી બિલકુલ નીતિવાન બનાવી શકાશે નહિ. બાળકોને નીતિવાન કરવાને તેમને કડવાં વેણુ, શિક્ષા અને બિક બતાવવાં નહિ; બાળકના આગળ ક્રોધિત થઇ નીતિની છાપ બેસાડી શકાતી નથી એ ખૂબ ધ્યાનમાં રાખવું. જેમ બને તેમ પોતાના દ્દષ્ટાંત વડે સ્નેહથી તેમને નીતિવાન કરવાં. બાળકને નીતિનું શિક્ષણ આપવામાં તીરસ્કાર તથા શિક્ષાના કરતાં મીઠાં અને પ્રેમાળુ વાક્યો વધારે ઉપયોગી થઈ પડેછે. પ્રેમાળ પણ સાવચેત માતાનાં છોકરાં ક્રોધાંત માતાનાં છોકરાં કરતાં હજાર દરજે ઉત્તમ—સારાં થઈ શકેછે; માતાના માયાળુ સ્વભાવથી બાળકો હમેશાં આનંદમાં મહાલેછે અને તેમનું અંતઃકરણ શાન્તિ પકડેછે, ક્રોધાંત માતાનાં છોકરાંને માતાની બિક હોયછે તેથી તેઓ તેને પો-

તાની શત્રુ સમાન જાણેછે; તેની પાસે વધુ વખત રહેવાથી કંટાળેછે અને તેથી તે છોકરાં માયાળુ માતાનાં છોકરાં કરતાં વિરૂદ્ધ આચરણ ચલાવેછે. છોકરાંને હમેશાં સ્નેહ, દયા અને વાત્સલ્ય પ્રેમ નહિં બતાવવાથી તેમનો સ્વભાવ ડરકણ (બિકણ) થઇ જાયછે; કારણકે માતા હમણાં લડશે એમ ધારી બીકનાં માર્યાં તેઓ પોતાનાં કામ છૂપાવવા યત્ન કરેછે અને તે યત્ન પાર પાડવાને અનીતિને રસ્તે દોરાયછે છતાં માતા તે ઉપર લક્ષ આપી શકતી નથી; માટે નીતિવાન બાળક કરવાની ઇચ્છા રાખનાર માતાએ હમેશાં પોતાના બાળક ઉપર, દયા, સ્નેહ, અને વાત્સલ્ય પ્રેમ રાખવો જોઇએ.

આજ કાલ બાળકને માતાની જોઇતી કેળવણી નહિ મળવાથી આપણા આર્ય બાળકોની ઘણી અધમાવસ્થા આવી પડી છે. આપણા દેશને સુધારવાને જે જે સા-

ધર્મો કામે લગાડવાનાં છે તેમાં પ્રથમ સાધન દેશના બાળકોની સ્થિતિ, તેમની સુખાકારી, અને તેમની કેળવણી તરફ ખસુસ કરીને ધ્યાન આપવાની જરૂર છે "બાળક" એ શબ્દ દેખીતો જોકે નહાનો છે તોપણ એનું મહત્વ મોટું છે. આ દુનિયા રૂપી વાડીમાં શોભા, સુખ, અને શાન્તિ ફેલાવવાનું સાધન આ નાનકડા કાચા અને ખીલ્યા પછી વખતે ભૂષણ કે દુઃષણ આપવાને પણ લાયક થાય એવા ફૂલ ઉપર રહેલો છે આવી મહત્વની બાબત ઉપર આપણા આર્ય લોક કેટલુંથોડું ધ્યાન આપેછે? તેઓ બાળકોની સંભાળ કેવી રીતે રાખે છે તેમજ તેમની સાથે ઘરમાં અને બહાર કેવી સભ્યતા કેવી સાચવટ કેવા પ્રેમ અને કેવા પ્રમાણીક પણે વર્તે છે તે આપણે ખાસ જોવા જેવું છે અમારા ધારવા પ્રમાણે તો શિક્ષણમાં આપણા આર્યો ઘણા પશ્ચાત છે. જ્યાં સુધી આર્યો બાળકોને યોગ્ય શિક્ષણ

આપવાને યોગ્ય થશે નહિ, તેઓની બાળકોની સાથે બાળક થઇને દરેક ઘટીત પુછ પરછ કરશે નહિ? અને તેમની મનો વૃત્તિઓને જાણી તેમની ઇચ્છા પુર્ણ કરશે નહિ ત્યાં સુધી આપણાં આર્ય બાળકો ઉત્તમ સ્થિતિમાં આવશે નહિ અને જ્યારે બાળકો અધમ સ્થિતિમાં રહેશે ત્યારે આપણો આર્ય દેશ તે ઉત્તમ સ્થિતિમાં શી રીતે આવશે?

કોઈ પણ કાર્યકે રીવાજ સારો કિંવા ખરાબ છે તે તેનાં ફળો ઉપરથી જેમ સાબિત થાય છે તેમ કોઇ પણ પ્રજા સુધરેલ છે કે અજ્ઞાન છે? બળવાન છે કે બળહિન છે? તે પણ તેનાં કામોનાં પરિણામ ઉપરથી જણાઇ આવે છે. આપણા આર્યોને યૂરોપિઅનોની સાથે સહવાસ થયો નહિ હતો ત્યાં સુધી આપણે એમજ ધારતા હતા કે દુનિયામાં સુધરેલા તથા વિદ્વાન તો માત્ર આપણેજ છીએ; અને આ વિચારોને તે વખતે આર્ય સ્થાન (હિંદુસ્તાન)માં બીજી

પ્રજાઓ હતી તેમના રિવાજો અને ચાલ ચ-
લણ ઉપરથી પુષ્ટિ મળતી હતીકેમકે તે વ- ખતે
આર્યાવ્રત ઉપર મુગલોનુ રાજ્ય હતુ અને તે મુગ-
લોના દુરાચરણ, ચાલચલકત, અને અજ્ઞાનપણા-
ની સાથે આપણી સરખાવટ કરતાં આપણે પોતા-
નેતેમના કરતાં કંઈક દરજ્જે ડાહ્યા, સમજુ અને
સુશિલ માનતા હતા; અલબત તે વખતે તેમના
કરતાં આપણે ઉત્તમ હતા; કેમકે આપણે જાણીએ
છીએ કે જ્યાં ન્યાય છે ત્યાં સત્ય છે અને સ-
ત્ય છે ત્યાં સઘળું છે. મોગલાઇ રાજ્યમાં તે
વખતે ન્યાયજ નહોતો; અને જ્યારે ન્યાય ન
હોયતો બીજુ ક્યાંથીજ હોય? જેથી તે વખતે
આપણે તેમના કરતાં ઉત્તમ ગણાતા. પરંતુ
હવે આપણા ઉપર યૂરોપીઅનોનું સર્વોપરી
પણું થયું છે, તેઓની વિદ્યા કળાના ચમકારા
આપણા સઘળા આર્યાવ્રતમાં થઈ રહ્યા છે,
તેઓનુ બળ અને આગ્રહ આપણા જાણ-
વામાં આવ્યાં છે અને તેમની દિન પ્રતિદિન

ની નવી શોધોની ખાણો ખુલ્લી થવા લાગી છે; આ સઘળા તરફ ધ્યાન આપતાં અને તેમની સાથે આપણી સરખાવટ કરતાં આપણી મોટાઈના સ્વપ્નો હવે નાશ થયાં અને આપણામાં કેટલુ જ્ઞાન છે તથા આપણી ખરેખરી હાલત કેવી છે તે હવે સંપૂર્ણ રીતે જણાઈ આવ્યું. હવે આપણને ખુલ્લી રીતે જણાયું છે કે સંપૂર્ણ રીતે સુધરેલી પ્રજા થતાં હજુ આપણને ઘણાં વર્ષો જોઈએ; આપણી સંસારી સ્થિતિ ધર્માચાર અને રાજ્ય બળનો યૂરોપિઅનોની સાથે મુકાબલો કરી જોતાં હજુ આપણે ઘણાજ કનિષ્ઠ હાલતમાં છીએ એમ જણાય છે; અને તેમ થવાનું ખરૂ કારણ આપણા બાળકોની કેળવણી તરફ આપણે દુર્લક્ષ આપીએ છીએ તેજ છે. આપણે સંપૂર્ણ રીતે જાણીએછીએ કે યૂરોપિઅનો અસલથી કાંઈ આવા ઉત્તમ પંક્તિના નહોતા તેઓ ધીમે ધીમે આવા ઉંચ સ્થાને આવ્યા

છે અને તેવે સ્થાને આવવાને માટે તેમણે સઘળા દુરાચારો અને વહેમોની જાળો દુર ફેંકી દીધી છે; પણ આપણા આર્યોમાં હાલ તેમ થઈ શકે તેમ નથી, આપણે દેશાચાર ને માન આપવું પડે છે—આપણાથી તેનુ ઉલંઘન નજ થાય એવો આપણો જાતિ સ્વભાવ થઇ પડયો છે, કોઈ રિવાજ ગમે તેટલો અધમ હોય, કોઇ રૂઢી ગમે તેટલી હાની કારક હોય, તો પણ જો તે અસલથીજ ચાલી આવેલી હોય તો તેમાં લેશ માત્ર પણ ફેર ફાર કરવામાં આપણે ખુશી હોતા નથી આથી કરીને આપણા આર્યો સુધારાના પ્રયત્નમાં ગતિહિન થતા જાય છે.

આપણામાં એક કહેવત છેકે "જમાનાને માન આપવું અથવા સમય પરત્વે સાવધાન" આ કહેવત આપણા આર્યો બરોબર સમજતા હોય એમ જણાતું નથી કારણકે

સંસાર વહેવારમાં હાલના જમાના કરતાં અસલના રીવાજોને ચુસ્ત પણે વળગી રહેવાને ઘણા આર્યો રાજીહોયછે; આ આપણી એક મોટી ભૂલ છે, અને જ્યાં સૂધી એ ભુલ સુધરશે નહિ ત્યાં સૂધી આપણા પ્રયત્નો જોઈએ તેવા ફળદાતા નીવડશે નહિ.

આપણા આર્ય બાળકોના સબંધમાં જે-રીવાજ અસલથી ચાલ્યો આવ્યોછે તેમાં આપણે હજુ સુધી જોઈએ તેવો ફેરફાર કરી શકયા નથી. નાનપણમાં બાળકોને ઈશ્વર સબંધી કાંઈક જ્ઞાન આપવું એ વાત આપણાથી હજુ સુધી જોઈએ તેટલી અમલમાં લાવી શકાઈ નથી બાળકોના મન ઉપર ઈશ્વર વિષેના જ્ઞાનથી કેવી ઉત્તમઅસર પેદા થાયછે તે સુધરેલી પ્રજા સારી રીતે જાણેછે અને તેથી કરીને તેવી પ્રજા બાળકોને તેવો ઉપદેશ કરવાને ચૂકતી નથી. બાળકોને તેઓ રમત ગમતમાં સુબોધ આપે છે; તેઓમાં ગમેતો મા

બાપ હોય, મહેતાજી હોય, ભાઈ હોયકે પછી બહેન હોય પણ તે સર્વ આ બાબતને લગતુ—ઈશ્વર સંબધી શિક્ષણ આપવાને ચૂકતાં નથી. એવું શિક્ષણ આપતી વખત તેઓ બાળકોની સાથે ખરે ખરાં બાળક બની જાયછે અને તેમના મનની શંકાઓ દૂર કરવાને હમેશાં કોશિષો કરતાં જાયછે અને તેમ કરવાથી કિશોર વયનાં બાળકોનાં કોમળ અંતઃકરણ ઉપર ઈશ્વર સંબંધી બોધની એવીતો સરસ અસર થાયછે કે તેઓ નાસ્તિકોને ધિક્કારતાં શીખેછે એટલુંજ નહિ પરંતુ ઘણી વખતે તો તેઓ પોતાના બાળ મંડળમાં રમત ગમતને વખતે પોતાના દુરાચારી મિત્રને ગુન્હામાં સપડાવવાથી જુઠું બોલતાં સાંભળીને એવું બોલતા જોવામાં આવેછે કે "અરે ઇશ્વર આ કેવો ખરાબ છોકરોછે; પ્રભુ તુ અમને તો આવા અપરાધ કરતાં બચાવજે" આહા!! કેવું ઉત્તમ શિક્ષણ! જે બાળક હજુ-

તો જીદગીની સરૂઆત એટલે સવારમાં છે, તેણે જીંદગીના બપોર સાંજ ને રાતના તરેહવાર રંગ અને ઝપાટા જોયા નથી તે પેહેલાંજ તેના મુખમાંથી જગતપિતા તરફ આવી અર્જનાં વચનો જાય એ કંઈ જેવી તેવી વાત નથી ? એની ખરી કીમત આગળતો સિકંદરનો જય પણ જંખવાઇ જાયછે; અને નેપોલિયનની જીતો પણ સરમિંદગીમાં આવી પડેછે. પરંતુ દિલગીર છીએ કે આવો રૂડો દેખાવ હજુ સુધી આપણા બાળકોમાં જોઇએ તેવો દેખાઇ આવતો નથી. યૂરોપી પ્રજાઓમાં જ્યાં આજ કાલ ઇશ્વર ભક્તિનો બહોળો ફેલાવ થયોછે ત્યાંજ આ પ્રમાણે ઉત્તમ બાળકો જથાબંધ દેખાઇ આવે છે. હવે આપણે જરા આપણા બાળકો તરફ નજર કરીએ. આપણા મનને તેમને જોઇને ખરેખર ખેદ ઉપજ્ન થયા વગર રહેશે નહિ; તેઓનાં કુવચનો સાંભળીને આપણું હૃદય

કંપી ઉઠશે! ધૂળથી ભરેલાં અને મેલાં ધાંચીના જેવાં લૂગડાં પહેરીને પોળે પોળે રખડતાં છોકરાંને જોઇને ખરે! આપણું અંતઃકરણ શોકાધિન થયા વિના રહેશે નહિ! અરેરે!! તેમના મુખમાંથી "રાંડના''ગધેડીના,' 'સાળા" વગેરે ભૂંડા શબ્દો નીકળતા સાંભળીને આપણુને કેટલું ખેદકારક લાગે છે?! આ કેવા પ્રકારની કેળવણી! જેમ બાળકો ગાળો દેતાં શરમાતાં નથી તેવીજ રીતે તેઓ સામાની ગાળો ખાવામાં પણ લાજ માનતાં નથી.!! તેમનું હૈયું અયોગ્ય કેળવણીથી કઠોર થઇ ગયું હોય છે; જ્યાં પોતાના ઘરમાંજ માતાના મોઢામાંથી "મૂઆ' "પાધડી બળ્યા" અને બાપના મોંએથી "સાળા" હરામખોર,'' સસરા, વગેરે શબ્દો અને ગામડી હલકા શિક્ષકોના મૂખની ભૂંડા ઉચ્ચારોવાળી વાણી સાંભળે ત્યાં પછી બાળકો રમત ગમતમાં અથવા લડાલડીમાં

બિભત્સ શબ્દોચ્ચાર કરે તેમાં આપણે તે કોનો વાંક—દોષ કાઢવો. ? ! ! આવી ચાલનો અટકાવ ખસુસ કરીને શાળાઓ તરફથી તથા ઘર તરફથી થવો જોઈએ; પણ તે તરફ આપણાં આર્ય માબાપો ક્યાં લક્ષ આપે છે ? આપણી સંસારી હાલત તપાસતાં આપણને સહજ માલુમ પડે છે કે "બાળપણ તેજ મોટપણ છે" અને એ કહેવત ખરીજ છે. બાળપણમાં સારી કેળવણી મળી હોય અને ઇશ્વરનો અચ્છો બોધ થયો હોય તો બાળક આગળ જતાં સૃષ્ટિના વ્યહવારમાં ઘણાં કુલિન, સદાચારિ, અને સુખી નિવડે છે; બાળપણામાં રોપેલી નીતિનું બિજ કદિ નિરૂપયોગી થતુ નથી પરંતુ તેનું વૃક્ષ ઉગી મોટપણે તેનાં સ્વાદિષ્ટ ઉપયોગી ફળો પેદા થાય છે.

બાગમાં રોપેલા છોડોની યોગ્ય સંભાળસેવામાં આવે તો તે છોડો સારી રીતે ખીલી

નીકળીને બાગને સુશોભિત કરેછે; પરંતુ તેમ ન કરતાં જો પ્રથમથીજ તેની સંભાળ રાખવામાં ન આવી હોય તો તેનાં સઘળાં વૃક્ષો સૂકાઇ જઇ બાગ ખાખા વિખી હાલતમાં આવી પડે છે. બાળકને માટે પણ તેમજ છે; એટલે જો માબાપો પોતાનાં છોકરાં સાથે મીઠાં વચને વાત કરે, તેમને સારી કેળવણી આપે, વિનય શીખવે, પ્રભુપર પૂર્ણ ભક્તિ રાખતાં બનાવે તો નિઃશંક તેઓ મોટપણે ભાગ્યશાળી અને ધાર્મિક નિવડેજ, અને આપણા આર્યાવર્ત્તને ખસુસ દિપાવેજ.

બાળકોની વૃત્તિ સ્વાભાવિક રીતે પ્રેમ તરફ વળેલી હોય છે. આ વાત કેટલે દરજ્જે ખરીછે તેની માહિતી જે માબાપો પોતાનાં છોકરાં સાથે હેતથી વર્ત્તે છે તેઓનેજ હોય છે. બાળકો બચપણથીજ મીઠાં અને વિનયનાં વચનો સાંભળે તો આગળ ઉપર તેઓ એવા જ સ્વભાવનાં અને મિલનસાર નિવડે છે

કે કાંઈ ભણ્યા નહિં, તેમનાં વડિલોને તેમને ટુંકારો કે ઠપકો આપવાની પણ જરૂર રહેતી નથી; એટલે તેઓ હમેશાં આજ્ઞાકિત અને માયાળુ થાય છે. વળી જેવું કામ તેઓ મીઠાં વચનોથી અને સાબાશી આપવાથી કરે છે તેવું કામ ભય અને શિક્ષાથી કરતાં નથી; પ્રેમાળ વચનોથી તેમનું હૈયું સદા આનંદિત અને ઉછળતુ રહે છે.

બાળકોની સારી યા નરસી કેળવણીની ઉપરજ જનમંડળના ઉદય અને અસ્ત તથા સ્વદેશની ચડતી અને પડતીનો આધાર છે. અફસોસ છે કે આપણે—આર્યો અસલથી કેળવાએલા છતાં આપણી બાળકો બાબતની સમજણ હજુ ઘણીજ હદમાં રહી ગઈ છે અને તેથી કરીનેજ આપણે સ્વદેશોદયમાં જય મેળવવા જતાં થેકડીના ભોગ થઈ પડીશું એવી ધાસ્તી રહે છે; આપણે આપણી ચાલતી રૂઢીઓ સુધારવી અને બાળકો તરફ

પૂરતું ધ્યાન આપવું એમ કરવામાંજ આપણા સ્વદેશોદય રૂપી વૃક્ષનું બીજ ગુપ્તપણે સમાએલું છે. હાલના વખતમાં પણ કેટલાં એક કુટુંબો આપણને દ્રષ્ટિ ગોચર થાય છે કે જે કુટુંબોમાં બાળકોને વહાલથી બોલાવેછે, તેઓની સાથે સભ્યતા વાપરવામાં આવેછે અને તેઓના ખીલતા અંતઃકરણમાં સદ્દગુણ અને ઈશ્વર ભક્તિ સંબંધી વાતો ઠસાવવાને પ્રયત્ન કરવામાં આવેછે. આવા કુટુંબોમાં જો આપણે વખતે મુલાકાત માટે જઈ ચઢીએછીએ તો તેઓ આપણી સાથે કેવી મીઠાશથી વાતચિત્ત કરેછે! કેવી સભ્યતાથી આપણને પાન સોપારી કે પાણી આપે છે! ખરેખર! આવાં બાળકો એ તેમના માબાપોનું એક ઉત્તમ ભૂષણજ છે. અલબત આવાં કુટુંબ એ ભાગ્યશાળીજ ગણવાં જોઇએ.

પણ જે ભાગ્યહિન કુટુંબમાં વિવેક દેખાતો નથી તેની કેવી બૂરી હાલત હોય છે!

પારકા માણુસને માન આવકાર તો શું આપે પણ ધાંધલ અને ધીંગામસ્તીથી તે બિચારાને વધારે નડે છે. કોઈ કોઇ વખતે આપણને વાત-ચિત કરતાં અટકાવવાના; કોઈ વખતે આપણી પાઘડી, છતરી, કે જોડા સાથે રમવા મંડી જવાના, અને દાવ આવે તો તે સંતાડી નાખવાની તદબીરોમાં તઈયાર થઇ રહેવાના! આખરે જ્યારે તેના માબાપ તેનાથી અતિશય કંટાળે છે ત્યારે પછી તેઓને ઘરમાંથી ધૂત-કારી કહાડે છે; આવી વખતે પણ તે છોકરામાં કેળવણીની ખોટ પૂરે પૂરી માલમ પડવાની: પોતાની ગેરવર્તણુંકને માટે શરમિંદા થવાને બદલે તેઓ હસતાં, કૂદતાં, અને ઘણી એક ચેષ્ટા કરતાં બહાર જવાનાં! વાંચનાર! આવા કુટુંબમાં તમો જો એક કલાક બેસો તો તમને ખેદ લાગશે કે આનંદ ઉત્પન્ન થશે! તમો તે કુટુંબમાં ફરી કોઈ દિવસ પણ જવા આતુર થશો?

બાળકોના વિશેષ ગુણોમાં સ્મરણ શક્તિ એક

છે. જે તેઓએ એક વેળા સાંભળ્યું હોય કે દીઠું હોય તો તે ઉપર તેઓ ખૂબ મનન કરે છે, અને તે યાદ રાખવાનો યત્ન કરે છે. મેહેલ્લામાં, અને શેરીઓમાં ફરનાર ખાવાનાં વેચનારાઓની અમુક ઢબ અને લલકાર, ભીખારી માંગણોનું ગીત, વાજા વગાડનારનો સુર વિગેરે તેઓ કેવાં ચોકસ યાદ રાખે છે? કોઇ તેઓને કાંઈ ખાવાનું કે રમકડું આપે. માબાપ ઘરમાં બેદરકારીથી કાંઇ વાત કરે તો તે સહેલથી અને જલદીથી છોકરાં યાદ રાખી શકે છે. ઘણી વેળા માબાપોની એવી છુપી વાતો એક બીજા સાથે રમતાં કે વાતો કરતાં કે ભર મેળાવડામાં છોકરાં કહી દે છે; અને તેથી કરીને માબાપોને નિચું ડોકું ઘાલવું પડે છે! છોકરાની સ્મરણ શક્તિનો બીજો દાખલો આપણા આર્ય બ્રાહ્મણોમાં મળી આવે છે. અનુભવી પૂરૂષોને માલુમજ હશે કે પાંચ પાંચ, સાત સાત વર્ષના બ્રાહ્મણના છોકરા

સંહિતા જેવા સંસ્કૃત ગ્રંથનું અધ્યયન ઘણી આશ્ચર્યકારક રીતે કરી જાય છે. મારા દીઠામાં એવી સ્મરણ શક્તિવાળા બાળક વિદ્યાર્થીઓ આવેલા છે કે તે મંત્રની આવૃત્તિ કરતા હોય તો મોહોટા માણસો તો સ્તબ્ધ બની રહે! પણ આ રૂડી ટેવ કરૂણાનો શું ઉપયોગ? માંત્ર પોપટની માફક પાઠે કરવામાંજ એ શક્તિ કામે લગાડવામાં આવે છે! કહો ત્યારે બ્રાહ્મણ વર્ગ વિદ્વાન કેવી રીતે થાય! અને શાસ્ત્રોમાં ખરૂં ખોટું શું છે તે કેવે પ્રકારે સમજે? સમજુ બ્રાહ્મણોએ તો પોતાના છોકરાને કહેણી પ્રમાણે 'વેદીઆ ઢોર' ન બનાવતાં તેઓને ખરા વિદ્વાન બનાવવાનો પ્રયાસ કરવો એ તેઓના હિતનું કામ છે; તેમજ આર્ય વર્ગે અજ્ઞાનતા અને બેદરકારી છોડી દઇને પોતાના બાળકોને નાહાનપણથી ચકલા ચકલીની વાત જેવી, અને સાત પૂછડીઆ ઊંદરની વાત જેવી ક-

હ્વાણીઓ કહેવાંને બદલે સારાં શિક્ષા રૂપ દ્રષ્ટાંતો, વચનો, અને કવિતાઓ કહેવી, જેથી તેઓના મન કોમળ અને સદાચારી થાય, અને નીતિનાં કામોથી તેઓ પાછાં ન હઠે. તેઓનાં મોં આગળ નાલાયક ગીતો કે ઉઘાડો શૃંગાર કે બિભત્સ રસ કદિ પણ ગાવાં નહિ; માત્ર નીતિની વાતોજ તેને કાને નાખવી જોઈએ.

બાળકોમાં બીજી ખાસીએત એ છે કે તેઓ નવી બાબતો જાણવાને ઘણાંજ આતુર હોય છે. તેઓની જીજ્ઞાસા એટલી તો તત્પર રહે છે કે આ કેમ છે? કોણે કીધું? એ કેવું છે? ક્યાંથી આવ્યું? એવા એવા સવાલો આપણે બાળકોને મૂખે સાધારણ વસ્તુઓને વિશે પણ સાંભળીએછીએ. આર્ય માબાપો છોકરાંના આવા બકબકાટથી ઘણીક વેળા કંટાળી જાય છે, અને પૂરી સમજણ તેઓ પેલાં છોકરાંને આ-

પતાં નથી! આ રીત ખોટી છે. દરેક વસ્તુ–પછી તે નહાની બાબત હોય કે મોહોટી હોય તો પણ–પોતાનાં આતુર બાળકોને આર્ય માબાપોએ યથાશક્તિએ સમજાવવી જોઈએ. કદાપિ તે બાબતનું તેઓને જો જ્ઞાન ન હોય તો બચ્ચાંને દિલાસો દઈને કહેવું કે 'હાલ મને ખબર નથી હું બીજી વેળાએ તને સમજાવીશ મને તું યાદ દેવડાવજે'. માબાપ તેઓનું અજ્ઞાનપણું છુપાવવા જતાં તેઓ છોકરાને ઊંધું સમજાવે તે કરતાં આવી સમજુતી આપવાથી બાળકો વધારે ખુશી થાય છે, કારણ કે જે વાત સાચી છે તે તેઓ અઘરી હોય તોપણ જલદીથી ગ્રહણ કરે છે, અને જે જૂઠાણુંજ છે તે સહેલું હોય તોપણ છોકરાં તેને માન્ય નથી કરતાં પછી તે ગમે તેવી મરી મરચાં વાળી બાબત હોય તો શું થયું, તેઓ તો અવિશ્વાસથી માબાપના સામું. ફક્ત ટગર ટગર જોયાં કરે છે આ ઉપરથી માબાપોએ પોતાના છોકરાને જે

કંઈ સમજાવવું તે હમેશાં સાચુંજ સમજાવવાની ટેવ રાખવી. તેઓને એકવાર સમજ ન પડે તો બીજીવાર કહો, ત્રીજીવાર કહો; એવી રીતે તેઓના મનની ઇચ્છા પૂરી પાડો; પણ તેઓના ઊલાસથી પૂછેલા સવાલોથી કંટાળી ન જાઓ કે નારાજ થઇને તેઓને ધમકી ન આપો.

છોકરાંને વારંવાર શિક્ષા કરવાથી કે ધમકી આપ્યા કરવાથી આર્ય માબાપો કાળરૂપ થઇ પડેલાં ઘણાં કુટુંબોમાં માલુમ પડે છે. બાળક એટલે કે રસ્તાપર રમતું હોય અને તેવામાં 'આ તારા બાપા આવ્યા,' ઠીક છે. હવે તારી બા આવી તો' એવાં વચનો જો તે કદાચ સાંભળેતો વખતે એવો પણ દેખાવ જોવામાં આવે છે કે પેલું છોકરૂં હેતથી પોતાના બાપ અથવા મા તરફ દોડી જવાને બદલે રમત છોડી દઇને કોઇ ઠેકાણે ભરાઈ જવાની

કે નાશી જવાની કોશીશ કરે છે! કેટલાક પિતા એવા ત્રાસદાયક થઇ પડેછે કે તેનું નામ સાંભળતાંજ બિચારાં છોકરાંને શરીરે ઝોભ છૂટે છે, અને તેના હોંશકોસ ઉડી જાયછે! બિકથી ફીકું થઇ ગએલું મોં તે પોતાના હાથમાં સંતાડે છે, અને જો તે બચ્ચું એહોટું હોય તો તરત પલાયન કરી જાય છે! અરેરે! આ કેવો ચિતાર! પિતા પૂત્ર વચ્ચે કેવો સંબંધ! કેવું હેત! ખરે ઘણાં આર્ય માબાપોને શીરાને બદલે સાથવો ઘણો પસંદ લાગેછે! બિચારાં નહાનાં છોકરાંનાં શાં પાપ કે તેઓએ આવી માઠી સ્થિતીમાં રહેતું જોઇયે? શા સારૂ તેઓના ખીલતા મનને પૂષ્ટિ મળવી ન જોઇયે? ઉપર લખેલી સઘળી હકીકત ઉપરથી ટુંકામાં એટલુજ કહેવાનું છે કે આર્ય માતાઓએ પોતાનાં બાળકોની બાળપણની કેળવણીમાં ઘણીજ સાવચેતી રાખવી અને ભવિષ્યમાં તેઓ સદગુણી થઇ આર્યાવૃત્તને—હિ-

દને દિપાવી કાઢે તેવાં કરવાને તન, મન, અને ધનથી પ્રયત્ન કરવો.

બાળકોનાં લગ્ન:— આજ કાલ આ વિષય ઉપર પુષ્કળ ધ્યાન આપવાની જરૂરછે. પુરૂષોને તો એ બાબત ઠામ ઠામ ભાષણો થી તથા કમિટીઓથી પુષ્કળ બોધ થાયછે. એટલે તેમને માટે આ ઠેકાણે નહી લખતાં ફક્ત સ્ત્રીઓને માટેજ લખવામાં આવેછે. બાળકોનાં લગ્ન કરવામાં પુષ્કળ સાવચેતી રાખવાની જરૂરછે. નાનપણમાં છોકરાંના લગ્ન કરવાથી ઘણા ગેરફાયદા થાયછે. એ સંબંધી સંપૂર્ણ લખવા બેસીએ તો એક આખું ઇલાયદું પુસ્તક ભરાય તોપણ તેનો અંત આવે નહી; છતાં આ નાનકડા પુસ્તકના પ્રમાણમાં તે સંબંધી થોડું લખવાથી તે અતિ ઉપયોગ થઇ પડશે એમાં શક નથી.

આપણામાં—ગુજરાતીઓમાં બાળક બે ત્રણ વર્ષનું હોયછે ત્યારથીજ બલ્કે ઘણે

ઠેકાણેતો પેટમાંજ હોયછે ત્યારથી તેની સગાઈ કરવાની ગોઠવણ ચાલેછે. હાલમાં આ બાબતમાં કેટલેક દરજ્જે સુધરેલા—કેળવાએલા પુરૂષો તો કાંઈક સમજતા થાયછે; પરંતુ અભણ અને એકલવાએલ માતાઓના આગ્રહોતો જેવાને તેવાજ નજરે પડેછે; બાળક જન્મ્યું તે બે ત્રણ માસનું બલકે વધુમાં વધુ એક બે વરસનું થયું કે તુરતજ તેનો વિવાહ કરી દેવાનો આગ્રહ માતા તરફથી થવાનો જ્યાં સુધી પોતાના બાળકનો વિવાહ નહિ થાય ત્યાં સુધી પોતાના પતિને પેટ પાણી સરખું પણ પડવા દેવાની નહી; પછી ભલેને તેનો પ-

આ વિષય સંબંધી "બાળ લગ્નની કહાણી" અથવા. "ચંચળ અને ચતુર" એનામનું ૨૫ ફરમાનું ઉત્તમ નોવેલ અમારા તરફથી છપાયછે તે વાંચવાની દરેક સ્વદેશ હિતચિંતકને આગ્રહ પૂર્વક ભલામણછે.

ગ્રંથ કર્ત્તા.

તિ સુધરેલ • હોઇ બાળ લગ્નની વિરૂદ્ધમાં હોય, તોપણ તેનું ચાલવાનુંજ નહિ, તેને હઠીલી સ્ત્રીની હઠને વશ થઇ પોતાના કુમળા બાળકનું વાગ્દાન કરવાની ફરજ પડવાનીજ. અરેરે!!! કેટલું શોચનિય! બાળ લગ્નના ભૂંડા રિવાજને લીધે હજારો બલકે લાખો જોડાં કલહ કંકાસમાં પોતાનુ જીવતર જીવતા છતાં મૂવા તુલ્ય ગણી કાઢતાં નજરે પડેછે છતાં પણ અજ્ઞાન સ્ત્રીઓ — બાળકની માતાઓના કાન ઉઘડતા નથી, તેમની દૃષ્ટિએ બાળલગ્નના બળાપા જૂએછે તોપણ તેમનું શૂન્ય હૃદય ચંચળતા પકડતું નથી! સુધરેલ વર્ગ વારંવાર બાળલગ્નથી થતી હાનીઓ વર્ણવેછે, સમજાવેછે, પુસ્તકો દ્વારા બહાર પાડી વાંચવાની તક આપેછે, છતાં પણ હેવાન માતાઓ હાથેકરીને પોતાનાં બાળકને આ ભૂરા શત્રુને હાથે સોંપતાં, અરે!

આ અંધારા કૂવામાં બાળકોની આંખે પાટા બાંધી દીવો લઇ ઝોકાવતાં જરા પણ દયા રાખતાં નથી!! પોતે બાળકનાં બાળપણુમાં લગ્ન કરી લ્હાવો લેવાના હર્ષમાં મોટપણે બાળકોને લ્હાય લેવી—વેઠવી પડેછે તેનો જરાપણ વિચાર કરતાં નથી!! દેવતાને પકડવાથી દાઝીશું એમ જાણ્યા છતાં તેને પકડી પછીથી ઉઠેલા ફોલ્લાની વેદનાથી માથે મોઢે ઓઢીને રડતાં લજવાતાં નથી !! કેટલું દિલગીરી ભરેલુંછેકે એક પાઇની ભાજી લેવા જતાં તે તાજી, સારી, ઉત્તમ પ્રતિની છેકે નહીં; તેની તપાસ કરવામાં આર્યો પૂર્ણ ચોકશી કરેછે, પરંતુ પોતાના કુમળાં બાળકોની જોડ પસંદ કરવામાં જરાએ કાળજી રાખતાં નથી! ઉંધી બુદ્ધિના આર્યોમાં આ બુરા રિવાજે ઘરઘાલવાથી હાલની પ્રજા, નિર્વિર્ય, નિસ્તેજ, દરિદ્રિ, અને મૂર્ખઅની છે, અને છે

અને હજુ પણ સુધારો થશે નહી તો બનશે તે તેઓ જાતે જૂએછે, અનુભવેછે છતાં પણ આ અશાસ્ત્ર, અસત્ય, અને પ્રાણનાશક, ઘાતકી રિવાજનો અટકાવ કરતા નથી; આપણા દેશની પ્રજાનું નિર—તેજ ઘટવાનું કારણ બાળલગ્નજછે. બાળલગ્ન કરી લ્હાવો લેવાની ખાતર આપણે આપણાં કુમળાં બાળકોને ચાહોમ કરી બળતા અગ્નિ કુંડમાં હોમીએ છીએ—અરે! આપણે જરા પણ વિચાર કરતા નથી કે બુદ્ધિ વિનાનાં બાળકોને લાકડે માંકડુ વળગાડી જોર જુલમે પ્રેમી જોડાં બનાવવાનો યત્ન કરીએ છીએ તેશું પારપડે! કદિ નહિ. માબાપ એ બાળકોનાં હિતસ્વી ગણાયછે; જ્યારે તેમછે ત્યારેશું આપણે બાળકોને બાળપણમાં પરણાવી કસાઈ જેવું કર્મ કરતાં જરાપણ લજવાવું જોઇએ નહિ? માબાપે તો હમેશાં બાળકોને સુખ આપવું એ તેનો અગત્યની ફરજ ગણાયછે; ત્યારે આવી

રીતે બાળલગ્ન કરીને તે આપણે બાળકોને સુખ આપીએ છીએ કે દુઃખ ? આપણી ફરજ શું છે અને આપણે કેવું વર્ત્તન રાખીએ છીએ ? આપણે જ્યારે માબાપ થઇને બાળકોને દુઃખ આપવા તત્પર થઇએ છીએ તો તેનો જવાબ આપણે શું! ઈશ્વરને નહિ આપવો પડે ? લગ્નની વીધી જોવા—જાણુવાથી પણ આપણી ખાત્રી થાયછે કે તે પુખ્ત ઉમરના મનુષ્યો ને માટેજછે. શું અણુસમજું બાળકો તેની ખુબી જાણી શકે છે ? ના. બાળલગ્નથી બાળકોનાં શરીર તવાઈ જાયછે એમ આપણે નજરે જોઈએ છીએ ત્યારે તેનો અટકાવ કરવાની આપણી ફરજ આપણે શું નબજાવવી ? અલબત બજાવવીજ જાઈએ.

જ્યારે આપણામાં બાળલગ્નનો રિવાજ નહોતો ત્યારે આપણા વડીલો કેવા સુખી હતા ? તેમનાં શરીર કેવાં તંદુરસ્ત હતાં તેઓ શરીરે કેવા દેદિપ્યમાન ગણાતા અને તે વ-

ખતે આર્યાવર્ત્તીની કિર્ત્તિ પણ કેવી પ્રકાશં માર તી હતી? શું આજ તેમાંનું કાંઈ પણ આપણામાં રહ્યું છે? ના. તેમ થવાનું કારણશું? ફક્ત બાળલગ્નજ. આપણે જાણીએ છીએ કે પ્રકૃતિ મળે તોજ મન મળે, અને મન મળે તો સુખાકારીમાં રહેવાય; પરંતુ બાળપણામાં બાળકોને જોડવાથી તેમની પ્રકૃત્તિ અને મન તે કેવી રીતે મળે? ઉંદરને અને બિલાડીને તે પ્રીતિ કેવી રીતે થાય? જ્યાં બાળલગ્ને કરીને ઉંદર બિલાડી જેવાં જોડાં જોડાય ત્યાં પછી દરરોજ સાઠમારી—કુસ્તી — લડાઇ ટંટા કેમ ન થાય? બાળલગ્ન અટકાવીએ તો હમણાંજ આપણે સુખ સંપત્તિના ભોક્તા થઈ, એક ઉત્તમ પંક્તિમાં આવી જઈએ. જુઓ જે જે પ્રજામાં બાળલગ્નનો ભૂરો રિવાજ નથી તે પ્રજા કેવી સુખીછે? આપણા આર્યોમાં પણ જ્યારે અસલ બાળલગ્નનો ચાલ ન્હોતો ત્યારે આપણા પૂર્વજો કેવા માલ

વાળા—વિત્ત વાળા હતા, તે વખતના પુરૂષો ઉમદા અદેખાઇ વિનાના, દયાળું, વિદ્યોતેજક, નિખાલસ મનના, પ્રસંસનિય, વિચારશિલ, અગમ ચેતિ ધરાવનારા, બળવાન, સુશોભિત, શરીરવાળા, રોગરહિત, બુદ્ધિશાળી, દીર્ધાયુષી, સંતતિવાન, મોટાવિવેકી, લુચ્ચાઇ ઢોંગાઇથી રહિત, પરોપકારી, અને નીતિવાન હતા. આજે આપણામાં આગુણો તેમના જેટલા નથી તેનું કારણ બાળલગ્નજછે; આપણે આ બૂરા રિવાજે કરીને છેક અનાથ થઈ પડ્યા છીએ તોપણ હજુ તેને છોડતા નથી એ કેવી મૂર્ખતા! બાળલગ્ન કરવાથી બાળકોને નહાની ઉમરમાં સંસારમાં જોડવાની ફરજ પડેછે અને તેમ થવાથી તેમના બાંધા ના કૈવતવાન થઈ સંતતી નિર્બળ ઉત્પન્ન થાય છે; એટલુંજ નહિ પણ બાળપણે જોડાએલાં જોડાંમાં કજોડાંના કષ્ટ. ઠામ ઠામ નજરે પડેછે.

વળી બાળપણામાં રોગ થવાનો સંભવ વિ-
શેષ હોયછે તેથી તેવી નાની ઉમરમાં બાળ-
કનાં મર્ણ ઘણે ભાગે થવાનો સંભવ હોવાથી
જો વખતે છોકરાનું મર્ણ નિપજ્યું તો પછી
પુનર્વિવાહનો ચાલ નહિ હોવાથી બાળકી-
ની આખી જીંદગી કેવી દુઃખમય ગુજર-
વાની ? આમ થવાથી વ્યભિચારની વૃદ્ધિ થઇ
આર્ય પ્રજા અપકિર્ત્તિના મોટા બોજામાં આ-
વી પડવાની. બાળપણમાં લગ્ન થવાથી બા-
ળકોને જોઇએ તેટલી કેળવણી લેવાની તક
મળતી નથી અને તેથી કરીને હલકો ધંધો
રોજગાર પસંદ કરી તેમાં ગરીબાવસ્થાથી
પોતાની આજીવિકા નિભાવી જીંદગી પૂરી
કરવી પડેછે. માટે સુજ્ઞ માબાપોએ પોતાનાં
બાળકોનું શુભ ઇચ્છવું હોયતો બાળકોનાં બા-
ળપણામાં લગ્ન કરવાં નહિ. માતાઓએ તો
આ બાબત ખૂબ લક્ષ આપવું જોઇએ. આ
ઠેકાણે બાલલગ્ન અટકાવવા સંબંધી એક બે

બોધદાયક ગરબીઓ દાખલ કરીશું તો તે નકામી નહિ ગણાય.

"ગરબી. ૧ લી"

ચાલો તમે ચાલ ઘણી રૂડી. એ રાગ.

મૂકોરે તમે બાળ લગ્ન મમતા,
શરીર વિષે રાખો શમતા; મૂકોરે તમે. (ટેક.)
તમે સમજ્યા વિણ સંતાનો,
વરાવીને ના'નાં શું સુખ માનો; મૂકોરે. ૧
સ્વભાવ મળ્યા વિણ વિર બેનો,
ખારો તાલ કેમ કરી તેનો; મૂકોરે ૨
ઘણો ધમરોળ મચે ઘરમાં,
વધે વ્યભિચાર નારી નરમાં મૂકોરે. ૩
વારે વારે વેદ જૂઓ વારે,
કરો નહિ બાળ લગ્ન ક્યારે; મૂકોરે. ૪

પવિત્ર એ છે પુસ્તક રૂડું,
ભાખે નહિ આપણું કદિ ભૂંડું; મૂકો રે. ૫
બહુ દુઃખ તે તેથી બતલાવે,
મના કરી મિત્રો અટકાવે; મૂકો રે. ૬
ઉમેદથી વેદ તે જો જોશો,
ભાળી ભેદ ખેદ તે સહુ ખોશો; મૂકો રે. ૭
તમે તેની આજ્ઞા સહુ તોડો,
થશે તેથી શું ગુનો થોડો; મૂકો રે ૮
સહુ સ્મૃતિ આપણી એ રીતે,
વારે વારે પોકારે પ્રીત્યે; મૂકો રે. ૯
નીતિ શાસ્ત્ર ના કહેછે નીત્યે,
રોજે ચાલો શાસ્ત્ર તણી રીતે; મૂકો રે. ૧૦
અમલ આવી રીતે જો જોઇએ,
કર્યા નથિ બાળ લગન કોઇએ; મૂકો રે ૧૧
ઘટે બુદ્ધિ બાળ લગન લીધે,
કશો ફાયદો નથિ તે કીધે; મૂકો રે. ૧૨
અસલના મૂરખ સમ આજે,

પંડિત નહિ હાલ તણા રાજે; મૂકોરે. ૧૩
કારણ તેનૂ મૂળ કશું કહીએ,
એતો બાળ લગન અરો લહીએ; મૂકોરે ૧૪
શિખામણ જો શાખો સંધી,
કરો બસ! બાળ લગન બંધી; મૂકોરે. ૧૫

"ગરબી ૨. જી"

(રાગ) તમેરે નંદજી ગોકુળ સંચરોરે.

બાળ લગનથી બહુ દુઃખ થાય છેરે,
તોય ના ચેતો દેશી ચિત્તજો;
જગ મધ્યેથી આબરૂ જાય છે રે,
પણ કયમ તે પર લાવો પ્રીતજો. બાળ- ૧
જંગલિ માફક નિજ જક ઝાલિનેરે,
અડચાછો ચીલા× વચ્ચે આપજો;
અડચણ અડીતો શું નહિ ઉકતુંરે;?
જુગતે આપો દેશિ જવાબજો. બાળ- ૨

બૂરા ચાલ રૂપી બીજા બહુરે,
દેશ વિષે પેઠાના રોગજો;
બાળ લગન બડિ ચીંદી કાળજે રે,
નહિ રૂઝેતો મળશે ભોગજો. બાળ- ૩
ઘાંચી બેલની માફક ઘેંનમાં રે,
તાણ્યો×તરિલું પણ નથિ ભાનજો;
પાટા છોડો પણ અગનાનનારે,
જુવો તમારૂં જે થયું જાન[1]જો. બાળ- ૪
સુખ સ્વપ્ને નહિતો નહિ સાંપડેરે,
કેવળ બનશે નિત્ય કંકાસજો;
લજ્જા ઘટશે તે થકી લોકમાંરે,
હશિ નર નારી કરશે હાસ્યજો. બાળ- ૫
બાળ લગનથી બાળક જાળમાંરે,
જ્યારે નાનપણે ઝપટાય જો;
પૂરણ ભણતર સર્વ ભણ્યા વિનારે,
પૈસો પેદા ક્યાંથી થાયજો. બાળ- ૬
દેખો ચાલ ન એ જે દેશમાંરે,

× ગાડાનો ચીલો—ધરેડ. બળદ. [1]નુકશાન.

કેવો લોક વિષે કસ વિરજો;
પૂરવિયા[૨] પેખોને પ્રીતથીરે,
સુંદર કેવાં સાફ શરીરજો. બાળ- ૭
માટે નરનારી માનો તમેરે,
ચડપ કરો બંધજ એ ચાલજો;
વધશે સુખ, શોભા ને આબરૂરે,
બહુ બહુ આશિષ દેશે બાળજો. બાળ- ૮

પતિના પત્નિ પ્રત્યે ધર્મ.

જેને પત્નિ—સ્ત્રી પ્રાપ્ત થઇ છે તે પુરૂષે તેણીની સાથે પોતાની વર્ત્તણુંક કેવી રીતે રાખવી તે વિષે અત્રે લખવામાં આવશે. પુરૂષો સ્ત્રીઓ કરતાં વિશેષ સુધરેલા છે, તેઓ તેમના—સ્ત્રીઓના કરતાં વિશેષ આગળ પડ-

૨ પૂર્વ દેશના રહેનાર—ઉત્તર હિંદુસ્થાનીઓ ભઇયા.

તા છે; તેમને—પુરૂષોને સ્ત્રીઓના કરતાં વિશેષ અનુકુળતાઓ છે; જ્ઞાન સંપાદન કરવાનાં સભા, જૂદી જૂદી ભાષાનાં પુસ્તકો વગેરે પુષ્કળ સાધનોછે માટે આ સ્થળે તેમની—પુરૂષોની ફરજો સંબંધી સંપૂર્ણ લખવાને પુસ્તકનું કદ ન્હાનું હોવાથી અવઘડ હોવાના સબબથી ફક્ત ઉપયોગી નોંધ ટાંચણુ—ટુંકામાં આપી આ પુસ્તક સંપૂર્ણ કરીશું.

જેને સ્ત્રી પ્રાપ્ત થઈ છે તેવો પુરૂષ **ગૃહસ્થ** ગણાય છે; હવે ગૃહસ્થે કેવી રીતે ચાલવું જોઈએ; તેણે પોતાની સ્ત્રીની રક્ષા કરવી, બાળકોને વિદ્યાભ્યાસ કરાવવો, સજ્જન તથા બંધુ વર્ગની રક્ષા કરવી; એજ ગૃહસ્થના સનાતન ધર્મ છે.

ગૃહસ્થે પોતાની સ્ત્રીનું સર્વ પ્રકારેથી લાલન પાલન કરવું; કેમકે પુરૂષના સંસાર સુખનો સર્વત્ર આધાર ફક્ત સ્ત્રીજ છે. પુરૂષને

પોતાની આજીવિકાનો નિર્વાહ ચલાવવાને માટે જે દ્રવ્ય ઉપાર્જન કરવાને વિવિધ ધંધા રોજગારોમાં રોકાવું પડેછે તે તે ધંધા રોજગારમાં મંડ્યા રહેવાથી લાગેલો થાક—શ્રમ ઘરમાં આવતાંજ સ્ત્રીની આસના વાસનાથી ટળી જાયછે; જેના ઘરમાં સ્ત્રી છે તેને ઘર સંબંધી કોઈ પણ કાર્યની ચિંત્તા રહેતી નથી; તેણી પુરૂષના સુખ દુઃખમાં ભાગ લેનારી છે, અને તેથીજ તેણીને અર્ધાંગના એ વિશેષણ મળેલું છે.

જ્યાં સુધી પુરૂપ સ્ત્રી પરણ્યો નથી—તે સ્ત્રી વગરનો છે ત્યાં સુધી તે અર્ધા શરીરવાળો ગણાય છે; કારણ કે પુરૂપ એકલાથી પ્રજોત્પત્તિ થઈ શકતી નથી; પણ જ્યારે તે સ્ત્રીને પરણીને પૂર્ણ—પૂરા શરીરવાળો થાય છે ત્યારેજ તે પ્રજા ઉત્પન્ન કરવાને શક્તિવાન થાય છે; આ ઉપરથી સહજ જણાય છે કે સ્ત્રી-

એ પુરૂષના શરીરનો અર્ધો ભાગજ છે; જ્યારે તેમ છે ત્યારે સર્વ રીતે સ્ત્રીનું પાલન કરવું એ પુરૂષે પોતાના અર્ધા અંગનું પાલન કર્યા બરોબર છે; સ્ત્રી એ ઘરની શોભા છે તેણીના વગર—સ્ત્રીના વગર ઘર શૂન્ય, અને સ્મશાન જેવું ભાસે છે. કેમકે શાસ્ત્રમાં પણ કહ્યું છે કે: "**ઘરને ઘર નથી કહેતા પરંતુ સ્ત્રીજ ઘર કહેવાય છે; કેમકે સ્ત્રી વિનાનું ઘર એક અરણ્ય જેવું છે.**" જંગલમાં ઝાડ નીચે પણ જે સ્ત્રી સહિત રહેછે તે પુરૂષને પોતાના ઘર જેવું સુખ મળેછે—લાગેછે; પરંતુ સ્ત્રીવિનાનું રમ્ય નગરનું રાજ્યભવન તે પણ સ્મશાન તૂલ્યજ છે, એમ નિશ્ચય સમજવું.

સ્ત્રી, પુરૂષને ધર્મ, અર્થ, અને કામ સમયે સહાય કરનારી છે, પરદેશમાં વિશ્વાસ કરવા લાયક મિત્ર પણ સ્ત્રીજ છે; તેમજ રોગથી પીડાએલા અને કષ્ટ પામેલા દુઃખી પુરૂષોને સ્ત્રી એજ ઉત્તમ ઔષધ છે; મતલબ કે

પુરૂષને સુગ્ન સ્ત્રી સમાન કોઇ પણ સગું, ગતિ, તથા ધર્મ કર્મમાં સહાય કરનાર નથી. આ સંસારમાં સ્ત્રી પુરૂષનું અરધું અંગ તથા ઉત્તમમાં ઉત્તમ સખા છે, કેમકે સહાયતા વિનાના પુરૂષને લોક વ્યહવારમાં સહાય—મદદ કરનારી છે. જે પુરૂષ સ્ત્રી રહિત હોય છે તેનો કોઇ વિશ્વાસ કરતા નથી માટે દરેક પુરૂષે સ્ત્રી સહિત રહેવું.

सारसा सालंकारा सुपद न्यासा सुवर्णमय मूर्तिः।
आर्या तथा भार्या न लभ्य ते भाग्यहिनेन्. ॥ १

ભાવાર્થ— "સુરસવાળી, અલંકાર સહિત, સુંદર પદન્યાસવાળી તથા જેની સુવર્ણમય મૂર્ત્તિ છે એવી આર્યા તેમજ ભાર્યા, ભાગ્યહિનને મળતી નથી." તેમજ વળી અનુકુળ, નિર્મળ અંગવાળી, કુલિન, કુશળ તથા સારા સ્વભાવવાળી સ્ત્રી પુરૂષના ભાગ્યનો ઉદય થયેજ મળે છે. સદાચરણવાળી, પવિત્ર, ત-

થા ઘરમાં દિવારૂપ, એવી સત્કાર કરવા લાયક સ્ત્રી એ ઘરની શોભા છે; માટે સ્મૃદ્ધિની ઈચ્છા રાખનાર પુરૂષે ઉપર દર્શાવ્યા પ્રમાણે સુગ્ન સ્ત્રી પસંદ કરી તેની સાથે જોડાવું તથા તેની સાથે જોડાયા પછી તેવી સ્ત્રીને વસ્ત્રાલંકારો તથા ખાનપાનાદિકથી સત્કાર કરવો. અલ્પ શક્તિવાળા પુરૂષોએ પણ પોતાની સ્ત્રીઓનું રક્ષણ કરવું; કેમકે સ્ત્રીએ હમેશાં પુરૂષના રક્ષણમાં રહેવાનેજ સૃજાએલી છે.

ઉપર પ્રમાણે સ્ત્રીઓનું રક્ષણ કરીને પછી તેમને ગૃહકાર્યમાં જોડવાથી શરીર આરોગ્ય રહી મન સ્વસ્થ રહેછે; મન સ્વસ્થ રહેવાથી તે ખોટે માર્ગે ચઢતાં અટકેછે માટે સ્ત્રીને ઘર ખર્ચનું ધન સાચવવામાં, તેનો યોગ્ય ખર્ચ કરવામાં, ઘર પવિત્ર રાખવામાં, પતિ સંબંધી કાર્ય કરવામાં, રસોઈ તૈયાર કરવામાં

તથા ઘરમાંની સર્વ વસ્તુઓની યોગ્ય સંભાળ રાખવામાં જોડવી; ઉપર બતાવેલ કામોમાંથી પરવાર્યા પછી તેણીને નિર્દોષ રમત ગમતમાં રોકવી; તેને ખુલ્લી હવામાં અને ખુલ્લી જગામાં ફરવા હરવાની છૂટ આપવી; પણ યાદ રાખવું કે ખુલ્લી જગામાં સ્ત્રીઓને "તદ્દન સ્વતંત્ર—એકલી જવા દેવી નહિ કેમકે તેમ કરવાથી નીચપુરૂષોના ફાંદામાં ફસાવાથી પોતાની તથા પોતાના ઉભય કૂળની પ્રતિષ્ઠાને ઝાંખ લાગેછે; માટે તેને તદન સ્વતંત્રતા આપવી નહિ. આપણા શાસ્ત્રમાં પણ કહેલું છે કઃ—

पिता रक्षाति कौमारे भर्त्ता रक्षाति यौवने. ।
रक्षंति स्थविरे पुत्रा, न स्त्री स्वातंत्र्य महर्त्ति ।१।

ભાવાર્થ—સ્ત્રીનું બાળપણામાં પિતા, યુવાવસ્થામાં પતિ, ને વૃદ્ધાવસ્થામાં પુત્રો રક્ષણ કરેછે કેમકે તે (તદન) સ્વતંત્રતાને યોગ્ય નથી.

જો કે સ્વતંત્રતા એ સર્વને પ્રિય છે, પણ તે નિયમમાં હોવી જોઇએ. રાજાથી રંક અને બાળકથી વૃદ્ધ પર્યંત સર્વને સ્વતંત્રપણે રહેવું ગમેછે પરંતુ જે જે વિષયમાં અજ્ઞાનતા હોયછે તે તે વિષયમાં સ્વતંત્રતા હાનિ કરેછે. ~~માણસ~~ સર્વજ્ઞ નહિ હોવાથી સ્વતંત્રપણે વર્ત્તવામાં મોટી ભૂલ કરી મહા હાની રૂપ ખાડામાં આવી પડેછે. માટે સર્વે નિયમમાં રહીનેજ છૂટ—સ્વતંત્રતા ભોગવવી. પુરૂષે સ્ત્રીઓને પણ નિયમમાં રાખી સ્વતંત્રતા આપવી. સ્ત્રીઓને બહારગામ—દેશાવરમાં એકલાં ફરવાની છૂટ આપવી નહિ કેમકે:—

भ्रमन्सं पूज्य ते राजा भ्रमन्सं पूज्य ते धनी ।
भ्रमन्सं पूज्य तेविद्वान् स्त्री भ्रमंती विनश्यति ॥१॥

એટલે—બહાર ફરવાથી રાજા, ધનવાન તથા વિદ્વાન પૂજાય છે પણ સ્ત્રીતો ભ્રષ્ટજ થાય છે. સ્વતંત્રતા, પિતાને ઘેર નિવાસ, મ-

નુષ્ય મેલાવડામાં એકલા જવું આવવું, પરપુરૂષ સાથે છાની વાતો કરવી, મર્યાદા મૂકીને વર્તવું, ઘણું કરીને પતિનો પરદેશમાં વાસ, વારંવાર ખરાબ સ્ત્રીની સોબત, પોતાના ભરણ પોષણની અવઘડતા, પતિની વૃદ્ધાવસ્થા તથા ઇચ્છા પ્રમાણે પ્રવાસ એ સ્ત્રીઓને ભ્રષ્ટ કરનારાં છે માટે સુજ્ઞ પુરૂષોએ ઉપર લખેલાં સ્ત્રીને ભ્રષ્ટ થવાનાં કારણોથી દૂર રાખવી.

સુજ્ઞ પુરૂષે પોતાની સ્ત્રીને યોગ્ય કેળવણી આપી સુધારવી,તેણીના ઉપર જૂલમ ગુજારવો નહિ તથા તેને પોતાની એક ખરી સલાહ કારક ગણવી.

આ નાનકડા પુસ્તકમાં પુરૂષોને સ્ત્રી પ્રત્યે બજાવવાની ફરજોનું સંપૂર્ણ વિવેચન સ્થળ સંકોચને લીધે થઈ શકાયું નથી માટે વધારે જાણવાની ઇચ્છા રાખનાર પુરૂષોએ આપણાં ધર્મશાસ્ત્રોમાંથી ઉત્તમ બોધ વાંચી લેવા. હવે પુરૂષે સ્ત્રીઓની સાથે વર્તવામાં હમેશાં

ધ્યાનમાં રાખવા જોગ નિયમો કયા છે? તે આ નીચે. આપીએછીએ, જે દરેક પુરૂષે મુખપાઠ રાખી તેનુ મનન કરી તે પ્રમાણે વર્ત્તવું.

પુરૂષે સ્ત્રી પ્રત્યે ધ્યાનમાં રાખવા યોગ્ય નીયમો.

૧ પુરૂષે પોતાની સ્ત્રીને પોતાના સુખ દુઃખની ખરે ખરી ભાગીદાર ગણવી. પોતાના દુઃખના વખતમાં દુઃખનો બોજો ખમવાને તેનું નસિબ પોતાની સાથે બંધાયુ છે; માટે તેને પોતાથી જેટલું સુખ અપાય તેટલું સુખ આપવાને પોતે બંધાએલ છે; માટે તે પ્રમાણે કરવાને ચૂકવું નહિં.

૨ પુરૂષે પોતાની સ્ત્રીને અતિ પ્યા-

રથી—હેતથી ચહાવી; પરંતુ પોતાનો પ્યાર હદ ઉપરાંતનો છે એમ તેણીને બતાવવું નહિ; કેમકે તેમ કરવાથી તે છકી જઈ પુરૂષના ઉપર સરદારી ભોગ-વવા માગે છે.

૩. પુરૂષે પોતાની સ્ત્રીને ગુલામ કે ચાકરડી માફક ગણવી નહિ; પરંતુ તે-ણીને પોતાનો ખરો અને હમેશનો સો-બતી ગણીને તેને પોતાના ખરા અને નિમકહલાલ મિત્રના જેવું માન આપવું.

૪. પુરૂષે પોતાની સ્ત્રી સાથે કદિ તોછડાઈથી કે ધિક્કારથી બોલવું નહિ, પરંતુ તેને હમેશાં વિવેક અને લાયકી-થી બોલાવવી કે જેથી ઘરનાં બીજાં માણસો તથા બાળકો પણ વિવેકથી અને લાયકીથી વર્તતાં શીખે.

૫. લગ્નના કોલ કરાર એટલે શું?

તથા તે કરાર પ્રમાણે સ્ત્રી પુરૂષો પર-સ્પરે કેવી રીતે વર્ત્તવાને બંધાએલાં છે તે વિષે પુરૂષે પોતાની સ્ત્રીને વાકેફ ક-રતાં રહેવી.

૬. જ્યારે ફુરસદ મળે ત્યારે—નવરાશના વખતમાં પુરૂષે પોતાની સ્ત્રી સાથે બેસીને અરસ પરસના પ્યારમાં વધારો થાય, તેણીનું જ્ઞાન અને વિચાર વધે, સમજ શક્તિ સુધરે, અને તેણીના વહેમો તથા દુષ્ટ વિચારોનો નાશ થાય, તેવી રીતે તેની સાથે જ્ઞાન વર્દ્ધક વાર્ત્તાઓ કરતા રહેવું.

૭. પુરૂષે પોતાની સ્ત્રીને નીતિ અને સદ્ગુણથી વર્ત્તતાં શીખવવું. નઠારા સમ ખાવાની, અને બાળકોને તથા ચાકરોને અવિવેકથી બોલાવવાની ટેવ હોય તે છોડાવવી; તથા જેમ બને તેમ વિવેકથી

વર્તવાનો બોધ કરવો.

૮. પુરૂષે પોતાની સ્ત્રીને આ મનુષ્યની ટુંક હયાતી વીષે જાણીતી કરવી–તેણીના મનમાં ટુંક હયાતી ભોગવી આખરે મરવું છે એ વિચાર ઠસાવવો; અને જયારે જયારે જોગવાઈ મળે ત્યારે ત્યારે તેને બોધ કરવો કે મનુષ્ય માત્રને પોતાનાં ખરાં ખોટાં કૃત્યો માટે ઈશ્વરનેં જવાબ દેવો પડે છે.

૯. સ્ત્રીને આખો દહાડો ઘરમાં ગાંધી નહિ રાખતાં તેણીને ખુલ્લી હવામાં અને ખુલ્લી જગામાં ફરવા હરવાની છૂટ આપવી; તેમજ મોટી જાહેર જગ્યાઓ, મોટી ઈમારતો, સંચાઓ, વગેરે નવાઇ જેવી વસ્તુઓ બતાવી તેમની વિચાર શક્તી વધે તેવો પ્રયત્ન કરવો.

૧૦. કદિ પોતાની સ્ત્રી હઠીલી હોય કિંવા નઠારા સ્વભાવની હોય તો તેણીની સાથે વખારે સખ્ત ઉપાય યોજવા નહિ; પરંતુ પોતે તેના તેવા ગુણોની વિશેષ દરકાર રાખતા નથી એવું બતાવવું; જેથી તે સ્ત્રી બળાપો કરી પોતાની મેળેજ તેવી ટેવ છોડી દેશે.

૧૧. પોતાની સ્ત્રીને ઘરમાં એક પ્રધાન માફક ગણવી કે જેથી ચાકર નોકરોમાં પણ તેનું માન જળવાય—તેનું વજન ચાકર નોકરમાં ઘટે નહિ. અને તેઓ કદિ પોતાની ગેર હાજરીમાં પણ તેણીના સામું બોલતાં શીખે નહિ.

૧૨. પોતાની સ્ત્રીને હમેશાં યોગ્ય કેળવણી આપી તેણીને નવરાશના વખતમાં ઉપયોગી, સદ્બોધક, અને નીતિવાન ઐતિહાસિક ઉત્તમ ગ્રંથો, તથા

સાક્ષરોના હાથે લખતાં ઉપયુક્ત ચોપાનિયાં અને ન્યુસ્પેપેરો વાંચવાનું વ્યસન પાડવું—ટેવ પાડવી; કે જેથી કરીને તેણીની મન શક્તિ તથા વિચાર શક્તિ દિન પ્રતિદિન વૃદ્ધિ પામતી જાય.

પોતાનુ ગૃહ સુત્ર સારી રીતે ચલાવનાર સ્ત્રી પુરૂષો આ નાનકડા પુસ્તકમાં દર્શાવ્યા પ્રમાણે વર્ત્તન રાખશે તો તે જરૂર સુખી થશે. આર્યોનાં સંસાર સુખ જે હાલ અધમાવસ્થામાં આવી પડયાં છે તેમાં આ પુસ્તક વાંચવાથી સુધારો થશે તો હું મારા યત્નમાં સફળ થયો ગણાઇશ. જગત્ નિયંતા ! આર્યોનાં ગૃહ કુટુંબો સુધારો.

તથાસ્તુ.

સમાપ્ત.

અગાઉથી ગ્રાહક થઇ આશ્રય આપનાર સદ્‌ગૃહસ્થોનાં મુબારક નામની યાદી.

નામ તથા ગામ.	નકલ.
અ.	
મે. અનોપચંદ જગજીવનદાસ, મોદી, બી. એ. એલ. એલ. બી. રાજકોટ	૩
મે. અમૃતરાય રણછોડદાસ બક્ષી. રાજકોટ.	૩
મે. શેઠ. અબદુલ લતફમીયાં હબીબ સફરી અમદાવાદ...	૩
રા. રા. અંમ્બાઇદાસ જીવાભાઇ અમીન. વસો	૩
રા. રા. અમરચંદ જગજીવન, પ્રેમચંદ ભરૂચ	૩
મે. મીયાંશ્રી. અભેસિંહજી દરબાર સાહેબ. પુનાદરા	૭-
મે. પાટવી કુ. સા. શ્રી. અજીતસિંહજી ધ્રાંગધરા	૫

મે. રાઓળશ્રી અખેરાજજી લાખણકા ... ૭
મે. કુ. સા. શ્રી. અખુભા આમરણ ... ૫
રા. રા. વકીલ. અભેચંદ કાળીદાસ ... ૫
મે. ઠાકોર સા. શ્રી અમરસિંહજી. ગાંફ .. ૫
મે. ગોહેલશ્રી અમરસિંહજી તાલુકદાર સાહેબ. ગઢાપી ૫

આ

રા. રા. ઠક્કર આણંદજી હંસરાજ. મુંબાઇ. ૫
રા. રા. આપાભાઈ મોતીભાઈ દેસાઇ. નડિયાદ ૫
મે. ખાચરશ્રી આલા ચેલા દરબાર સાહેબ જસદન ૭
મે. આમરણના દરબાર સાહેબ ૫

ઊ.

રા. રા. ઉત્તમરામ જેઠાભાઈ કામદાર જેતપુર. ૭
રા રા. ઉત્તમરામ નરભેરામ મહેતા ... ૫

એ.

મે. શેઠ એદલજી શાહપુરજી,. ઉમરીગર ભાવનગર ૫

.ક.

રા. રા. કલ્યાણરાય અમીચંદ ઝવેરી વડોદરા. ૩
રા. રા. કૃપાશંકર ભગવાનજી આનંદ ... ૩
રી. રા. ઠક્કર. કલ્યાંણજી વાલજી મુંબાઇ. ૫
રા. રા. શેઠ કહાનજી ભગવાનદાસ મુંબાઇ. ૫
રા. રા. કાળીદાસ વંદ્રાવનદાસ મુંબાઈ. ... ૫
રા. રા. કોટડા—સાંગાણી સ્ટેટના દરબાર સાહેબ રા. ઉ. મારફત ૭
મે. રાણા શ્રી કસળસિંહ ગુંદીઆળા......૫
મે. ઠા. સા. શ્રી કરણસિંહજી લખતર......૫
મે. રાણા શ્રી કાળુભા. કુંડલા... ......૫
મે. મીયાં શ્રી કાળુમીયાં રમાસ............૫
મે. ઠા. સા. શ્રી. કરણસિંહજી કટોસણ ...૫
મે. કુ. સા શ્રી કેસરીસિંહજી બાવાસિંહજી જામનગર... ... ... .૫

મી. કાવસજી જમસેદજી સંજાણા. ભાવનગર.૫
રા. શેઠ કુંવરજી આણંદજી ભાવનગર....૫

ખ.

મે. હી. હા. કચ્છાધિપતિ મહારાજા શ્રી ખેંગારજી સવાઇબહાદુર. ભૂજ.........૨૦૦
મે. ખા. બા. શેઠ. ખરસેદજી રૂસ્તમજી. મુંબાઇ.૫
મે. ખડીઆના દરબાર સાહેબ બહાદુર...૫
મે. ખીરસરાના દરબાર સાહેબ બહાદુર......૫
મે. મહારાણાશ્રી ખુશાલસિંહજી સનોર...૫
મે. શેઠ ખરસેદજી કાવસજી મરઝબાન ભાવનગર..... ... ...૫

ગ.

ગંગાભાગિરથી યસોદાબાઈ શ્રીપતરાવ ઠાકુર અમદાવાદ... ... ... ૫
રા. રા. ગુલાબરાય વજેશંકર છાયા. રાજકોટ.૫
રા. રા. ગીરધરલાલ નથુભાઇ અમદાવાદ...૫

રા. રા. ગુલાબભાઈ વસનજી નવસારી......૫
રા. રા. દેવાણી ગોદડભાઈ નથુભાઈ પ્રા. સે. ભાવનગર.... ... ... ૫
મે. કુ. શ્રી ગીગાવાળા બગસરા.... ...૫
મે. કું. શ્રી ગોવિંદસિંહજી ધ્રાંગધરા......૧૦
મે. ગોપાળદાસ વિહારીદાસ દેસાઇ ભાવનગર.૭

ઘ.

રા. રા. ઘહેલાભાઇ ભગવાનદાસ. જેતપુર વાળા સામંતના કામદાર ૫
રા. બા. ઘેહેલાભાઇ જગજીવનદાસ ભાવનગર.૫
મે. ઘહેલાભાઈ હરીદાસ. શેરીફ મુંબાઈ... ૫

ચ.

રા. શેઠ ચિમનલાલ મોતીલાલ. સામળ બહેચર. વડોદરા.... ... ...૫
મે. ઠા. સા. શ્રી ચંદ્રસિંહજી હિમતસિંહજી અહીમા.... .... ૫

રા. રા. વૈદ્ય. ચંદુલાલ જટાશંકર. મુંબાઇ...૩
॥ ચુનીલાલ નારણદાસ. અમદાવાદ... .૩
॥ પારેખ. ચુનીલાલ ત્રીભોવનદાસ. ગોધરા..૩
॥ ચંપકલાલ માણેકલાલ. ભાવનગર... .૫
॥ ચિંતામણ મહાદેવ ડૉકટર ભાવનગર...

છ.

॥ છોટાલાલ રૂદ્રજી. અમદાવાદ... ... ૩
મે. કુ. શ્રી છત્રસિંહજી. નાંદોદ... ... ૩

જ.

મે. ઠા. સા. શ્રી જસવંતસિંહજી જીતસિં-
હજી અહીમા... ... ...૩

ય.

મે. ને. ના. મહારાજાશ્રીયશવંતસિંહજીલીંબડી ૧૦૦

હ.

મે. મર્હુમ કુ. સા. જા. શ્રી હૈદરઅલીખાનના
વારસ પાલણપુર ૧૫૦